અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ જૂન ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧૧ | અંક : ૦૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

૨૦ વર્ષ બાદ સાથે આવ્યા ઠાકરે બ્રધર્સ | આજે હિન્દી ભાષી લોકો રોજગાર માટે મહારાષ્ટ્ર આવે છે : હિન્દી એક સારી ભાષા છે, પરંતુ તેઓ તેને આપણા પર લાદી શકતા નથી : રાજ ઠાકરે

# મુંબઈને ક્યારેય પણ મહારાષ્ટ્રથી અલગ નહીં થવા દઈએ : રાજ ઠાકરે

| (એજન્સી) મુંબઈ, તા.૫ |

મુંબઈના ઈતિહાસમાં આજે ઠાકરે ભાઈઓ એટલે કે રાજ અને ઉદ્ધવ ઠાકરે ૨૦ વર્ષ પછી એક મંચ પર આવ્યા હતા. જોકે બંને છેલ્લા ૨૦ વર્ષમાં ઘણી વખત મળ્યા છે, પરંતુ આજે પહેલીવાર વરલીમાં તેઓએ રાજકીય મંચ શેર કર્યો હતો.

મુંબઈના વર્લી ડોમ ખાતે રેલીને સંબોધિત કરતા રાજ ઠાકરેએ કહ્યું કે, જે કામ બાલા સાહેબ ઠાકરે ન કરી શક્યા તે આજે થશે. આ દરમિયાન રાજે ડોમની બહાર ઉભેલા લોકોની માફી માંગી હતી. આ પ છી, રેલીને સંબોધિત કરતા તેમણે કહ્યું કે, આજે હિન્દી ભાષી લોકો રોજગાર માટે મહારાષ્ટ્ર આવે છે. હિન્દી એક સારી ભાષા છે, પરંતુ તેઓ તેને આપણા પર લાદી શકતા નથી.

આપણને હિન્દી શીખવા માટે કેમ દબાણ કરવામાં આવે છે? ઠાકરેએ મંત્રી સાથેની વાતચીતનો કિસ્સો સંભળાવતા કહ્યું કે, એક મંત્રી મને મળવા આવ્યા હતા. મેં તેમને કહ્યું કે, હું સાંભળીશ પણ સંમત નહીં થાઉં. મેં તેમને પૂછ્યું કે યુપી, બિહાર અને રાજસ્થાનમાં ત્રીજી ભાષા કઈ છે? આ બધા હિન્દીભાષી રાજ્યો આપણા કરતા પછાત છે. આપણને હિન્દી શીખવા માટે કેમ દબાણ કરવામાં આવે છે. આ અન્યાય છે. તેમણે કહ્યું કે, મુંબઈ ક્યારેય મહારાષ્ટ્રથી અલગ નહીં થાય.



રાજ ઠાકરેએ આ દરમિયાન ભાજપ સરકાર પર નિશાન સાધ્યું અને કહ્યું કે, ભાષા પછી આ લોકો જાતિનું રાજકારણ કરશે. ઠાકરેએ કહ્યું કે, આપણે મહારાષ્ટ્ર માટે જે કરી શકીએ તે કરીશું. સીએમ ફડણવીસે આપણને એક કર્યા છે. અમને નબળા સમજવાની ભૂલ ન કરો. ઠાકરેએ કહ્યું કે, નાના બાળકો પર હિન્દીનું કેમ દબાણ કરવામાં આવી રહ્યું છે? તેમણે કહ્યું કે, આજની સભામાં ન તો કોઈ ધ્વજ છે કે, ન તો કોઈ મરાઠી એજન્ડા છે.

કાર્યક્રમને સંબોધિત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, ભાજપ અફવા ફેલાવવાની ફેક્ટરી છે. ૧૯૯૨-૯૩માં શિવસેનાએ હિન્દુઓને બચાવ્યા હતા. મુખ્યમંત્રી ફડણવીસનું નામ લેતા ઉદ્ધવે કહ્યું કે, ભાષાના નામે ગુંડાગીરી સહન કરવામાં આવશે નહીં. જો આ ગુંડાગીરી ન્યાય મેળવવા માટે છે, તો અમે ગુંડા છીએ. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, મુંબઈ અમારો અધિકાર છે અને અમે તેના માટે લડ્યા છીએ. ઉદ્ધવે પોતાના ભાષણની શરૂઆત એમ કહીને કરી કે, આજે બધાની નજર અમારા ભાષણ પર છે, પરંતુ તેનાથી પણ વધુ મહત્વનું એ છે કે આપણે બંને સાથે છીએ. આપણી વચ્ચે જે મતભેદ હતા, તે મરાઠીએ દૂર કર્યો છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, આપણે સાથે રહેવા માટે ભેગા થયા છીએ. અમે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરવાનું સમર્થન કર્યું હતું. હવે આપણે હિન્દી અને હિન્દુસ્તાનનો નારા લગાવી રહ્યા છીએ. હિન્દી અને હિન્દુસ્તાન હોવું જોઈએ, પ રંતુ હિન્દી શક્તિનો વિરોધ કરીશું. તેઓએ આપણો ઉપ યોગ કર્યો અને પછી આપણને છોડી દીધા છે. આ ભાજપની નીતિ છે. આ લોકો રાજકારણમાં ઉદ્યોગપ તિ બની ગયા છે. તેમની વિચારસરણી તોડીફોડીને શાસન કરવાની છે. ભાજપે લોકસભા ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે, બટોંગે તો કટોંગે.

ઉદ્ધવ ઠાકરેએ પીએમ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર મોટો હુમલો કર્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, આ બધું ટોચ પર બેઠેલા બે લોકોના કારણે થઈ રહ્યું છે. હવે આ લોકો મહારાષ્ટ્રમાં પણ ભાગલા પાડવાની રાજનીતિ કરી રહ્યા છે.

## મોદી સરકાર ટ્રમ્પ દ્વારા નક્કી કરાયેલી ડેડલાઈન સામે ઝૂકશે

| નવી દિલ્હી, તા.૫ |

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. આ વખતે તેમણે અમેરિકા સાથેની ટ્રેડ ડીલને લઈને કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને વાતચીત ચાલી રહી છે. આ દરમિયાન જ્યારે આ ડીલ અંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલનું નિવેદન સામે આવ્યું હતું, ત્યારે હવે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પિયૂષ ગોયલના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા એક્સ પર પોસ્ટ કરી હતી. રાહુલ ગાંધીએ પોતાની ઠ પોસ્ટમાં કહ્યું કે, મોદી સરકાર અમેરિકાના દબાણમાં આવીને ટ્રમ્પ દ્વારા નક્કી કરાયેલી ડેડલાઈન સામે ઝૂકશે. પિયૂષ ગોયલ ગમે તેટલી બડાઈ કરે, મારા શબ્દો લખી લો, પીએમ મોદી ટ્રમ્પની ટેરિફ ડેડલાઈન સામે ઝૂકી જશે. કોંગ્રેસ નેતાએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ટેરિફને લઈને તણાવ છે.

## અમરનાથ યાત્રાળુઓની ૪ બસોને શ્રીનગર હાઇવે પર નડ્યો અકસ્માત

| (એજન્સી) જમ્મુ, તા.૫ |

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં અમરનાથ યાત્રા દરમિયાન એક અકસ્માત થયો હતો. ડેપ્યુટી કમિશનર ડીઈઓ રામબને જણાવ્યું હતું કે પહેલગામ કાફલાના છેલ્લા વાહને ચંદ્રકોટ લંગર સ્થળ પર કાબુ ગુમાવ્યો હતો અને ત્યાં પાર્ક કરેલા વાહનો સાથે અથડાઈ હતી. આ ટક્કરમાં ચાર વાહનોને નુકસાન થયું હતું અને ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. જોકે, બધાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. માહિતી મુજબ, જિલ્લા વહીવટીતંત્ર પહેલાથી જ ઘટનાસ્થળે હાજર હતું અને ઘાયલોને તાત્કાલિક



જિલ્લા હોસ્પિટલ રામબન લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ, તમામ યાત્રાળુઓને અન્ય વાહનોમાં તેમના આગામી સ્ટોપ પર મોકલવામાં આવ્યા હતા. વહીવટીતંત્રે તાત્કાલિક પરિસ્થિતિને કાબુમાં લીધી અને રાહત અને બચાવ કાર્ય ઝડપથી હાથ ધર્યું. યાત્રાળુઓને સારવાર માટે જિલ્લા હોસ્પિટલ રામબન મોકલવામાં આવ્યા હતા જ્યાં બધાની સારવાર કરવામાં આવી હતી. સદનસીબે, કોઈને પણ ખૂબ ગંભીર ઈજા થઈ નથી. કોઈને રિફર કરવાની જરૂર નહોતી. પોલીસે પણ આ મામલાની તપાસ શરૂ કરી છે અને યાત્રા રૂટ પર સુરક્ષા કડક કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રે અમરનાથ યાત્રા ૨૦૨૫ની સુરક્ષા માટે મજબૂત વ્યવસ્થા કરી હતી. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સંયુક્ત મોક ડ્રીલ કરવામાં આવી હતી.

## ઇટાલીમાં બળાત્કારીઓને ફટકારાશે આકરી સજા

| (એજન્સી) ઇટાલી, તા.૫ |

ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીની ગઠબંધન સરકાર કાયદો અને વ્યવસ્થાના મામલે ઘણા નવા નિર્ણયો લઈ રહી છે. આ શ્રેણીમાં, ત્યાંની સંસદે બાળકોનું જાતીય શોષણ કરનારાઓના કેમિકલ કેસ્ટ્રેશનની સજા એટલે કે કેમિકલ દ્વારા ઈન્જેક્શન આપી નપુંસક બનાવવાને લીલી ઝંડી આપી છે. હવે એક સમિતિની રચના કરવામાં આવશે જે તેનો અમલ કરવા માટે કામ કરશે. વિપક્ષ તેનો વિરોધ કરી રહ્યો છે અને આ નિર્ણયને આત્યંતિક ગણાવી રહ્યો છે, પરંતુ મેલોની સરકાર તેના વલણ પર અડગ છે. વિશ્વભરમાં, બાળકો અને મહિલાઓના જાતીય શોષણને રોકવા માટે કડકતાની ચર્ચા થઈ રહી છે. ઈટાલી આમાં એક પ ગલું આગળ વધવા જઈ રહ્યું છે અને પીડોફાઈલ્સના રાસાયણિક નપુંસકતાને કાનૂની મંજૂરી આપ વા જઈ રહ્યું છે. અહીંની સંસદે એક સમિતિ બનાવવા માટે સંમતિ આપી છે જેમાં જાતીય શોષણ કરનારાઓને તેમની જાતીય ઈચ્છાને લગભગ ખતમ કરવા માટે એન્ડ્રોજન-અવરોધક રસાયણો આપવામાં આવશે. આ એક તબીબી પ્રક્રિયા છે જેમાં શરીરમાં હોર્મોન્સનું સ્તર નોંધપાત્ર રીતે ઘટી જાય છે. જાતીય અપરાધીઓની વાત કરીએ તો, ટેસ્ટોસ્ટેરોન જેવા પુરુષ હોર્મોન્સનું સ્તર એટલું ઓછું થઈ જાય છે કે ગુનેગારના મનમાં આવી ઈચ્છા ઉદ્ભવતી જ બંધ થઈ જાય છે અથવા તે ખૂબ ઓછી થઈ જાય છે. રાસાયણિક કાસ્ટ્રેશનની અસર પણ ચોક્કસ સમય પછી સમાપ્ત થઈ શકે છે અને જ્યારે હોર્મોનનું સ્તર ફરીથી સામાન્ય થઈ જાય છે, ત્યારે જાતીય અપરાધી ફરીથી ગુનો કરી શકે છે. તેથી, આ રીતે સજા પામેલા ગુનેગારોને ચોક્કસ સમય પછી ફરીથી દવા આપવી પડે છે. આ પ્રક્રિયા દવાઓ અથવા ઈન્જેક્શન આપીને પણ કરી શકાય છે. ઘણી વખત, જાતીય અપરાધીઓ ઉપ રાંત, ગંભીર જાતીય રોગોથી પીડાતા દર્દીઓને પણ એન્ડ્રોજન અવરોધક દવાઓ આપવામાં આવે છે.

## નેશનલ હાઈવે પર ટોલ સીધો ૫૦ ટકા સુધી ઘટાડી દેવાયો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૫ |

સરકારે મોટો નિર્ણય કર્યો છે. નેશનલ હાઈવે પર ટોલ સીધો ૫૦ ટકા સુધી ઘટાડી દીધો છે. સરકારે રાષ્ટ્રીય રાજમાર્ગના તે સેક્શન માટે ટોલના દરોમાં સીધો ૫૦ ટકાનો ઘટાડો કર્યો છે, જેમાં સુરંગો, પુલો, ફ્લાઈઓવર કે ઊંચા ભાગ જેવી સંરચનાઓ છે. આ પગલાથી મોટર ચાલકો માટે યાત્રાનો ખર્ચ ઘટી જશે. રાષ્ટ્રીય રાજમાર્ગો પર ચાર્જ પ્લાઝા પર યુઝર્સ ચાર્જ NH Fee Rules, ૨૦૦૮ અનુસાર એકત્ર કરવામાં આવે છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે નિયમોમાં ફેરફાર કર્યા છે અને ટોલ ચાર્જની ગણતરી માટે એક નવું ફોર્મ્યુલા જાહેર કર્યું છે. મંત્રાલયે નવા ટોલ ચાર્જને સમજાવવા માટે ઉદાહરણો આપ્યા છે.



એક ઉદાહરણ જણાવે છે કે જો રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગની કુલ લંબાઈ ૪૦ કિમી હોય, જેમાં ફક્ત માળખું શામેલ હોય, તો લઘુત્તમ લંબાઈ આ રીતે ગણવામાં આવશે : '૧૦ x ૪૦ (માળખાની લંબાઈના દસ ગણા) = ૪૦૦ કિમી અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પ ાંચ ગણા = ૫ x ૪૦ = ૨૦૦ કિમી'. અહીં માળખું એટલે સ્વતંત્ર પુલ, ટનલ અથવા ફ્લાયઓવર અથવા એલિવેટેડ હાઈવે. વપ રાશકર્તા ફીની ગણતરી ૪૦૦ કિમી નહીં પણ ઓછી લંબાઈ એટલે કે ૨૦૦ કિમી માટે કરવામાં આવશે. આ કિસ્સામાં, વપરાશકર્તા ફી રસ્તાની લંબાઈના અડધા (50%) પર જ વસૂલવામાં આવશે. વર્તમાન નિયમો મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર દરેક કિલોમીટર માટે વપ રાશકર્તાઓએ નિયમિત ટોલ કરતાં ૧૦ ગણી વધુ ચૂકવણી કરવી પડે છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હાલની ટોલ ગણતરી પદ્ધતિનો ઉપયોગ આવા માળખાગત સુવિધાઓ સાથે સંકળાયેલા ઊંચા બાંધકામ ખર્ચને વળતર આપવા માટે થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં, ફ્લાયઓવર, અંડરપાસ અને ટનલ જેવા વિભાગો માટે ટોલ દરમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હાલની ટોલ ગણતરી પદ્ધતિનો ઉપયોગ આવા માળખાગત સુવિધાઓ સાથે સંકળાયેલા ઊંચા બાંધકામ ખર્ચને વળતર આપવા માટે થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં, ફ્લાયઓવર, અંડરપાસ અને ટનલ જેવા વિભાગો માટે ટોલ દરમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

## પૂંછમાં ભારતીય સેનાએ આતંકી ઠેકાણાઓને કર્યા નષ્ટ

| (એજન્સી) જમ્મુ, તા.૫ |

પહેલગામ હુમલા બાદ ભારતીય સેના અને પોલીસે આતંકી સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. ત્યારે જમ્મુ અને કાશ્મીરના પૂંછના સુરનકોટ તહસીલના બહેરામ ગલ્લાના ડેર વિસ્તારમાં પોલીસ અને સેના દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન એક આતંકી ઠેકાણું ખતમ કરાયું છે. આ ઓપરેશનમાં સુરક્ષા દળોએ મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો. સુરક્ષા દળોએ જણાવ્યું હતું કે આતંકી ઠેકાણામાંથી ત્રણ હેન્ડ ગ્રેનેડ, ગોળીઓ, ચાર્જ લીડ, લોખંડનો સળિયો, વાયર કટર, છરી, પેન્સિલ સેલ, લાઈટર અને ઘણી બધી સામગ્રી મળી આવી છે. આ વિસ્તારની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી અને આતંકીઓની ગતિવિધિઓ પર નજર રાખ્યા પછી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા દળોની સતર્કતા અને સખત મહેનતને કારણે આ મહત્ત્વ પૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. પૂંછ જિલ્લામાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે સુરક્ષા દળો સતત પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. આ સફળતાથી આતંકીઓની યોજના નિષ્ફળ ગઈ છે એટલું જ નહીં સ્થાનિક લોકોમાં સુરક્ષા વિશ્વાસ પણ વધ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ આવા ઓપરેશન ચાલુ રહેશે જેથી વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ અને કાશ્મીર રાજ્ય વહીવટીતંત્રે આતંકવાદીઓ અને અલગતાવાદીઓના ઈકોસિસ્ટમને સંપૂર્ણપણે ખતમ કરવા માટે આ ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ હેઠળ, આતંકીઓ અને અલગતાવાદીઓની મિલકતો, ખાસ કરીને આતંકવાદી ભંડોળ દ્વારા મેળવેલી મિલકતો, જપ્ત કરવામાં આવી રહી છે. પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી, JKLF ના કુખ્યાત કમાન્ડરો ઉપરાંત, મોટી સંખ્યામાં માર્યા ગયેલા અને સક્રિય આતંકવાદીઓ અને તેમના ઓવરગ્રાઉન્ડ કાર્યકરોની મિલકતોનો આ ઝુંબેશમાં સમાવેશ થાય છે.

ઝારખંડના રામગઢમાં મોટી દુર્ઘટના

## કોલસાની ખાણ ધસી પડતાં ૩ શ્રમિકોના મોત, પાંચ ફસાયા

| (એજન્સી) રામગઢ, તા.૫ |

ઝારખંડના રામગઢમાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં કોલસાની ખાણ ધસી પડવાથી ત્રણ લોકોના મોત થયા છે અને હજુ સાત લોકો કાટમાળમાં ફસાયા છે. ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અહેવાલો અનુસાર, આ કોલસાની ખાણ ગેરકાયદે હતી, કારણ કે સેન્ટ્રલ કોલફિલ્ડ્સ લિમિટેડ (ઝઝ)એ અહીં કોલસાની ખાણનું કામ બંધ કરી દીધું હતું, તેમ છતાં કોલસાની ખાણમાં આઠ લોકો કામ કરી રહ્યા હતા. અહેવાલો અનુસાર, રામગઢના કુજુના મહુઆ ટુંગરી વિસ્તારમાં શુક્રવારે (ચોથી જુલાઈ) રાત્રે ગેરકાયદે કોલસાનું ખનન ચાલી રહ્યું હતું. આ દરમિયાન ભારે વરસાદના કારણે કોલસાની ખાણ અચાનક ધસી પડી હતી. જેના કારણે ખાણમાં કામકરતા આઠ જેટલા શ્રમિકો ફસાયા હતા.જેમાંથી ત્રણનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા રાહત અને બચાવની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોની ઓળખ કરમાલી, ઈમ્તિયાઝ અને નિર્મલ મુંડા તરીકે થઈ છે. ઘટના સ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. ઝઝ અને અન્ય મશીનોની મદદથી કાટમાળ દૂર કરવામાં આવી રહ્યો છે જેથી અંદર ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાય. અગાઉ ધનબાદમાં પણ જમીન ધસી પડવાનો ઘટના બની હતી. જમીન ધસી પડવાથી પાંચ ઘરોને નુકસાન થયું. આમાંથી એક ઘર સંપૂર્ણપણે ધ્વસ્ત થયું હતું. સદભાગ્યે ઘટના સમયે ઘરમાં કોઈ નહોતું. બધા ઘરની બહાર હતા.

હાઈકોર્ટે દોષિતની ૧૦ વર્ષની સજા યથાવત્ રાખી

## મહિલાના બળજબરીપૂર્વક કપડાં ઉતારવા પણ દુષ્કર્મ ગણાય

| (એજન્સી) લખનઉ, તા.૫ |

લખનઉમા અલીગંજમાં વર્ષ ૨૦૦૪માં એક માતાએ ૧૬ વર્ષીય પુત્રીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પીડિતાને શોધી કાઢી હતી. પીડિતાએ જણાવ્યું કે, આરોપી પ્રદીપ કુમાર મને બળજબરીથી લઈ ગયો. મને ૨૦ દિવસ સુધી એક સંબંધીના ઘરે રાખી. ત્યાં મારા કપડાં કાઢીને દુષ્કર્મનો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે લખનઉ હાઈકોર્ટે સુનાવણીમાં કહ્યું છે કે, પીડિતાના કપડાં ઉતારવાને દુષ્કર્મનો પ્રયાસ ગણવામાં આવશે. જસ્ટિસ રજનીશ કુમારની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો. લખનઉ હાઈકોર્ટના જણાવ્યાનુસાર, પીડિતાના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આરોપીએ તેના કપડાં ઉતાર્યા હતા. પીડિતાના વિરોધને કારણે તે શારીરિક સંબંધ બાંધી શક્યો નહીં. તેથી આ કૃ ત્ય દુષ્કર્મનો પ્રયાસ છે. કોર્ટે સેશન્સ કોર્ટ દ્વારા આપવામાં આવેલી ૧૦ વર્ષની સજા યથાવત્ રાખી છે. આરોપીનું કહેવું હતું કે, બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. તેમણે દલીલ કરી હતી કે ફક્ત કપડાં ઉતારવાને જ સ્ત્રીની નમ્રતા ભ્રષ્ટ કરવાનો ગુનો ગણી શકાય, દુષ્કર્મનો પ્રયાસ નહીં.

દર્દી બનીને આવેલા શખસોએ ગોળી મારી

## મોત સામે જંગ લડી રહ્યા છે જાણીતી અભિનેત્રીના પિતા

| (એજન્સી) ચંદીગઢ, તા.૫ |

પંજાબી એક્ટ્રેસ તાનિયા હાલ ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. તેના પિતા અનિલ જીત સિંહ કંબોજને એક વ્યક્તિએ ગોળી મારી દીધી છે. હાલ તેના પિતા હોસ્પિટલમાં એડમિટ છે, જ્યાં તેની સ્થિતિ નાજુક છે.

તાનિયાની ટીમે એક્ટ્રેસ અને તેના પરિવાર તરફથી નિવેદન આપ્યું છે અને તમામને પ્રાઈવેસીનું સન્માન કરવાની અપીલ કરી છે. મળતી માહિતી મુજબ, તાનિયાના પિતા ડૉ. અનિલ જીત સિંહ કંબોજની ૪ જુલાઈ, ૨૦૨૫ના મોગામાં તેમના ક્લિનિકમાં ગોળી મારી દીધી છે. આ વિશે પ્રત્યક્ષદર્શીએ જાણકારી આપી હતી કે, દર્દી બનીને આવેલા બે લોકોએ ડૉ. અનિલ જ્યારે તેમની સારવાર કરી રહ્યા હતા ત્યારે તેમને ગોળી મારી દીધી. ત્યારબાદ તાત્કાલિક ધોરણે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

તાનિયાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરવામાં આવેલી પોસ્ટમાં લખવામાં આવ્યું કે, તાનિયા અને તેના પરિવાર તરફથી અમે જણાવીએ છીએ કે, તે અને તેનો પરિવાર ખૂબ જ નાજુક અને લાગણીશીલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. અમે મીડિયાને અપીલ કરીએ છીએ કે પ્રાઈવેસીની રિસ્પેક્ટ કરે અને તેમને પરિસ્થિતિને સમજવા માટે સમય આપો. અમે તમામને સંવેદનશીલ થવા અને સ્થિતિ વિશે અટકળો તેમજ કહાણીઓથી બચવાની વિનંતી કરીએ છીએ. તમારી સમજદારી અને સપોર્ટ માટે આભાર.

### રાજકારણમાં એકબીજાની કટ્ટર હરીફ ગણાતી આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે સુરતમાં હાથ મિલાવ્યા છે

# DGVCL પરીક્ષા અન્યાય અને સ્માર્ટમીટરના વિરોધમાં ચૈતર વસાવા-અનંત પટેલનો હલ્લાબોલ

। (એજન્સી) સુરત,તા.૫ ।

ગુજરાતના રાજકારણમાં એકબીજાની કટ્ટર હરીફ ગણાતી આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસે સુરતમાં હાથ મિલાવ્યા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ની વિદ્યુત સહાયક પ રીક્ષામાં થયેલા કથિત અન્યાય અને સ્માર્ટમીટર પ્રોજેક્ટના વિરોધમાં AAPના ધારાસભ્ય ચૈતર વસાવા અને કોંગ્રેસના ધારાસભ્ય અનંત પ ટેલે સંયુક્ત પ્રદર્શન કર્યું. આદિવાસી યુવાનોના હક માટેની આ લડત શું રાજ્યના રાજકારણમાં નવો વળાંક લાવશે? ગઈકાલે (૩ જુલાઈ, ૨૦૨૫) અમદાવાદમાં AAPના સદસ્યતા અભિયાન દરમિયાન પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસને એક જ સિક્કાની બે બાજુ ગણાવ્યા હતા. પરંતુ ૨૪ કલાક પણ ન થયા ત્યાં, સુરતમાં AAP અને કોંગ્રેસના ધારાસભ્યો એકસાથે એક મંચ પર જોવા મળ્યા. DGVCLની વિદ્યુત સહાયક પ રીક્ષામાં ૧૮૦૦થી વધુ પાસ થયેલા ઉમેદવારોને નિમણૂકપત્ર ન મળવાના મુદ્દે અને સ્માર્ટમીટર પ્રોજેક્ટના વિરોધમાં બંને નેતાઓએ કાપોદ્રા ખાતે DGVCLની મુખ્ય કચેરીએ પ્રદર્શન કર્યું. આશરે પાંચ મહિના પહેલાં હ્રફ્ફઝ્નની વિદ્યુત સહાયક પરીક્ષાના પરિણામો જાહેર થયા હતા, પરંતુ ૧૮૦૦થી વધુ ઉમેદવારોને હજુ સુધી નિમણૂકપત્ર આપવામાં આવ્યા નથી. આ ઉમેદવારોમાં મોટાભાગના દક્ષિણ ગુજરાતના છ જિલ્લાના આદિવાસી સમાજના યુવાનો છે. ચૈતર વસાવા અને અનંત પટેલે આક્ષેપ કર્યો છે કે ભરતી પ્રક્રિયા માટે દિલ્હીની એક ખાનગી કોન્ટ્રેક્ટ કંપનીને જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં ગેરરીતિઓ થઈ રહી છે. ‘‘આદિવાસી યુવાનો પૈસા આપી શકતા નથી, તેથી તેમની નિમણૂક થતી નથી. કોન્ટ્રેક્ટના નામે ભરતીમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ લડત સામાજિક ન્યાય માટે છે, કોઈ રાજકીય પક્ષ માટે નહીં.’’

ભરતી વિવાદ ઉપરાંત, બંને નેતાઓએ સ્માર્ટમીટર પ્રોજેક્ટનો પણ વિરોધ કર્યો. તેમનો આરોપ છે કે આ પ્રોજેક્ટ ગરીબ અને આદિવાસી સમાજના લોકો પર આર્થિક બોજ નાખશે. સ્માર્ટમીટરના નામે ખાનગી કંપનીઓને ફાયદો થઈ રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

‘‘દક્ષિણ ગુજરાતના યુવાનો સાથે અન્યાય થઈ રહ્યો છે. જો નિમણૂકપ ત્ર નહીં આપવામાં આવે, તો આગામી દિવસોમાં અમે મંત્રી કનુભાઈ દેસાઈના વાપી ખાતેના નિવાસસ્થાને હલ્લાબોલ પ્રદર્શન કરીશું.’’ ‘‘આદિવાસી યુવાનો પૈસા આપી શકતા નથી, તેથી તેમની નિમણૂક થતી નથી. કોન્ટ્રેક્ટના નામે ભરતીમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ લડત સામાજિક ન્યાય માટે છે, કોઈ રાજકીય પક્ષ માટે નહીં.’’

ભરતી વિવાદ ઉપરાંત, બંને નેતાઓએ સ્માર્ટમીટર પ્રોજેક્ટનો પણ વિરોધ કર્યો. તેમનો આરોપ છે કે આ પ્રોજેક્ટ ગરીબ અને આદિવાસી સમાજના લોકો પર આર્થિક બોજ નાખશે. સ્માર્ટમીટરના નામે ખાનગી કંપનીઓને ફાયદો થઈ રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

‘‘દક્ષિણ ગુજરાતના યુવાનો સાથે અન્યાય થઈ રહ્યો છે. જો નિમણૂકપ ત્ર નહીં આપવામાં આવે, તો આગામી દિવસોમાં અમે મંત્રી કનુભાઈ દેસાઈના વાપી ખાતેના નિવાસસ્થાને હલ્લાબોલ પ્રદર્શન કરીશું.’’

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં દ્વિચક્રી વાહન ચોરીનો પર્દાફાશ : ૧૭ ટુ વ્હીલર સાથે ૩ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

અમદાવાદ ગ્રામ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) એ વાહન ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. અંદાજે ૧૫.૩ લાખ રૂપિયાની કિંમતના ૧૭ ચોરાયેલા TVS જ્યુપિ ટર સ્કૂટર અને ૮૫,૦૦૦ ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન સાથે ત્રણ આરો પીઓની ધરપકડ કરી છે. બાતમીના આધારે ગ્રામ્ય SOG ની ટીમે સાણંદ-બાવળા બાયપાસ રોડ નજીક એક સફેદ રંગના TVS જ્યુપિટર સ્કૂટર પર સવાર શંકાસ્પદ વ્યક્તિને આંતર્યો હતો. સ્કૂટર સાથે ઝડપી લેવામાં આવેલા આરોપીની ઓળખ દિવ્યરાજ સિંહ વાઘેલા તરીકે કરવામાં આવી છે. આરોપીની વધુ પૂછપરછ કરતાં તેણે બે સાગરિતો ધર્મદીપ સિંહ પરમાર અને શિવરાજ સિંહ વાઘેલાના નામનો ખુલાસો કર્યો હતો. આ બંને સાણંદમાં જોગણી માતાજી મંદિર નજીક આવેલા TVS ટુ-વ્હીલર શોરૂમમાં કામ કરતા હતા. આ બંને શોરૂમમાં વાહન ઈન્વેન્ટરી અને મેન્ટેનન્સનું કામ કરતા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, ધર્મદીપ સિંહ પરમાર અને શિવરાજ સિંહ વાઘેલા શોરૂમના ગોડાઉનમાં બપોરે લંચ ટાઈમ દરમિયાન તકનો લાભ લઈને અનરજિસ્ટર્ડ TVS જ્યુપિ ટર સ્કૂટરની ચોરી કરતા હતા. ત્યારબાદ તેઓ ચોરાયેલા વાહનોને દિવ્યરાજને ગુપ્ત રીતે સોંપી દેતા હતા, જે પછી તે વાહનોને જુદા જુદા વ્યક્તિઓને વહેંચી દેતો હતો. આરોપીઓ દ્વારા ચોરીની કબૂલાત બાદ કર્યા પોલીસે જુદા જુદા રંગો અને મોડેલોના કુલ ૧૭ TVS જ્યુપિટર સ્કૂટર, જે દરેકની કિંમત આશરે ?૯૦,૦૦૦ છે.

### દુબઈમાં નોકરીના નામે યુવકો સાથે છેતરપિંડી

। (એજન્સી) વડોદરા,તા.૫ ।

વડોદરા દુબઈમાં નોકરી અપ ાવવાના નામે બે વર્ષ પહેલા અનેક યુવકો સાથે કરાયેલી ઠગાઈના કેસમાં પોલીસે એક આરોપીને અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યો છે. વડોદરાના સમા સાવલી વિસ્તારમાં આવેલી ડ્રીમ કન્સલ્ટન્સીના નામે વર્ષ ૨૦૨૩ માં દુબઈમાં ૬૦૦૦૦ થી ૧,૮૦,૦૦૦ સુધીની નોકરી માટેની જાહેરાત જોઈ ગાંધીનગરમાં રહેતા મનોજભાઈ રાજપૂતે તેમના દીકરા સ્મિત માટે તપાસ કરી હતી. આ વખતે ઓફિસમાં જેનીલ પ્રજાપતિ નામના શખ્સે વાતચીત કરી હતી. મારા પુત્રએ ૨.૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ દુબઈ જવાની ટિકિટ અને કોલ લેટર માટે એક મોટું ફંક્શન કરી ૬૦ જણાને એક સાથે આપ વાના છે તેવી વાત કરી લાંબા સમય સુધી કોલ લેટર આપ્યો ન હતો અને પૈસા પણ પાછા આપ્યા ન હતા. આ બનાવમાં અંદાજે ૨૭ લાખ રૂપિયાનું ઘરાણુ કરી એજન્ટ ઓફિસ બંધ કરી ફરાર થઈ જતા પોલીસે તપાસ કરી અગાઉ એક આરોપીને પકડ્યો હતો. તપાસમાં આકાશ કમલેશભાઈ રાજ પુત (સ્વાદ ક્વાટર્સ,હરણી રોડ) નું પણ નામ ખુલ્યું હતું. જેથી પોલીસે તમામ એરપોર્ટને જાણ કરી હતી. ગઈકાલે આકાશ દુબઈથી પરત ફરતા અમદાવાદ એરપોર્ટ પર તેને રોકી દેવામાં આવ્યો હતો અને વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચે આકાશની ધરપકડ કરી હતી.

## ખેડામાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી

। ખેડા,તા.૫ ।

ખેડામાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ખેડા શહેરના બસ સ્ટેન્ડ પાસે આવેલા ગોડાઉનમાં શુક્રવારે બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. જેને પહલેઆ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ લેતાં એક કિમી સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ખેડા અને નડિયાદની ફાયર વિભાગની ટીમો દોડી આવી છે, જોકે બનાવામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ખેડા પ્રાંત અધિકારી મામલતદાર, ખેડા ટાઉન પીઆઈ અને માતર વિધાનસભાના ધારાસભ્ય સહિતના અધિકારીઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા, ખેડા શહેરમાં બસ સ્ટેન્ડ નજીક આવેલા એક પ્લાસ્ટિકના ગોડાઉન આગ લાગતા આસપાસના દુકાનદારો અને ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોનો જીવ અધ્ધર થઈ ગયો છે. ઘટનાની જાણ ખેડા અને નડિયાદ ફાયર સ્ટેશનને કરવામાં આવતાં ફાયર વિભાગના કર્મચારીઓ દોડી આવ્યા છે અને આગ પર પાણીનો છંટકાવ કરી કાબૂમાં લેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.બનાવના પગલે ખેડા પ્રાંત અધિકારી, ખેડા ટાઉન પી આઈ, અને માતર વિધાનસભાના ધારાસભ્ય સહિતનાઓ ઘટના સ્થળ પર આવી પહોંચ્યા છે. જોકે, હાલ સુધીમાં જાનહાનિના કોઈ અહેવાલ મળ્યા નથી.પરંતુ આગ એટલી વિકરાળ છે કે કાબુમાં આવતા થોડો સમય લાગી જાય તેવી શક્યતા છે. આ ગોડાઉનની બાજુમાં એક ઝુંપડુ હતું તે પણ આગની ઝપેટમાં આવી ગયું છે. આ આગ વધુ પ્રસરે નહીં તે દિશામાં ફાયરના કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે.

આ ભિષણ આગ વધુ પ્રસરે નહીં તે હેતુસર નડિયાદ ફાયર બ્રિગેડની મદદ લેવાઈ છે. નડિયાદ ફાયર બ્રિગ્રેડના બે વોટરબ્રાઉઝરો સાથે ડિસ્ટ્રિક્ટ ફાયર અધિકારી બનાવ સ્થળે પહોંચ્યા છે અને આગને કાબુમાં લેવા પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. હાલ આગને કાબુમાં લેવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## અમરેલીના લાઠી, લીલીયા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ

। (એજન્સી) અમરેલી,તા.૫ ।

અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. અમરેલીના લાઠી, લીલીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. લાઠીના શેખપીપરીયા,હરસુરપુર, દેવળીયામાં ધોધમાર વરસાદ પડ્યો છે. શહેર અને ગ્રામ્યમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા. થોડા વિરામ બાદ સારો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. ચિતલ પંથકના ખીજડિયા રાદડિયા, શેડુભાર સહિતના ગામોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. મુશળધાર વરસાદના કારણે ખેતરો પાણી પાણી થયા છે. ગામમાં વરસાદી પાણીની નદીઓ વહેતી થઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. લીલીયા સહિત આસપાસના વિસ્તારોમાં બે દિવસના વિરામબાદ ધીમીધારે વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વાવણી બાદ ધીમી ધારે વરસાદ પડવાથી મગફળી, કપાસ, જુવાર, બાજરી જેવા પાકમાં ફાયદો થશે.

### જગતના તાતની કફોડી સ્થિતિ

## ભુજ તાલુકાના ગ્રામ વિસ્તારમાં પડેલા અતિભારે વરસાદે વિનાશ વેર્યો

। (એજન્સી) ભુજ,તા.૫ ।

ભુજ તાલુકાના ગ્રામ વિસ્તારમાં પડેલા અતિભારે વરસાદે વિનાશ વેર્યો છે. ડાકડાઈ સીમ વિસ્તારમાં ભારે વરસાદ પડતા ખેતરો ધોવાઈ ગયા છે. પરિણામે ખેડૂતોને મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. ભારે વરસાદ કારણે ખેતરોમાં જવાના રસ્તા પણ ધોવાય ગયા છે. જમીનનું ધોવાણ થતા ખેતરોમાં બે થી ત્રણ ફૂટ ઊંડા ખાડા પડી ગયા છે. ભુજ તાલુકાના ડાકડાઈ સીમ વિસ્તારમાં પડેલા ભારે વરસાદને પગલે ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ત્રણ દિવસ અગાઉ એક સાથે ૧૦ થી ૧૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો જેના કારણે ખેડૂતોના ખેતરો ધોવાઈ ગયા. આ દર્શયો પરથી અંદાજ લગાવી શકાય છે કે પાણીનો પ્રવાહ કેટલો પ્રચંડ હતો. ખેતરોમાં ઉભેલા ખારેક ઝાડ પણ પાણીની સાથે તણાઈ ગયા છે. વરસાદી પાણીના સંગ્રહ માટે બનાવેલા પાણીનો બંધ તૂટી ગયો છે. જેના કારણે આસપાસ તમામ ખેતરોનું ધોવાણ થઈ ગયું છે. આ તૂટેલો પાણીનો બંધ, ધોવાયેલા ખેતરોના રસ્તા, જમીન ધ્વસ્ત થયેલા ખારેકના ઝાડ , ખેતરોમાં થયેલ જમીનનું ધોવાણ આ તમામ દ્રશ્યો પરથી અંદાજ લગાવી શકાય છે કે ખેડૂતોને કેટલું નુકશાન થયું છે. આ વિસ્તારના ખેડૂતોનું કહેવું છે અગાઉ ક્યારે પણઆવી સ્થિતિ નથી જોઈ. ભારે વરસાદના પગલે ખારેક, મગફળી, અને આંબાના ઝાડને નુકશાન થયું છે. વરસાદી પાણીના પ્રવાહમાં ખેડૂતોનો ઉભો પાક તણાઈ ગયો છે. જેના કારણે હાલ ખેડૂતોને મોટું આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

### રખડતા શ્વાનનો આતંક વધ્યો

## પાલીતાણાના વાળુકડ ગામે રખડતા શ્વાને બાળક પર હુમલો કરતા મોત નિપજયું

। (એજન્સી) ભાવનગર,તા.૫ ।

ભાવનગરમાં શ્વાનના હુમલામાં એક બાળકનું મોત થયું હોવાની વાત સામે આવી છે, પાલીતાણાના વાળુકડ ગામે રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે, વાડીમાં કામ કરતા મજૂરના પરિવાર પર શ્વાને હુમલો કરતા તેનું મોત થયું છે, એક મહિલા અને બે નાના બાળકો પર શ્વાને હુમલો કર્યો હોવાની વાત સામે આવી છે.

ભાવનગરમાં રખડતા શ્વાનના કારણે એક બાળકનું મોત થયું છે, તો શ્વાને અન્ય લોકો પર પણ હુમલો કરીને ઈજાગ્રસ્ત કર્યા છે,

સમગ્ર ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, રખડતા શ્વાનને લઈ ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે, ગ્રામજનોનો આક્ષેપ છે કે, રખડતા શ્વાન હોય કે ઢોર હોય પાલિકા આ મામલે કઈ કામગીરી કરતું નથી. પાલીતાણાના વાળુકડ ગામે રખડતા શ્વાને ત્રણ લોકો પર હુમલો કર્યો છે, વાડી વિસ્તારમાં ખેત મજૂર પર રખડતા શ્વાને હુમલો કર્યો છે જેમાં એકનું મોત અને ૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. એક મહિલા અને બે નાના બાળકો પર શ્વાને કર્યો હુમલો, સમગ્ર ઘટનામા પણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, સાથે સાથે મૃતક બાળકના મૃતદેહને પીએમ માટે ખસેડાયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે. એક મહિલા અને બે નાના બાળકો પર શ્વાને કર્યો હુમલો, સમગ્ર ઘટનામા પણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, સાથે સાથે મૃતક બાળકના મૃતદેહને પીએમ માટે ખસેડાયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે.

## મહેસાણા સિવિલ હોસ્પિટલમાં રી-ડેવલપમેન્ટ બિલ્ડિંગના ત્રીજા માળેથી યુવકનું પટકાતાં મોત

### આ ઘટનાએ હોસ્પિટલ પરિસરમાં શોક અને ચિંતાનો માહોલ સર્જ્યો છે, અને સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે

। મહેસાણા, તા.૫ ।

મહેસાણા શહેરની મધ્યમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં એક દુઃખદ ઘટના બની છે, જેમાં રી-ડેવલપમેન્ટ હેઠળની બિલ્ડિંગના ત્રીજા માળેથી એક યુવક નીચે પ ટકાતાં તેનું મોત નીપજ્યું છે. આ ઘટનાએ હોસ્પિટલ પરિસરમાં શોક અને ચિંતાનો માહોલ સર્જ્યો છે, અને સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે.

આ દુર્ઘટનાનો ભોગ બનેલો યુવક ઉત્તર પ્રદેશના વારાણસીના દુધવા ગામનો ૨૩ વર્ષીય મોનુ રાધેશ્યામ હતો.

ઘટના ૩ જુલાઈ, ૨૦૨૫ની રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે બની હતી. મોનુ હોસ્પિટલની નવી બિલ્ડિંગના સ્ટ્રેચર રેમ્પ પર બેસીને મોબાઈલ ફોન જોઈ રહ્યો હતો. અચાનક તેનું સંતુલન ખોરવાયું, અને તે ત્રીજા માળેથી નીચે પડી ગયો. આ પતનના કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટના બાદ મોનુને તાત્કાલિક મહેસાણા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેની સારવાર શરૂ કરી. જોકે, ગંભીર ઈજાઓને લીધે, રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે તેનું સારવાર દરમિયાન મોત નીપ જ્યું. આ ઘટનાએ હોસ્પિટલના કર્મચારીઓ, મૃતકના સ્વજનો અને સ્થાનિક સમુદાયમાં શોકની લાગણી ફેલાવી છે. મહેસાણા સિવિલ હોસ્પિ ટલમાં હાલ રી-ડેવલપમેન્ટ અને રી-કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે, જે સુરતની મે. ડી.એચ. પટેલ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની દેખરેખ સરકાર દ્વારા નિયુક્ત પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ (પી.આઈ.યુ.) એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે. આ નવી બિલ્ડિંગનો હેતુ હોસ્પિટલની સુવિધાઓને આધુનિક અને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે. જોકે, આ ઘટનાએ બાંધકામ સ્થળ પર સુરક્ષા વ્યવસ્થાઓ અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ઘટનાની જાણ થતાં જ મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી. મૃતકના ભાઈએ પોલીસને નિવેદન આપ્યું છે, જેમાં તેણે ઘટનાની વિગતોની પુષ્ટિ કરી. પ ોલીસે આ ઘટનાને અકસ્માતે મોત તરીકે નોંધી છે અને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બાંધકામ સ્થળ પર સુરક્ષા ધોરણોનું પાલન થયું હતું કે કેમ, તેની પણ તપાસ કરવામાં આવશે.

આ ઘટનાએ બાંધકામ સ્થળો પર સુરક્ષા ધોરણોના અમલ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ખાસ કરીને, રી-ડેવલપમેન્ટ જેવા મોટા પ્રોજેક્ટમાં, જ્યાં ઘણીવાર મજૂરો અને અન્ય વ્યક્તિઓની અવરજવર રહેતી હોય, ત્યાં સુરક્ષા વ્યવસ્થાઓનું પાલન અત્યંત જરૂરી છે. સ્ટ્રેચર રેમ્પ જેવા વિસ્તારોમાં રેલિંગ, સાઈનબોર્ડ, અથવા અન્ય સુરક્ષા ઉપાયોની હાજરી અંગે હજુ સ્પષ્ટતા થવાની બાકી છે. સ્થાનિક લોકો અને મૃતકના પરિવારે માંગ કરી છે કે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે બાંધકામ સ્થળો પર સખત સુરક્ષા નિયમો લાગુ કરવામાં આવે.

## ભાજપના શાસનમાં ભાજપના જ નગરસેવકો લાચાર બન્યા

। (એજન્સી) ભાવનગર,તા.૫ ।

ભાવનગરની સિહોર નગરપ ાલિકામાં ભાજપનું શાસન આવ્યા બાદ આંતરિક વિખવાદનો વિવાદ થંભવાનું નામ જ લેતું નથી. ભાજપના જ શાસનમાં ભાજપના જ નગસેવકો પોતાના વોર્ડમાં કામ કરાવવા લાચાર બન્યા છે. આ તમામ પ્રશ્નોથી કંટાળેલા મહિલા નગરસેવિકાએ સભાસદ પદેથી રાજીનામું આપતા રાજકીય ભૂકંપ સર્જાયો છે. સિહોરના વોર્ડ નં.૫ના નગરસેવિકા ઈન્દુબેન એમ. સોલંકીએ ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ અને સિહોર ચીફ ઓફિસરને વોર્ડ નં.૫ના સભાસદ પ દેથી રાજીનામું ધરી દીધું હતું. તેમણે એવો બળાપો ઠાલવ્યો હતો કે, મરા મતવિસ્તારમાં આઠ-આઠ દિવસ થવા છતાં ડોર-ટુ-ડોર કચરાની ગાડી આવતી નથી. સફાઈ કામદારો પણ સફાઈ કરવા ડોકાતા નથી. ગટર ઉભરાવવાની અને પાણીની સમસ્યા કાયમી છે. આ બાબતે અનેક વખત રજૂઆત કરવા છતાં એકપણ પ્રશ્નનો હલ થતો નથી.’ સણસણતા આરોપ લગાવતા ઈન્દુબેન એમ. સોલંકીએ કહ્યું હતુ કે, ’લગાવ્યો વધુમાં તેમના વિસ્તારમાં કોઈપણ જાતની ગ્રાંટના કામ શરૂ થયા નથી. ગટર લાઈન પ્રોજેક્ટનો સવાલો ઊઠાવ્યો ન હોવા છતાં મારા નામે ઉપરી કક્ષાએ ખોટી રજૂઆત કરી બદનામ અને અપમાનિત કરવામાં આવી છે.

## ઓઢવમાં માતાએ દીકરીની ગળુ દબાવી હત્યા કરી

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

જનની ની જોડ સખી નહી જડે રે લોલ, આ કહેવત આપણે સૌ કોઈ જાણીએ છીએ પરંતુ ખરા અર્થમાં આ કહેવત આજે આ હત્યારી માતા માટે ઉંધી સાબિત થઈ છે, જેમાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં માતાએ દીકરીની હત્યા કરી નાખી છે, પોલીસે સમગ્ર ઘટનામાં હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.અમદાવાદના ઓઢવમાં માતાએ દીકરીની હત્યા કરી છે, ઓઢવમાં ૬ વર્ષની દીકરીની માતાએ કરી હત્યા, દીકરીએ કામમાં મદદ નહીં કરતા માતા તેની પર ગુસ્સે થઈ હતી અને તેની હત્યા કરી નાખી, પહેલા દીકરીને માર માર્યો અને ત્યારબાદ તેનું ગળુ દબાવીને હત્યા કરી નાખી છે, ઉષા લોધીએ દીકરીનું ગળું દબાવીને હત્યા કરતા, ઓઢવ પોલીસે આરોપી મહિલાની ધરપ કડ કરી છે.માતાને પુત્ર હોય કે પુત્રી હોય બન્ને વ્હાલા હોય છે, પરંતુ આ બંધ મગજની માતા હવે માતા તરીકે નહી પણ આરોપી તરીકે ઓળખાઈ છે, ૬ વર્ષની માસૂમ બાળકીની તેની માતાએ હત્યા કરી નાખી છે, ઘટનાની જાણ થતા આસપાસના લોકોએ પણ પોલીસને જાણ કરી હતી અને પોલીસે બાળકીના મૃતદેહને પીએમ માટે મોકલ્યો જેમાં સામે આવ્યું કે માતાએ બાળકીની ગળુ દબાવીને હત્યા કરી નાખી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



ત્રણ દિવસીય મેગા પ્રદર્શન "સમૃદ્ધ ગુજરાત ૨૦૨૫" આ કાર્યક્રમમાં વિવિધ સ્તરે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા વિભાગો, સંસ્થાઓ અને વ્યક્તિઓનું સન્માન કરવા માટે મુખ્ય અતિથિ અને પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં વિવિધ પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### UN માં રજૂ રિપોર્ટથી ખળભળાટ

# માઇક્રોસોફ્ટ, ગૂગલ જેવી ૪૮ કંપની ગાઝાના નરસંહારમાં ભાગીદાર

## યુનાઇટેડ નેશન્સના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ ડઝનથી વધુ કંપનીઓને ઇઝરાયલ સાથે બિઝનેસ બંધ કરવા આહ્વાન કર્યું

। (એજન્સી) ગાઝા, તા.૫ ।

પેલેસ્ટાઈનમાં માનવાધિકારોની સ્થિતિ પર કામ કરતા યુનાઈટેડ નેશન્સના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ ડઝનથી વધુ કંપનીઓને ઈઝરાયલ સાથે બિઝનેસ બંધ કરવા આહ્વાન કર્યું છે. અલ્બાનીઝે યુએન માનવાધિકાર પરિષદનો એક રિપોર્ટ રજૂ કરતાં કહ્યું છે કે, જે મલ્ટીનેશનલ કંપનીઓ ઈઝરાયલ સાથે બિઝનેસ કરી રહી છે. જેનાથી ગાઝા અને ઈઝરાયલના કબજા હેઠળના વેસ્ટ બૅન્કમાં યુદ્ધ અપ રાધોમાં સંડોવણીનું જોખમ વધ્યું છે. આ નરસંહારની અર્થવ્યવસ્થા છે. જેનાથી ગાઝા નવા હથિયારો અને ટૅક્નોલૉજી માટે ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બની ગયું છે. રિપોર્ટમાં



દર્શાવવામાં આવ્યું છે કે, હથિયાર બનાવતી અને ટૅક્નોલૉજી કંપ નીઓને ઈઝરાયલે ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બનાવ્યું છે. રોકાણકારો, ખાનગી અને જાહેર સંસ્થાઓ અઢળક કમાણી કરી રહી છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયલના ચાલુ હુમલાનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, કંપનીઓ હવે કેવળ કબજામાં જ યોગદાન નથી આપી રહી પ રંતુ નરસંહાર અર્થવ્યવસ્થામાં સામેલ પણ થઈ શકે છે. ગાઝામાં ઈઝરાયલનો નરસંહાર ઘણા લોકો માટે કમાણીનું માધ્યમ બન્યું છે. અલ્બાનીઝ દ્વારા રજૂ રિપોર્ટમાં ૪૮ કંપનીઓનો ઉલ્લેખ છે. જે ગાઝામાં નરસંહારમાં મદદ કરી રહી છે. જેમાં અમેરિકાની દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટ, ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ ઈંક અને એમેઝોન જેવી કંપનીઓ સામેલ છે. આ યાદીમાં હથિયાર બનાવતી કંપની લૉકહીડ માર્ટિન અને આલ્ફાબેટ, આઈબીએમ જેવી કંપનીઓ પણ સામેલ હોવાનો દાવો કરાયો છે. આ યાદીમાં ઘર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડવા માટે ખાસ ગાડીઓનો પુરવઠો પૂરો પાડવામાં કેટરપિલર, હ્યુન્ડાઈ અને વોલ્વો જેવી કંપનીઓ મદદ કરી રહી હોવાનો દાવો છે.

## અમેરિકાએ સોફ્ટવેર નિકાસ પરનો પ્રતિબંધ અંતે હટાવ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચિપ ડિઝાઈન સોફ્ટવેરની નિકાસ પરના પ્રતિબંધો હટાવીને ચીનને રાહત આપી છે. લંડનમાં તાજેતરમાં યોજાયેલી ટ્રેડ વાટાઘાટો હેઠળ બંને દેશો વચ્ચેના તણાવને ઓછો કરવા માટે આ પગલું લેવામાં ભરવામાં આવ્યું છે. ત્રણેય મુખ્ય ચિપ ડિઝાઈન સોફટવેર કંપનીઓ - સિનોપ્સિસ, કેડેન્સ અને સિમેન્સએ જણાવ્યું હતું કે તેમને યુએસ વાણિજ્ય વિભાગ દ્વારા જાણ કરવામાં આવી છે કે મે મહિનામાં લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવવામાં આવશે. ચીનની રાજ્ય સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, આ ત્રણેય કંપનીઓ ચીનના ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) બજારના ૭૦ ટકા ભાગ પર નિયંત્રણ રાખે છે. જ્યારે બેઈજિંગે મે મહિનામાં દુર્લભ ધાતુઓની નિકાસ મર્યાદિત કરવાનો નિર્ણય લીધો, ત્યારે અમેરિકાએ બદલામાં ચિપ ડિઝાઈનિંગ ટૂલ્સના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો. આ પછી, તે મહિનાની શરૂઆતમાં જીનીવામાં વેપાર યુદ્ધવિરામ પછી બંને દેશો વચ્ચે તણાવ ફરી વધ્યો. અમેરિકન કંપનીઓ કેડેન્સ અને સિનોપ્સિસે કહ્યું છે કે તેઓ ચીનમાં અગાઉ પ્રતિબંધિત સોફ્ટવેરની ઍક્સેસ પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયામાં છે. સિનોપ્સિસે તેના સોફ્ટવેર અને ટેકનોલોજીની સંપૂર્ણ ઍક્સેસ પુનઃસ્થાપિત કરી છે અને ચીનમાં વેચાણ અને સપોર્ટ ફરી શરૂ કર્યો છે. નિષ્ણાતોના મતે, ચિપ-ડિઝાઈનિંગ સોફ્ટવેર અથવા EDA સોફ્ટવેર પર વોશિંગ્ટનના નિકાસ નિયંત્રણોની ચીનના સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર વિનાશક અસર પડશે કારણ કે તે નવી માઈક્રોચિપ્સ બનાવવા માટે જરૂરી છે. એક અહેવાલ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ ઈથેન ઉત્પાદકોને ચીનમાં નિકાસ ફરી શરૂ કરવાની પણ મંજૂરી આપી છે.

## અમરનાથમાં પ્રથમ બે દિવસમાં ૨૦ હજાર શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા

। (એજન્સી) શ્રીનગર, તા.૫ ।

પહેલગામ આતંકવાદી હુમલા પછી સુરક્ષા દળોની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે અમરનાથ યાત્રાનો આરંભ થયો છે. જમ્મુ-કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહાએ શુક્રવારે કહ્યું કે તીર્થયાત્રાના પ્રથમ બે દિવસમાં ૨૦,૦૦૦થી વધુ તીર્થયાત્રીઓએ દક્ષિણ કાશ્મીરના હિમાલયમાં અમરનાથની પવિત્ર ગુફા મંદિરમાં કુદરતી બરફના શિવલિંગના દર્શન કર્યા છે. વાર્ષિક અમરનાથ યાત્રાને લઈને આખા કેન્દ્ર પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ઉત્સવ અને ઉત્સાહનો માહોલ છે. મધ્ય કાશ્મીરના ગંદેરબલ જિલ્લામાં બાલટાલ બેઝ કેમ્પમાં યાત્રી નિવાસ પરિવારનું ઉદ્ઘાટન કર્યા પછી મનોજ સિંહાએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, હમણાં સુધીની માહિતી મુજબ બાબા અમરનાથના ૨૦૦૦૦થી વધુ ભક્તોએ દર્શન કર્યા છે. આ ઉદ્ઘાટનમાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી આ કાર્યક્રમમાં વર્ચુઅલી સામેલ થયા હતા. ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ કહ્યું કે, બાબાના ભક્તો દેશના વિવિધ ભાગોમાંથી અહીં પહોંચી રહ્યા છે અને જમ્મુ-કાશ્મીરના લોકો તેનું હૃદયપૂર્વક સ્વાગત કરી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર સરકાર અને શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડે યાત્રીઓ માટે સુવિધાઓમાં સુધારાઓ કર્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, યાત્રાના પ્રથમ દિવસે શુક્રવારે ૫૪૫૫૫ તીર્થયાત્રીઓએ દર્શન કર્યા છે. જેમાં ૫૫૪૪૦ પુરુષ, ૨૪૨૬ મહિલાઓ, ૯૫ બાળકો, ૫૭૯ સાધુ, ૪૨ સાધ્વી, નવા ટ્રાન્સજેન્ડર અને ૩૨૮ સુરક્ષા દળના સભ્યો સામેલ હતા.

### કંગના રણૌત પર ગુસ્સે થયા ભાજપના પૂર્વ CM

# હિમાચલ પ્રદેશમાં પૂર મામલે ભાજપમાં અંદરોઅંદર ડખા

## આટલી મોટી આફત છતાં મંડીના લોકસભાના સાંસદ કંગના રનૌતે વિસ્તારની મુલાકાત ન લેતાં રાજકારણ શરુ

। (એજન્સી) શીમલા, તા.૫ ।

હિમાચલમાં મેઘતાંડવમાં ભયાનક તબાહી સર્જાઈ છે. રાજ્યમાં પૂર, ભૂસ્ખલનની ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે, ત્યારે આ કુદરતી આફતને લઈ રાજ્યમાં રાજકારણ શરુ થઈ ગયું છે. રાજ્યમાં મંડીમાં પણ ભારે વરસાદ પ ડ્યો છે, જેના કારણે અહીં જાનમાલને ભારે નુકસાન થયું છે. આટલી મોટી આફત છતાં મંડીના લોકસભાના સાંસદ કંગના રનૌતે વિસ્તારની મુલાકાત ન લેતાં રાજકારણ શરુ થઈ ગયું છે. એટલું જ નહીં સ્થાનિક લોકો પણ નારાજ થઈને સોશિયલ મીડિયામાં



કંગના પર ગુસ્સો ઠાલવી રહ્યા છે. બીજીતરફ વિરોધ વધ્યા બાદ કંગનાએ પણ જવાબ આપ્યો છે. મંડીની સાંસદ હોવા છતાં કંગના રનૌતે સ્થિતિનો તાગ ન મેળવતાં સ્થાનિક લોકો પણ ભડકી ઉઠ્યા છે અને સોશિયલ મીડિયા પર સતત પૂછી રહ્યા છે કે, 'મંડી મુસીબતમાં છે, કંગના રનૌત ક્યાં છે?' આફતમાં સ્થાનિક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે, તો બીજીતરફ વિપક્ષ નેતા જયરામ ઠાકુરે કંગના રનૌત પર નિશાન સાધ્યું છે. આફતનો સામનો કરી રહેલા હિમાચલમાંથી કંગના ગેરહાજર દેખાતાં જયરામ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સ કરી નારાજગી વ્યક્ત કરી છે. બીજી તરફ કંગનાએ પોતાના બચાવમાં સોશિયલ મીડિયા પર કહ્યું કે, તે ટૂંક સમયમાં પ્રદેશમાં આવશે. મંડીમાં મેઘતાંડવ બાદ કંગના રનૌત પોતાના મતવિસ્તારમાં ન દેખાતાં તેણી અનેક સવાલો અને ટીકાનો સામનો કરી રહી છે. વિરોધ વધ્યા બાદ કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે. તેણે લખ્યું છે કે, તે સિરાજ અને મંડીના અન્ય પ ૂરગ્રસ્ત વિસ્તારમાં જવા માંગતી હતી, પ રંતુ જયરામ ઠાકુરની સલાહના કારણે અટકી ગઈ છે. જયરામ ઠાકુરે કંગનાને સલાહ આપી હતી કે, વિસ્તારમાં કનેક્ટિવીટી નથી, ત્યાં પહોંચવાની સ્થિતિ પણ ખરાબ છે, તેથી ત્યાં હાલ ન જવું જ યોગ્ય છે. પૂર અને ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોની મુલાકાત ન લેવા મામલે ભાજપના સીનિયર નેતા અને પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરે નામ લીધા વગર કંગના રનૌત પર નિશાન સાધ્યું છે. ઠાકુરે નારાજગી વ્યક્ત કરી કહ્યું કે, 'જેમને પોતાના વિસ્તારની ચિંતા નથી.

### પાકિસ્તાનની સાથે કનેક્ટિવિટી અને વેપાર વધેઃ રશિયા

# રશિયાએ પાક. સાથે કરાર કર્યો મધ્ય એશિયા સુધી રેલવે દોડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતના મિત્ર દેશ રશિયાએ પાકિસ્તાનની સાથે એક મહત્વનો કરાર કર્યો છે. આ અંતર્ગત રશિયા અને મધ્ય એશિયા સુધી પાકિસ્તાનથી ટ્રેનોની કેન્કટિવિટી થશે. આ ઉપ રાંત, રોડથી પણ પાકિસ્તાનથી લઈને રશિયા અને મધ્ય એશિયા સુધી પહોંચી શકાશે. ચીનના તિયાનજિનમાં શાંઘાઈ શિખર સંમેલનથી અલગ આયોજિત બેઠક દરમિયાન પાકિસ્તાનના કેબિનેટ મંત્રી અબ્દુલ અલીમ ખાન અને રશિયાના પરિવહન મંત્રી આંદ્રે સેરગેવિચ નિકિતિનની વચ્ચે આ કરારને લઈને સહમતી થઈ છે.બંને નેતાઓએ કહ્યું કે આનાથી રશિયા અને પાકિસ્તાનની વચ્ચે આર્થિક અને વ્યાપ ારિક સહયોગ વધશે. આ કરારને પ ાકિસ્તાન પોતાની સફળતા ગણાવી



રહ્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે આ કરારથી અમારો દેશ મોટો ટ્રાન્ઝિટ હબ બની જશે. તેનાથી બિઝનેસ કોરિડોર બનશે અને માલની હેરાફેરી સરળ થઈ શકશે. રશિયા અને સેન્ટ્રલ એશિયા સુધી પહોંચવું સરળ બની જશે. રશિયાના મંત્રી આંદ્રે નિકિતિને કહ્યું કે રશિયા અને પાકિસ્તાનના સહયોગમાં એવી તાકાત છે કે ક્ષેત્રીય સમીકરણ બદલાઈ જશે. રશિયાની પ્રતિબદ્ધતા છે કે પાકિસ્તાનની સાથે કનેક્ટિવિટી વધારવામાં આવે અને વ્યાપારમાં વૃદ્ધિ થાય.

### ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે આ હુમલાનું મુખ્ય ટાર્ગેટ રાજધાની કીવ

# રશિયાએ યુક્રેન પર ૫૫૦થી વધુ ડ્રોન-મિસાઈલો ઝીંકી

। (એજન્સી) કીવ, તા.૫ ।

રશિયાએ ૫૫૦ ડ્રોન અને મિસાઈલો છોડીને ફરી એકવાર યુક્રેન પર ભીષણ હવાઈ હુમલો કર્યો હતો. આ હવાઈ હુમલામાં યુક્રેનમાં ભારે વિનાશ વેરાયો હતો અને ઓછામાં ઓછા ૨૩ લોકો ઘાયલ થયા હતાં. યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ તેને રશિયાનો એક સૌથી ભીષણ હુમલો ગણાવ્યો હતો. રશિયાએ આ હુમલામાં ઈરાનના શાહેદ ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોનો પણ ઉપયોગ કર્યો હતો. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે આ હુમલાનું મુખ્ય ટાર્ગેટ રાજધાની કીવ હતું. અમારા સૈનિકો ૨૭૦ ડ્રોન-મિસાઈલોનો તોડી પાડ્યા હતાં. બીજા ૨૦૮ ડ્રોનને ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ મારફત જામ કરવામાં આવ્યાં હતાં. માત્ર કિવ જ નહીં, પરંતુ ડિનિપ્રો, સુમી, ખાર્કિવ અને ચેર્નિહિવ પ્રદેશોનો પણ ટાર્ગેટ કરાયા હતાં અને અત્યાર સુધીમાં ઓછા ૨૩



લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળે છે. અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન વચ્ચે ફોન પર એક કલાક સુધીની વાતચીત થયા પછી આ ભીષણ હુમલા થયા હતાં. પુતિન સાથે ટેલિફોનિક વાતચીત પછી યુએસ પ્રમુખ ટ્રમ્પે યુક્રેનની સ્થિતિ પ્રત્યે નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે સંઘર્ષના સમાધાનમાં કોઈ પ્રગતિ થઈ રહી નથી. અમે ઘણી બધી બાબતો વિશે વાતચીત કરી હતી, જેમાં ઈરાનનો પણ સમાવેશ થાય છે અને અમે યુક્રેનના યુદ્ધ વિશે પણ વાતચીત કરી હતી.

## અમેરિકાએ ભારતની એક સહિત છ કંપની ઉપર મૂક્યા પ્રતિબંધ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકાએ ઈરાનમાંથી ક્રૂડ ઓઈલ અને પેટ્રોકેમિકલ્સ બિઝનેસમાં સામેલ છ કંપનીઓ અને અનેક જહાજો પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં ભારત અને પાકિસ્તાનની પણ એક-એક ઓઈલ કંપની સામેલ છે. અમેરિકા ઈરાન પર આર્થિક દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ અંગે માહિતી અમેરિકાના વિદેશ મંત્રાલય અને ટ્રેઝરી વિભાગના ઓફિસ ઓફ ફોરેન અસેટ્સ કંટ્રોલ (OFAC)એ આપી છે.

પાકિસ્તાનના લાહોરમાં સ્થિત એલાયન્સ એનર્જી પ્રાઈવેટ લિ. અને નવી દિલ્હીની સાઈ સાબુરી કન્સલ્ટિંગ સર્વિસિઝના ઈરાન ક્રૂડ બિઝનેસ પર પ્રતિબંધ લાદ્યો છે. OFAC અનુસાર, આ કંપનીઓ ઈરાનના ક્રૂડ ઓઈલ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સને ગુપ્ત રૂપે મોકલવામાં સામેલ એક નેટવર્કનો હિસ્સો હોવાનો દાવો કરાયો છે. જે અમેરિકાના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર આર્થિક દબાણ લાદવા માગે છે. જેથી તેમણે ઈરાનની ક્રૂડ નિકાસને ઘટાડતાં પ્રતિબંધો મૂક્યા છે. અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ, બેલિસ્ટિક મિસાઈલ વિકાસ અને ક્ષેત્રીય પ્રભાવને સીમિત કરવા માગે છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે, અમે ઈરાનની કમાણીના સ્રોતોને ટાર્ગેટ બનાવતા રહીશું. જેથી ત્યાં નાણાકીય સંસાધનો ખૂટી પડે. અને તે ઝૂકવા મજબૂર બને.

પાકિસ્તાનની એલાયન્સ એનર્જી પ્રા.લિ. પહેલાંથી જ અમેરિકાના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા માટે બ્લેકલિસ્ટ થઈ ચૂકી છે. તદુપરાંત યુએઈ, ઈરાન અને પનામા સહિત કંપનીઓ અને તેના જહાજોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. સાઈ સાબુરી કન્સલ્ટિંગ સર્વિસિઝના બે એલપીજી ટેક્નર, નીલ અને બેટેલૂરના કોમર્શિયલ મેનેજર રૂપે કામ કરવાનો આરોપ છે. જે ઈરાન ક્રૂડના પરિવહનમાં સામેલ હતાં.



લિવરપૂલના ખેલાડીઓ પોર્ટુગલના પોર્ટો નજીક ગોંડોમારમાં તેમની ટીમ ડિઓગો જોટા અને તેમના ભાઈ આન્દ્રે સિલ્વાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે ચર્ચમાં જાય છે.

## વક્ફની સંપત્તિઓ અંગે કેન્દ્ર સરકારનો નવો નિયમ જાહેર કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્ર સરકારે વક્ફ કાયદા હેઠળ એક નવો નિયમ જાહેર કર્યો છે. આ નવો નિયમ વક્ફ પોર્ટલ અને વક્ફ સંપત્તિના ડેટાબેઝ, વક્ફ મિલકતોની નોંધણીની પદ્ધતિ અને તેના ઓડિટ સાથે સંબંધિત છે. નવા કાયદા હેઠળ, દરેક વક્ફ મિલકતની નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે, જેની માહિતી પોર્ટલ પર આપ વાની રહેશે.નવા નિયમો હેઠળ એક કેન્દ્રીયકૃત પોર્ટલ અને ડેટાબેઝ બનાવવામાં આવ્યું છે, જે દેશભરના વક્ફના સંપૂર્ણ રેકોર્ડ નોંધવામાં આવશે.આમાં વકફ મિલકતોની યાદી અપલોડ કરવી, નવી નોંધણી, વક્ફ રજિસ્ટરની જાળવણી, ખાતાઓ વિશે માહિતી પૂરી પાડવી, ઓડિટ રિપોર્ટ પ્રકાશિત કરવા અને બોર્ડના આદેશોની નોંધણીનો સમાવેશ થાય છે. વક્ફ સંપત્તિના મેનેજર (મુતવલ્લી) પ ોતાના મોબાઈલ નંબર અને ઈમેઈલ દ્વારા ઓટીપી દ્વારા લોગ ઈન કરીને પોર્ટલ પર નોંધણી કરાવશે. ત્યારબાદ વક્ફ અને તેની સંપ ત્તિની વિગતો અપલોડ કરી શકશે.વક્ફ સંપત્તિની રચનાના ત્રણ મહિનાની અંદર પોર્ટલ પર ફોર્મ ૪માં નોંધણી કરાવવી પડશે. વક્ફ બોર્ડ પોર્ટલ પર ફોર્મ ૫માં વક્ફનું રજિસ્ટર જાળવશે. નવા નિયમો વક્ફ (સુધારા) અધિનિયમ ૨૦૨૫ હેઠળ બનાવવામાં આવ્યા છે, જે આઠમી એપ્રિલ ૨૦૨૫થી અમલમાં આવ્યો છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુની સંમતિ મળ્યા બાદ કેન્દ્ર સરકારે ગયા મહિને વક્ફ (સુધારા) અધિનિયમ ૨૦૨૫ને સૂચિત કર્યું હતું.

# તંત્રી લેખ...

## હું મરાઠી નહીં શીખું, શું કરવું છે બોલ, ભાષા ઉપર વિવાદ

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો વિવાદ એક મોટો રાજકીય અને સાંસ્કૃતિક વિવાદનું રૂપ લઈ ચૂક્યો છે. હવે આ વિવાદમાં કેડિયોનોમિક્સના સ્થાપક સુશીલ કેડિયા જેવા રોકાણકારો પણ કૂદી પ ડ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, તેઓ મરાઠી નહીં શીખે. દિગ્ગજ રોકાણકાર સુશીલ કેડિયાએ સોશિયલ મીડિયા પર રાજ ઠાકરેને ટેગ કરીને એક પોસ્ટ કરી છે. જેમાં તેઓએ લખ્યું છે કે, મુંબઈમાં ૩૦ વર્ષ રહ્યા પછી પણ મને મરાઠી બરાબર આવડતી નથી અને તમારા ખરાબ વર્તનને કારણે મેં પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી તમારા જેવા લોકોને મરાઠી માનુષની સંભાળ રાખવાનો દેખાડો કરવાની મંજૂરી છે ત્યાં સુધી, હું પ્રતિજ્ઞા લઉં છું કે હું મરાઠી નહીં શીખું. શું કરવું છે બોલ? સુશીલ કેડિયાનું આ નિવેદન એક વાયરલ વીડિયો બાદ આવ્યું છે, જેમાં મીરા રોડ ખાતે એક દુકાનદાર પર કથિત રીતે મરાઠીમાં વાત ન કરવા પર હુમલો કરવામાં આવ્યો હતો. સ્દ્ગજી કાર્યકર્તાઓએ આ દુકાનદાર પર હુમલો કર્યો હતો. મુંબઈના મીરા રોડ ખાતે એક દુકાનદાર પર થોડા દિવસ અગાઉ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (સ્દ્ગજી)ના કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો, કારણ કે દુકાનદારે કથિત રીતે મરાઠીમાં વાત કરવાનો ઈનકાર કર્યો હતો. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ અને વીડિયો વાયરલ થઈ ગયો હતો.

## અદાણી વિદ્યામંદિરના વિવેકે ઓક્સફર્ડ યુનિ.માં પ્રવેશ સાથે અનોખી સિદ્ધી મેળવી

### AVMAથી વેઇડનફેલ્ડ-હોફમેન સ્કોલર સુધીની પ્રેરણાદાયી સફર



અદાણી વિદ્યામંદિરના મેધાવી છાત્ર વિવેકે વિશ્વ વિખ્યાત ઓક્સફર્ડ યુનિ.માં પ્રવેશ મેળવી અનોખી સિદ્ધી હાંસલ કરી છે. વિવેકને જૈવવિવિધતા, સંરક્ષણ અને નેચર રિકવરીમાં MSc કોર્સ માટે પ્રવેશપત્ર મળ્યો છે. તેને વેઇડનફેલ્ડ-હોફમેન સ્કોલર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં, વૈશ્વિક પડકારોનો ઉકેલ શોધી પરિવર્તનને સમર્થન આપતા આ સ્પર્ધાત્મક કાર્યક્રમને સંપૂર્ણ ભંડોળ પણ પૂરું પાડવામાં આવ્યું છે. ૨૦૦૯ માં વિવેક ચોવટિયા નામનો એક શરમાળ વિદ્યાર્થી અદાણી વિદ્યામંદિર અમદાવાદ (AVMA) માં પ્રવેશ્યો ત્યારે તેને સપનેય ખ્યાલ ન હતો કે એક દિવસ તે ઓક્સફર્ડમાં અભ્યાસ કરશે. એક સુરક્ષા ગાર્ડના પુત્ર તરીકે નમ્ર શરૂઆત કરતાં તેણે ઉંચા સપનાઓ જોયા હતા. તે સ્થિતિસ્થાપકતા, નિશ્ચય અને શિક્ષણની પરિવર્તનશીલ શક્તિનું ઉમદા ઉદાહરણ છે. વિવેકે AVMAના વર્ગખંડોમાં ભણતર સાથે જીવન ઘડતરના પાઠ શીખ્યા. સમર્પિત શિક્ષકોનું માર્ગદર્શન અને ગુરૂકુલ સમા વાતાવરણમાં તેણે પ્રખરતા સાબિત કરી. ૨૦૧૯ માં ૧૨મા ધોરણના PCB પ્રવાહમાં 85% માર્ક્સ મેળવી તેણે અસાધારણ સફર માટેનો માર્ગ મોકળો કર્યો. નવસારી કૃષિ યુનિવર્સિટીમાં ફોરેસ્ટ્રીમાં B.Sc. (Hons.) વિવેકને વાઈસ ચાન્સેલરનો ગોલ્ડ મેડલ મળ્યો. વર્ગખંડ ઉપરાંત તેણે દ્ગઝ્રઝ્ર નેવી કેડેટ કેપ્ટન તરીકે નેતૃત્વનું પ્રદર્શન કર્યું હતું. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ હૈદરાબાદ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેસ્ટ બાયોડાયવર્સિટી (ICFRE) ખાતે ઈન્ટર્ન તરીકે કેમ્પસ પ્લેસમેન્ટને દરકિનાર કરી વિવેકે છેલ્લા આઠ મહિનાથી ગુજરાત વન વિભાગ સાથે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જૈવવિવિધતા સંશોધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વિવેકની શૈક્ષણિક યાત્રાને ચાર ચાંદ ત્યારે લાગ્યા જ્યારે તેને ઓક્સફર્ડ યુનિવર્સિટી તરફથી જૈવવિવિધતા, સંરક્ષણ અને નેચર રિકવરીમાં એમએસસી માટે પ્રવેશ મળ્યો. વિવેક આ સફળતાનો સઘળો શ્રેય AVMA ને આપે છે. વિવેક જણાવે છે કે અદાણી વિદ્યામંદિરમાં મજબૂત શૈક્ષણિક પાયા, મૂલ્યો અને પ્રોત્સાહને મારી યાત્રાને નવો આકાર આપ્યો, ગુરુજનોએ મારી જિજ્ઞાસા સંતોષી ઉચ્ચ લક્ષ્યો પ્રાપ્ત કરવાની અલખ જગાવી. અમદાવાદની સાધારણ ગલીઓથી લઈને વૈશ્વિક મંચ સુધી પહોંચવાની આ સફળ વાર્તા એ સાબિત કરે છે કે વિશ્વાસ, સ્થિતિસ્થાપકતા અને સમર્પિત મહેનત સામે કોઈ પણ સ્વપ્ન અશક્ય નથી. ૨૦૦૯ માં વિવેક ચોવટિયા નામનો એક શરમાળ વિદ્યાર્થી અદાણી વિદ્યામંદિર અમદાવાદ (AVMA) માં પ્રવેશ્યો ત્યારે તેને સપનેય ખ્યાલ ન હતો કે એક દિવસ તે ઓક્સફર્ડમાં અભ્યાસ કરશે. એક સુરક્ષા ગાર્ડના પુત્ર તરીકે નમ્ર શરૂઆત કરતાં તેણે ઉંચા સપનાઓ જોયા હતા. તે સ્થિતિસ્થાપકતા, નિશ્ચય અને શિક્ષણની પરિવર્તનશીલ શક્તિનું ઉમદા ઉદાહરણ છે. વિવેકે AVMAના વર્ગખંડોમાં ભણતર સાથે જીવન ઘડતરના પાઠ શીખ્યા. સમર્પિત શિક્ષકોનું માર્ગદર્શન અને ગુરૂકુલ સમા વાતાવરણમાં તેણે પ્રખરતા સાબિત કરી. ૨૦૧૯ માં ૧૨મા ધોરણના PCB પ્રવાહમાં 85% માર્ક્સ મેળવી તેણે અસાધારણ સફર માટેનો માર્ગ મોકળો કર્યો. નવસારી કૃષિ યુનિવર્સિટીમાં ફોરેસ્ટ્રીમાં B.Sc. (Hons.) વિવેકને વાઈસ ચાન્સેલરનો ગોલ્ડ મેડલ મળ્યો. વર્ગખંડ ઉપરાંત તેણે દ્ગઝ્રઝ્ર નેવી કેડેટ કેપ્ટન તરીકે નેતૃત્વનું પ્રદર્શન કર્યું હતું. પર્યાવરણ, વન અને આબોહવા પ રિવર્તન મંત્રાલય હેઠળ હૈદરાબાદ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેસ્ટ બાયોડાયવર્સિટી (ICFRE) ખાતે ઈન્ટર્ન તરીકે કેમ્પ સ પ્લેસમેન્ટને દરકિનાર કરી વિવેકે છેલ્લા આઠ મહિનાથી ગુજરાત વન વિભાગ સાથે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જૈવવિવિધતા સંશોધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વિવેકની શૈક્ષણિક યાત્રાને ચાર ચાંદ ત્યારે લાગ્યા.

**એકંદરે આમાં એક સાંધો ત્યાં તેર તૂટે એવું છે. નરેન્દ્રભાઈ મોદીએ પહેલીવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા અને એ પછીની ૧૫ ઓગસ્ટ એ એમણે લાલ કિલ્લા પરથી પોતાનું પ્રવચન શરૂ કર્યું,**

# વિશ્વનાં ૧૯૫ દેશોમાંથી ૭૮ દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો ભારતમાં દર વર્ષે નોંધાય છે.



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજે ૧.૪૨ અબજ છે!: એટલે છેલ્લાં ૭૫ વર્ષમાં ૧.૬ અબજ વસ્તી વધી ગઈ! પૂરી જીવ સૃષ્ટિ કુદરતી રીતે જ પોતાના આનુવંશિક પરિબળોને કારણે પ ોતાનાં જેવાં જ બીજા સજીવને પેદા કરે છે. વનસ્પતિ અને પ્રાણીઓ પણ આ જ રીતે પ ોતાના જેવાં બીજા સજીવ પેદા કરે છે, અને આ રીતે આખી જીવ સૃષ્ટિ નિર્માણ પામીને સમયાંતરે નિર્વાણ પામે અને આમ આખી કુદરતી સાયકલ ચાલે! એટલે કે જન્મ મરણનું ચક્ર ચાલે.**

૧૧/૭ એ વસ્તી વધારો દિવસ, આ દિવસ ઉજવવાની શરૂઆત ૧૯૮૯ માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા કરવામાં આવી હતી અને એનો ઉદ્દેશ વધતી જતી વસ્તીને કારણે ઉદભવતી સમસ્યા પર ધ્યાન દોરવાનો હતો. ૧૯૮૭ ની છેલ્લી વસતી ગણતરી મુજબ વિશ્વની વસ્તી ૫ અબજ થઈ! એટલે પાંચ અબજ દિન તરીકે યાદ કરાય છે. દિવસે દિવસે જે રીતે વસ્તી વધી રહી છે, અને એ પણ જેને ખાવાનાં સાંસા હોય એવાં વર્ગની વસ્તી વધતી જ જાય છે, અને આગળ જતાં એ બાળકો અભાવાને કારણે વિકૃત થતાં જાય છે, અને સમાજમાં હિંસા અને અશાંતિ ફેલાવે છે, એ જોઈ ચિંતા ચિંતન કરાવે છે. વૈશ્વિક વસ્તીની વાત કરીએ તો યુનાઈટેડ સ્ટેટસ સેન્સ બ્યૂરો દ્વારા પ્રકાશિત કરાયેલા પેપર અનુસાર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ વિશ્વની વસ્તી ૬.૫ અબજના આંકને સ્પર્શી ગઈ હતી, અને છેલ્લે ૨૦૨૪ મુજબ વિશ્વની વસ્તી ૮.૨ અબજ હતી, અને આજે ૨૦૨૫ ચાલે છે એટલે .. જોકે ભવિષ્યવેત્તા ઓ કહે છે ૨૧૦૦ સદીના અંતમાં વસ્તી ઘટશે! ૨૦૨૩ માં ઉઝ્ર દ્વારા ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે, એવું તારણ નીકળ્યું છે. સ્ટેટ ઓફ પ ોપ્યુલેશનનાં જાન્યુઆરીના રિપ ોર્ટ મુજબ ભારતની વસ્તી ૧.૪૬ અબજ છે. વિશ્વમાં ૧૯૫ દેશ છે, અને આટલાં દેશની વસ્તી ૮.૨ અબજ જ્યારે ભારતની વસ્તી ૧.૪૬ અબજ ! બાપરે! અને એ પણ ભૌગોલિક રીતે સિમિત ક્ષેત્રમાં એટલે કે જમીનની રીતે આપણી પાસે આટલાં લોકોનું રહેવું બહુ જ મુશ્કેલ છે! પણ છતાં ક્યાંક ને ક્યાંક તો રહેતા જ હશે! વિશ્વની વસ્તી ૧૯૮૭ માં ૫ અબજ હતી, અને આજે ૨૦૨૫ માં ૮.૨ અબજ છે, અંદાજે એક દાયકે એક અબજ વસ્તી વધી એવું તારણ નીકળે. જ્યારે ભારતની વાત કરીએ તો ૧૯૫૧ માં ભારતની વસ્તી ૩૬ કરોડ હતી અને આજે ૧.૪૨ અબજ છે!: એટલે છેલ્લાં ૭૫ વર્ષમાં ૧.૬ અબજ વસ્તી વધી ગઈ! પૂરી જીવ સૃષ્ટિ કુદરતી રીતે જ પોતાના આનુવંશિક પ રિબળોને કારણે પોતાનાં જેવાં જ બીજા સજીવને પેદા કરે છે. વનસ્પતિ અને પ્રાણીઓ પણ આ જ રીતે પોતાના જેવાં બીજા સજીવ પેદા કરે છે, અને આ રીતે આખી જીવ સૃષ્ટિ નિર્માણ પામીને સમયાંતરે નિર્વાણ પામે અને આમ આખી કુદરતી સાયકલ ચાલે! એટલે કે જન્મ મરણનું ચક્ર ચાલે. માનવીય શરીરને એક સ્ત્રી જન્મ આપે છે, અને ૧૪ થી ૪૫ વર્ષ સુધી સ્ત્રી માટે પ્રજનન કાળ ગણવામાં આવે છે. વધતી જતી વસ્તીને કન્ટ્રોલ કંઈ રીતે કરવી એવો કોઈ પ્રશ્ન થાય તો એનાં બહુ ઉપાય આપણને મળતા નથી! કારણકે પોતાને કેટલાં સંતાન જોઈએ છે! એ દરેકનો વ્યક્તિગત વિષય થાય, એમાં કોઈ રોકટોક કરી શકાય નહીં! એટલે કે કાયદાકીય રીતે કોઈ ઉપાય મળે નહીં. બીજું જન્મથી મૃત્યુનો દર વધું હોય તો વસ્તી ઘટી શકે! પણ ચીન જેવું ઘાતકી આપણે વિચારી શકીએ નહીં! ઉલટું વૈજ્ઞાનિક વિકાસને કારણે ખાધેપીધે સુખી મનુષ્યનું સરેરાશ આયુષ્ય વધતું જાય છે! જોકે કુદરતમાં પોતાની રીતે સરભર કરવાં કુદરતી અને કુત્રિમ દુર્ઘટના ઘટતી જ હોય છે અને એમ એકસાથે કેટલાંય મૃત્યુ થાય છે, પણ છતાં મૃત્યુ અંક વસ્તી વધારાના પ્રમાણમાં ઓછો હોવાથી વસ્તી વધતી જ જાય છે, કારણકે અમુક કોમ પ ોતાનું વર્ચસ્વ વધારવાં વધુ ને વધુ બાળકો પેદા કરે છે. હાલ એક જ વિકલ્પ છે, અને એ સ્ત્રીઓની ફળદ્રુપતાનો દર ઘટે તો વસ્તી ઘટે! જોકે વર્કીંગ વુમનનાં તણાવ ગ્રસ્ત જીવનને કારણે એ દર નહીવત ઘટયો છે. આપ ણને સૌને એમ છે કે યુરોપના દેશોની વસ્તી ઓછી છે, એટલે તેનું આર્થિક અર્થતંત્ર મજબૂત છે! પણ હકીકતમાં યુરોપના દેશો વચ્ચે બે વિશ્વ યુદ્ધમાં મોટા પાયે યુવાનો મૃત્યુ પામ્યાં અને એટલે યુરોપની વસ્તી ઓછી થઈ ગઈ! અને વસ્તી ઓછી હોવાથી એ દેશ માનવીય વિકાસ માટેના દરેક ક્ષેત્રે આર્થિક રીતે પહોંચી વળે છે. રશિયામાં વધુ સંતાન કરવાં પ્રોત્સાહન આપવામાં આવે છે, જાપાનમાં વૃદ્ધોનું આયુષ્ય વધતાં યુવાનોની ખોટ પડી છે. યુરોપનાં દેશો પોતાની શક્તિ વધારવાં લાખો શરણાર્થીઓને સમાવ્યાં, અમેરિકા જેવા વિકસિત દેશોએ વિશ્વભરનાં લોકોને ઉચ્ચ જીવન ધોરણ આપવા માટે વસવાટની છૂટ આપી! એનો મતલબ થાય કે એમની માટે વસ્તી વધારો એ ગંભીર સમસ્યા નથી! કારણકે એ બધાં દેશ જમીનની રીતે મોટું ક્ષેત્રફળ ધરાવે છે, જ્યારે આપણે ત્યાં એક ૧૦ બાય ૧૦ ની રુમમાં એની કેપેસીટીથી વધુ લોકોને એનાં સામાન સાથે સમાવવા જેટલું અઘરું પડે એટલું જ અઘરું પડે છે. ૨૦૧૮ ના વર્લ્ડ બૅંકના રિપોર્ટ મુજબ ૧૯૫ દેશની યાદીમાં ભારત હેલ્થ ઈન્ડેક્સમાં ૧૪૫માં નંબરે છે. જ્યારે આજે ભારત ૧૧૧ મુ સ્થાન ધરાવે છે! એટલે કે મૃત્યુ દર ઓછો થયો અને જન્મનું પ્રમાણ વધ્યું, એટલે વધતી જતી વસ્તીની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે પ ાણી, જમીન, ખેતી, અનાજ બધું પુરું પડે એમ નહોતું! અને એટલે વૈજ્ઞાનિક અભિગમથી વિકાસ સાધ્યો, અને એ બધામાં પ્રદૂષણ આવ્યું, ઉપરાંત ઉદ્યોગની વિવિધતાને કારણે તેમજ પ ેટ્રોલ ડીઝલના બહોળા ઉપયોગ ને કારણે હવામાં પ્રદૂષણ વધ્યું. વસ્તી વધારાને કારણે પ્રાથમિક જરૂરિયાતોની માંગ વધી! એટલે મોંઘવારી વધી અને એટલે ઓછી આવક ધરાવતાં પરિવાર તેમજ તેના બાળકો જન્મથી જ કુપોષણનો ભોગ બન્યા! ભારતમાં દર વર્ષે ક્યાંક અતિ વૃ ષ્ટિ તો ક્યાંક દુષ્કાળ! તો ક્યાંક વાવાઝોડું, ક્યારેક ધરતીકંપ સુનામી, પૂર! ઉપરાંત આતંકને કારણે દેશ કેટલુંય નુકશાન ભોગવે! જોકે એમાં કેટલાંય મૃ ત્યુ પણ થાય છતાં પરિસ્થિતીમાં કોઈ ફેર નથી! કારણકે વિશ્વમાં માં દર સેકન્ડે ૪.૨ બાળક જન્મે છે અને ૨ મૃત્યુ પામે છે. વિશ્વમાં જન્મેલા ૧૦૦૦ બાળક માંથી ૧૭૩ બાળક ભારતના હોય છે, અને એટલે ૧૯૫ દેશમાંથી ૭૮ દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો તો આપણે દર વર્ષે વધે છે. એકંદરે આમાં એક સાંધો ત્યાં તેર તૂટે એવું છે. નરેન્દ્રભાઈ મોદીએ પહેલીવાર વડાપ્રધાન તરીકે શપ થ લીધા અને એ પછીની ૧૫ ઓગસ્ટ એ એમણે લાલ કિલ્લા પરથી પોતાનું પ્રવચન શરૂ કર્યું, ત્યારે કહ્યું હતું કે, ૧૩૦ કરોડ દેશવાસીઓ, હું ભારતનાં આર્થિક વિકાસ માટે... એટલે સરકારે આ દસ વર્ષમાં શું કર્યું કે એ આજનો વિષય નથી, પણ એક દાયકામાં ભારતની વસ્તી ૧૨ કરોડ વધી ગઈ છે, જે મોટી સમસ્યા છે!; અને સરકાર ગમે તે હોય વસ્તી જ્યારે આ રીતે વધતી હોય, ત્યારે આટલી મોટી જન સંખ્યાની પ્રાથમિક જરૂરિયાત! એટલે કે રોટી કપડાં અને મકાન ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, રાંધણ ગેસ, વીજળી, ઈન્ટરનેટ બધું આપી શકવું શક્ય જ નથી! વધતી જતી ઝૂંપડપટ્ટી જોઈને, નરેન્દ્રભાઈ આવાસ યોજના હેઠળ દરેકને મકાન મળ્યાં કે નહીં? એ પ્રશ્ન છે, પણ પ્રમાણમાં પીવાનું પાણી, રેશન, શિક્ષણ, રાંધણ ગેસ, દવા એટલે કે હોસ્પિટલ ફેસેલિટી, વિજળી અને ઈન્ટરનેટ ગામડે ગામડે પહોંચી ગયું છે! ઈન્ટરનેટને વિકાસ કહેવો કે કેમ? એ પ્રશ્ન પણ છે! કારણકે શ્રમજીવી પ્રજાને ઈન્ટરનેટ દ્વારા સોશિયલ મીડિયાનું ઘેલું લાગશે તો? જોકે સોશિયલ મીડિયા સિવાય ઈન્ટરનેટના ઘણાં ઉપ યોગ છે, અને એ રીતે ખેતીથી શરૂ કરી દરેક ક્ષેત્રમાં કંઈ રીતે વધુ ને વધુ સારું પરિણામ મેળવી શકાય છે.

**આજે દ્રૌપદી રડે છે પણ દ્વારિકા નાથને દયા આવતી નથી. નહીંતર દ્રૌપદી રડે એ શ્રીકૃષ્ણ જોઈ રહે?**

# જીંદગીની રમત પણ અજીબ છે જે લોકો કોઈને તકલીફ નથી આપતા એમના જીવનમાં જ તકલીફ હોય છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે.એ જોડી આ શરીર રથમાં બેઠી છે.ઇન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુનેસોંપ શો તો કલ્યાણ થશે. ઇન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે.યુધિષ્ઠિરએ**

જો જીવનમાં શાંતિ જોઈતી હોય તો જીવનમાંથી કોણ શબ્દ કાઢી નાખો. કોણ શું કરે છે?કોણે કોની જોડે સંબંધ છે? કોણ કોની ઘરે આવે છે? કોણ કેટલું કમાય છે? કોણ ક્યારે આવ્યું? ક્યારે ગયું? કોણ કોના માટે કામ કરે છે? કોણે મારા માટે શું કર્યું?અને છેલ્લે મારું કોણ છે આ દુનિયામાં ? જિંદગી સરળ થઈ જશે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બાર વર્ષ પછી સુખદેવજી વ્યાસા શ્રમમાં દોડતા દોડતા આવ્યા છે શુકદેવજીએ વ્યાસજીને સાષ્ટાંગ પ્રણામ કર્યા છે વ્યાસજીએ શુકદેવજીને છાતી સરસો ચાંપ્યો છે શુકદેવજી એ કહ્યું પિતાજી આ શ્લોક મને ભણાવો પછી વ્યાસજીએ શુકદેવજીને ભાગવત ભણાવ્યું અને આ પ્રમાણે ભાગવત શાસ્ત્રનો પ્રચાર કેવી રીતે કરવો તે વ્યાસ ભગવાનની ચિંતાનો અંત આવ્યો.

ભાગવતના ગુણો એવા મધુર છે કે,સર્વને પોતાની તરફ ખેંચી લે છે તો પછી શુકદેવજીનું મન તેઆકર્ષે તેમાં શું નવાઈ?આત્મામાં રમણ કરવાવાળા નિગ્રંથ મુનિઓ પણ ફળની આશાવગર ભક્તિ કરે છે, કારણ કે ભગવાનના ગુણો એવા મધુર છે કે,તે સર્વને પોતાની તરફ ખેંચી લે છે.''

આ ગ્રંથના ખરા અધિકારી આત્મારામ છે, કારણ કે શ્રીકૃષ્ણ સર્વના આત્મારૂપ છે. વિષરામને આ ગ્રંથ સાંભળવાની ઈચ્છા થતી નથી.

ભગવાનની કથામૃતનું પ ાન કરતાં ભૂખ અને તરસ પણ ભૂલાય છે, તેથી તો દસમ સ્કંધના પહેલા અધ્યાયમાં પરીક્ષિત રાજા પણ કહે છે કે, પહેલાં મને ભૂખ અને તરસ લાગતાં હતાં,પણ ભગવાન ની કથામૃતનું પાન કરતાં હવે મારા ભૂખતરસ અદૃશ્ય થયાં છે.એ કહે છે કે,હું આપના મુખકમળમાંથી નીકળતું શ્રી હરિકથારૂપી અમૃતનું પ ાન કરી રહ્યો છું, તેથી આ અતિ દુઃસહ ક્ષુધા પણ મને પીડા કરતી નથી. અમૃત મૂકીને એવા અન્ન જળ તરફ મન જતું જ નથી,અને કથા સાંભળતા તૃપ્તિ થતી નથી.

ભોજન ખાતર ભોજન કરવાનું નથી. ભોજન તો ભજનનું માત્ર સાધન છે. માટે ક્ષુધા નહીં તેટલું જ ભોજન કરવું. સૂતજી કહે છે કે, તે પ છી આ કથા શુકદેવજીએ રાજા પરીક્ષિતને સંભળાવી. મારા ગુરુદેવ પણ ત્યાં હતાં. તેમણે આ કથા મને કહી તે તમને સંભળાવું છું.હવે હું તમને પરીક્ષિતનાં જન્મ કર્મ અને મોક્ષની તથા પ ાંડવોના સ્વર્ગારોહણની કથા કહું છું.હવે વ્યાસજી પાંચ પ્રકારની શુદ્ધિ બતાવવા પંચાધ્યાયની કથા શરૂ કરે છે. પિતૃશુદ્ધિ, માતૃ શુદ્ધિ, વંશ શુદ્ધિ,અન્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ જેનાં આ પાંચ શુદ્ધ હોય તેનેપ્રભુ દર્શનની આતુરતા જાગે. આતુરતા વગર ઈશ્વર દર્શન થતાં નથી.પરીક્ષિત રાજામાં આ પાંચેય શુદ્ધિ હતી તે બતાવવા આગળની કથા કહેવામાં આવે છે.૭ થી ૧૧ પાંચ અધ્યાયોમાં બીજ શુદ્ધિની કથાછે.૧૨મા અધ્યાયમાંપરીક્ષિત ના જન્મની કથા છેકૌરવોપાંડવોનું યુદ્ધ પૂરું થયું.પછી અશ્વત્થામાએ વિચાર્યું કે,હુંપણ કપટથી પાંડવોને મારીશ. પાંડવો જ્યારે સૂઈ ગયા હશેત્યારે હું તેમને હણી નાખીશ.

પણ જેને પ્રભુ રાખે તેને કોણમારી શકે?પ્રભુએ સૂતેલા પ ાંડવોને જગાડ્યા છે અને કહ્યું કે, મારી સાથે ગંગાકિનારે ચાલો! પ ાંડવોને શ્રીકૃષ્ણ ઉપર દૃઢવિશ્વાસ. દ્વારિકા નાથ કહે તે જ કરવાનું. તેઓ કોઈ પ્રશ્ન પૂછતા નથી,પણ પ્રભુને આધીન છે. જે પ્રભુને આધીન છે તે જ ખરો સ્વતંત્ર છે.એવા પાંડવોના કુળમાં પ રીક્ષિતનો જન્મ થયો છે.પાંડવોને લઈ શ્રીકૃષ્ણ ગંગાકિનારે આવે છે. પ્રભુએ કહ્યું હોવા છતાં દ્રૌપ દીના પુત્રો આવતા નથી.કહેછે કે, એમને ઊંઘ આવે છે પરિણામે અશ્વત્થામાએ દ્રૌપદીના પુત્રોને માર્યા.

આજે દ્રૌપદી રડે છે પણ દ્વારિકા નાથને દયા આવતી નથી. નહીંતર દ્રૌપદી રડે એ શ્રીકૃષ્ણ જોઈ રહે?

આ જીવ સર્વપ્રકારે સુખી થાય એ યોગ્ય નથી.એકાદ દુઃખ તો મનુષ્ય ના હૃદયમાં હોવું જ જોઈએ. કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે,પ ાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે,સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે.પાંડવોને આ સુખ માં કદાચ અભિમાન થશે તો તેમનું પતન થશે.આવા શુભ હેતુ માટે ઠાકોર જી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે.સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું.ભગવાનજીવ ને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો.તે પછી અશ્વ ત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે. અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી,ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે.અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે.પ ુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે,ને અશ્વત્થામાને વંદન કરે છે.કહે છે મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો.પ ોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે.

આ સાધારણ વેરી નથી.પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણ માની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણેઆવ્યો હોય તો તમે જયશ્રીકૃષ્ણ કહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે.

વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે.

અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે, દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે. તું વેરનો બદલો પ્રેમથી આપે છે,ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે. શરીર જેનું સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમતો નથી, પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપ કારનો બદલો ઉપકારથી આપે ત્યારે.દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી ઘો. મારશો નહીં. આ ગુરુપુત્ર છે.જે વિદ્યા દ્રોણાચાર્યે પોતાના પુત્રને ન આપી તે તમને આપી. ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાયલૂલી,લંગડી,વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે. ભેંસના શુકન માનવામાં આવતા નથી.ગાય અને બ્રાહ્મણ વંદનીય છે.

દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે.એ જોડી આ શરીર રથમાં બેઠી છે.ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુનેસોંપશો તો કલ્યાણ થશે.ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે.યુધિષ્ઠિરએ ધર્મ છે. ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે.આ ચાર ગુણ વાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે?જ્યારે દ્રૌપદી દયા તેની પત્ની બને છેત્યારે જીવ-દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે ત્યારે. દ્રૌપદી ક્યારે મળે? ધર્મને મોટો માને ત્યારે.પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને.આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે,પણ માનવજીવનમાં ધન મુખ્ય નથી,ધર્મ મુખ્ય છે.ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો,ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી,પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે. તે પતિના મર્યા પછી પ ુત્રના આશ્વા સને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃસાસો લેશોનહીં. કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં. જગતમાં બીજાને રડાવશો નહીં, જાતે રડજો. રડવાથી પાપ બળે છે. રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે, આ બાલ હત્યારા ઉપર દયા હોતી હશે?અર્જુન વિચારમાં પડયા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપ દી કહેછે તે બરાબર છે.દ્રૌપદી ના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે, આત તાયીને મારવામાં પાપ નથી.તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે,બ્રાહ્મણનું અપમાનએ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી.



# પ્રિયંકા ચોપરાએ અક્ષય કુમારને ટોમ ક્રુઝ સાથે સરખાવ્યો

## આ ફિલ્મમાં પ્રિયંકા જોહ્ન કેના અને ઇદ્રિસ એલ્બા સાથે એક્શન સીન કરતી જોવા મળે છે, ખાસ તો તેના લંડન પ્રીમિયરની ચર્ચા છે

પ્રિયંકા ચોપરા હમણા તેની હોલિવૂડ ફિલ્મ ‘હેડ્ઝ ઓફ સ્ટેટ’ના પ્રમોશનમાં વ્યસ્ત છે, જેમાં તેનો ‘દયા અવતાર’ એટલે કે પાવરફુલ અવતાર જોવા મળ્યો છે. પ્રિયંકાએ થોડાં વખત પહેલાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો હતો, જેમાં તે સીઆઈડીના દયાની જેમ દરવાજો તોડતી જોવા મળે છે. આ ફિલ્મમાં પ્રિયંકા જોહ્ન કેના અને ઈદ્રિસ એલ્બા સાથે એક્શન સીન કરતી જોવા મળે છે. ખાસ તો તેના લંડન પ્રીમિયરની ચર્ચા છે. પ્રિયંકા પોતાના મૂળ અને પોતાના દેશની વાત કરવાની એક પણ તક છોડતી નથી. આ અંગે પ્રિયંકાએ રેડ કાર્પેટ પર ગ્લોબલ મીડિયા સામે પોતાના સ્ટંટ આંગે વાત કરતાં એણે કહ્યું, ‘‘ટોમ ક્રુઝ અને અક્ષય કુમાર જે કરે છે એ મને બહુ ગમે છે. એ લોકો આ કામમાં બહુ સારા છે. મને નથી લાગતું મારામાં ઉડતાં પ્લેનમાંથી લટકવાની હિંમત હોય, કે હું એ પ્રકારના કામ કરી શકું.’’પ્રિયંકાએ આગળ કહ્યું,‘‘પણ મને મોટી એક્શન ફિલ્મનો ભાગ હોવં બહુ ગમે છે. આપણે ઘણા લોકોનાં ખભા પર ઉભા રહીએ છીએ – સ્ટંટની એક મોટી ટીમ છે, જેણે મને આ બધું કરવામાં ઘણી મદદ કરી.’’તેની આ વાત પર સોશિયલ મીડિયા પર પ્રિયંકાના ઘણા વખાણ થયાં છે, ખાસ તો આંતરરાષ્ટ્રીય મંચ પર અક્ષય કુમારનું નામ લેવા પર એક વ્યક્તિએ લખ્યું,‘‘એ જગ્યાએ અક્ષયનું નામ લીધું એ બહુ સારી વાત છે, તમારા દેશના લોકોના હોલિવૂડમાં જઈને વખાણ કરવા એ ઘણી સારી વાત છે.’’આગળ પ્રિયંકાના વખાણમાં લોકોએ એવું પણ કહ્યું કે પ્રિયંકા બોલિવૂડના નાં ગ્લોબલ લેવલે જાહેર કરવામાં ક્યારેય પાછી પડતી નથી. તે પશ્ચિમમાં હિન્દી સિનેમાની પ્રતિનિધિ છે. પ્રિયંકાના આ ગુણ બાબતે સોશિયલ મીડિયામાં ઘણી ચર્ચા થઈ અને લોકોએ તેના વખાણ કર્યા હતા. તેને લોકોએ બે સંસ્કૃતિ વચ્ચેનો બ્રીજ ગણાવી હતી. આ સાથે એક વખત સિટાડેલના પ્રમોશન વખતે પ્રિયંકાએ સંજય લીલા ભણસાલીના વખાણ કર્યા હતા અને હવે તેણે આ રીતે અક્ષય કુમારને યાદ કરવા બદલ તેને લોકોએ આઈકોનિક ગણાવી હતી.જો પ્રિયંકાની ઈન્ડિયન ફિલ્મની વાત કરીએ તો તે મહેશ બાબુ સાથે રાજામૌલીની ફિલ્મમાં કામ કરી રહી છે. પરંતુ આ કોઈ બોલિવૂડ ફિલ્મ નથી. તેથી પ્રમોશન વખતે પ્રિયંકાએ અક્ષયને યાદ કરવા સાથે એવું પણ કહ્યું હતું કે તે બોલિવૂડને મિસ કરે છે. તેણે કહ્યું, ‘‘હું હિન્દી ફિલ્મો મિસ કરું છું અને હું ઈન્ડિયાને બહુ મિસ કરું છું. આ વર્ષ હું ઈન્ડિયામાં કામ કરી રહી છું.

# ભારતના ચંપલ અને રિક્ષાએ આંતરરાષ્ટ્રીય ફેશનને ચમક આપી

## તાજેતરમાં ઇટાલાની જાણીતી ફેશન બ્રાન્ડ પ્રાડાએ મિલાન ફેશન વીકમાં પોતાનું સ્પ્રિંગ સમર ૨૦૨૬ કલેક્શન રિલીઝ કર્યુ હતું





સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા છે કે ફેશન બાબતે ભારતના લોકોને વિદેશની મોટી બ્રાન્ડનું ઘેલું છે અને તેઓ વિદેશી પેશન બ્રાન્ડની વસ્તુઓનો દેખાડો કરવામાં પણ ગૌરવ લેતાં હોય છે. જ્યારે સ્થાનિક હસ્ત કારીગરોએ બનાવેલાં કળાના ઉત્તમ નમૂના સમાન ઉત્પાદનોની કિંમત આપવામાં તેમને તકલીફ પડતી હોય છે. પણ જ્યારે કોઈ વિદેશી બ્રાન્ડ કે વિદેશી સેલેબ્રિટી ઈન્ડિયન હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ પાની બ્રાન્ડના નામ સાથે બજાર મુકે છે, ત્યારે તેઓ આ વસ્તુઓ પાછળ પડે છે. આવું જ હવે દેશના દેસી, સસ્તા અને ટકાઉ કોલ્હાપુરી ચપ્પલ, ભારતીય કુર્તા અને ભારતની ઓટો રીક્શામાં થયું છે. દુનિયાની સૌથી મોટી બ્રાન્ડ ગણાતી લુઈ વુટોં અને પ્રાડાએ ભારતીય કળા અને જીવનશૈલીમાંથી પ્રેરણા લીધી છે, ત્યારથી તેઓ ટ્રોલ પણ થઈ રહ્યાં છે અને ચર્ચામાં પણ છે. તાજેતરમાં ઈટાલાની જાણીતી ફેશન બ્રાન્ડ પ્રાડાએ મિલાન ફેશન વીકમાં પોતાનું સ્પ્રિંગ સમર ૨૦૨૬ કલેક્શન રિલીઝ કર્યુ હતું. જેમાં સમગ્ર ભારતમાં કોલાપુરી ચપ્પલથી જાણીતા ટી-ડિઝાઈનનાં ચપ્પલ સાથે પ્રાડાનાં મોડેલ રૅમ્પ વૉક કરતાં દેખાયાં હતાં.આ સાથે જ સોશિયલ મીડિયા પર બ્રાન્ડ દ્વારા ડિઝાઈનની ઉઠાંતરી કરીને બ્રાન્ડના નામ પર મોટી કમાણી કરશે એવી પણ ચર્ચા સાથે બ્રાન્ડનું ટ્રોલિંગ શરુ થયું હતું. પરંતુ તાજેતરના અહેવાલો મુજબ તેઓ હવે મહારાષ્ટ્રની ચેમ્બર ઓફ કોમર્સ સાથે ૫૫ જુલાઈએ એક વર્ચ્યુઅલ મીટિંગ કરવાના છે અને તેઓ કોલાપુરી ચપ્પલ ઈન્સ્પાયર્ડ પુરષોના સેન્ડલ માટે આ કારીગરો સાથે કોલબરેશન કરવાના હોવાના અહેવાલો છે. તેમણે ૩૦ જુને એક લેટર લખીને આ અંગે ચેમ્બર ઓફ કોમર્સને જાણ કરી છે. તેનાથી ફેશનની દુનિયામાં સિદ્ધાંતો પણ અનુસરાશે અને તેઓ એ પણ સાબિત કરશે કે વારસો તેમજ સર્જનાત્મકતા સાથે મળીને કામ કરી શકે છે. તેના માટે તેઓ મહારાષ્ટ્રના મુંબઈ અથવા કોલાપુરમાં પ્રાડા આર્ટીસન એક્સેલન્સ લૅબ પણ શરૂ કરી શકે છે, જેથી સ્થાનિક કલાકારોને યોગ્ય શ્રેય અને આર્થિક વળતર બંને મળી શકે. કોલાપુરી ચપ્પલને ભારતમાં જીયોગ્રાફિકલ ઈન્ડિકેશન ટૅગ પ્રાપ્ત થયેલું છે, આ એવા લેધરના હાથથી બનેલા ચપ્પલ છે, જે તેની મજબુતી અને બારીક કારીગરી માટે જાણીતા છે અને મહારાષ્ટ્રની સંસ્કૃતિ સાથે વણાયેલાં છે. આ ચપ્પલની કિંમત ભારતના માર્કેટમાં ૫.૫૦થી ૨ લાખ હોવાની ચર્ચા છે.લુઈ વુટોંએ તાજેતરમાં સ્પ્રિંગ સમર ૨૬ કલેકશન લોંચ કર્યુ છે, જેમાં તેમણે ભારતની ઓટો રિક્શા આકારના હેન્ડ બૅગ્ઝ બનાવ્યા છે, જેમાં તેમનો ઈન્ડિયન સ્ટ્રીટ કલ્ચર અને લક્ઝરીના મિશ્રણની વાત કરી છે. આ બૅગ્સ સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. આ હૅન્ડ બેગ્ઝના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. લુઈ વુટોંની વિશ્વ પ્રખ્યાત લેધરની બ્રાઉન પ્રિન્ટેડ બૅગ્ઝમાં યલો લેધરના ત્રણ વ્હીલ અને ટ્રાન્સપરન્ટ શીટ ઉમેરીને તેને રિક્ષાનો આકાર અપાયો છે. ખાસ તો સમૃદ્ધ એનઆરઆઈ અને હોલિવૂડ સેલેબ્રિટીને આકર્ષવા માટેની આ સ્ટ્રેટેજી હોવાની ચર્ચા છે. આ બેગની રિક્ષા કરતાં પણ ઘણી વધારે છે. તેની કિંમત ૩૫ લાખ હોવાનું અનુમાન છે. આવું કરનારા લુઈ વુટોં અને પ્રાડા પહેલાં નથી. આ પહેલાં ૨૦૦૮ના સ્પ્રિંગ કલેક્શનમાં હર્મીસે બ્રોકેડની બોર્ડરવાળી ળીલ શોર્ટ કૂર્તી અને દુપટ્ટા લોંચ કર્યા હતાં. જ્યારે શેનેલ દ્વારા ૨૦૫૨ના પોલ કલેક્શનમાં ભારતનાં બંધ ગળાના કૂર્તામાંથી

### પ્રાડાનાં દોઢ- બે લાખના કોલ્હાપુરી ચંપલ



આ ચપ્પલની કિંમત ભારતના માર્કેટમાં ૫.૫૦થી ૨ લાખ હોવાની ચર્ચા છે.લુઈ વુટોંએ તાજેતરમાં સ્પ્રિંગ સમર ૨૬ કલેકશન લોંચ કર્યુ છે, જેમાં તેમણે ભારતની ઓટો રિક્શા આકારના હેન્ડ બૅગ્ઝ બનાવ્યા છે, જેમાં તેમનો ઈન્ડિયન સ્ટ્રીટ કલ્ચર અને લક્ઝરીના મિશ્રણની વાત કરી છે. આ બૅગ્સ સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. આ હૅન્ડ બેગ્ઝના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. લુઈ વુટોંની વિશ્વ પ્રખ્યાત લેધરની બ્રાઉન પ્રિન્ટેડ બૅગ્ઝમાં યલો લેધરના ત્રણ વ્હીલ અને ટ્રાન્સપરન્ટ શીટ ઉમેરીને તેને રિક્ષાનો આકાર અપાયો છે. ખાસ તો સમૃદ્ધ એનઆરઆઈ અને હોલિવૂડ સેલેબ્રિટીને આકર્ષવા માટેની આ સ્ટ્રેટેજી હોવાની ચર્ચા છે. આ બેગની રિક્ષા કરતાં પણ ઘણી વધારે છે. તેની કિંમત ૩૫ લાખ હોવાનું અનુમાન છે. આવું કરનારા લુઈ વુટોં અને પ્રાડા પહેલાં નથી. આ પહેલાં ૨૦૦૮ના સ્પ્રિંગ કલેક્શનમાં હર્મીસે બ્રોકેડની બોર્ડરવાળી ળીલ શોર્ટ કૂર્તી અને દુપટ્ટા લોંચ કર્યા હતાં. જ્યારે શેનેલ દ્વારા ૨૦૫૨ના પોલ કલેક્શનમાં ભારતનાં બંધ ગળાના કૂર્તામાંથી પ્રેરિત પૅરિસ બોમ્બે જેકેટનું કલેક્શન લોંચ કરવામાં આવ્યું હતું.

# આમિર ખાનનો ‘કૂલી’માંથી દાહા લૂક થયો વાયરલ

રજનીકાંતની ફિલ્મ ‘કૂલી’ ઘણા સમયથી ચર્ચામાં છે. આ એક મોટા બજેટની ફિલ્મ છે અને રજનીફૅન્સ તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લોકેશ કનગરાજની આ ફિલ્મમાં કેટલાંક સુપર સ્ટારના કેમિયો છે, તેમાં આમિર ખાનનો કેમિયો પણ ચર્ચામાં છે, આ પ્રકારની એક્શન ફિલ્મમાં આમિર ખાન કેવો રોલ કરશે, તે અંગે દરેકને ઉત્સુકતા હતી. ત્યારે હવે ફિલ્મમાંથી આમિરનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. ગુરુવારે જેવો આ લૂક શેર થયો કે સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો. સન પિક્ચર્સની ટીમે ટ્વીટર પર આમિરનો ફર્સ્ટ લૂક જાહેર કર્યો છે, જેમાં તેનો દાહા તરીકે પરીચય આપવામાં આવ્યો છે, જે એ એક ગુંડા જેવો દેખાતો માણસ છે. આ બ્લૅક એન્ડ વ્હાઈટ ફોટોમાં આમિર એક ડાર્ક કલરની બંડીમાં દેખાય છે. જે આરામથી અને અદાથી પાઈપ પીતો દેખાય





છે. ભલે આ રોલ એક ખાસ કેમિયો હોય, પરંતુ તેનો લૂક જોઈને લાગે છે કે આ ફિલ્મમાં તેનો રોલ અસરકારક તો હશે જ, કદાચ આ જ પાત્ર ફિલ્મમાં એક મહત્વનો ટ્વિસ્ટ કે ગેમ ચેન્જિંગ વળાંક લાવી શકે છે. આમિરના આ લૂક પર ફૅન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે, સોશિયલ મીડિયામાં કેટલાંક લોકોએ લોકેશ કનગરાજની ળેમને પરફેક્ટ ગણાવી હતી, તો કોઈએ પરફેક્ટ આમિર અને પરફેક્ટ કનગરાજને એક પરફેક્ટ કોમ્બિનેશન ગણાવ્યા હતા. આ ફિલ્મમાં આમિર ખાન, રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન જેવા કલાકારો મહત્વના રોલમાં છે, આ ફિલ્મ ૩૭૫ કરોડના ખર્ચે બની રહેલી એક ભારતની ૨૦૨૫ની સૌથી મોંઘી ફિલ્મ છે. આ ફિલ્મ ૫૪ ઓગસ્ટે તમિલ, તેલુગુ અને હિન્દીમાં એકસાથે રિલીઝ થશેય જે બોક્સ ઓફિસ પર યશરાજની ‘વૉર ૨’ સાથે ટક્કર લેશે, જેમાં રિતિક રોશન, જુનિયર એનટીઆર અને કિઆરા અડવાણી છે.



બોની કપૂરની દિકરી અને અર્જૂન કપૂરની અંશુલા કપૂરને તેના બોયફ્રેન્ડ રોહન ઠક્કરે ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં પ્રપોઝ કર્યુ હતું

# બહેન અંશુલાની પ્રોપોઝલ પર અર્જૂન કપૂર ભાવુક થયો

કોઈ પણ ડિઝની ફૅન છોકરીની એવી ઈચ્છા હોય કે ડિઝની કેસલ જેવી કોઈ જગ્યા હોય અને ત્યાં એનો પ્રિન્સ ચાર્મિંગ એને પ્રપોઝ કરે. અંશુલા કપૂરનું પણ જાણે આવું જ કોઈ સપનું ગુરુવારે સાચું થયું. બોની કપૂરની દિકરી અને અર્જૂન કપૂરની અંશુલા કપૂરને તેના બોયફ્રેન્ડ રોહન ઠક્કરે ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં પ્રપોઝ કર્યુ હતું. ગુરુવારથી જ આ બંનેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ બાબતે તેની બહેનો જહાન્વી અને ખુશીએ પણ સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી હતી. અંશુલાએ લખ્યું હતું કે એટલી ખુશી છે કે હું શબ્દોમાં વ્યક્ત કરી શકું એમ નથી. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું,‘‘અમે એક એપ પર મળ્યાં હતાં. એક સામાન્ય મંગળવારે અમે રાત્રે ૫.૫૫ વાગ્યે વાત કરવાની શરૂ કરી. અમે સવારે ૬ વાગ્યા સુધી વાત કરી. કોઈ રીતે, એ વખતે પણ લાગેલું કે કશુંક એવું શરૂ થઈ ગયું છે, જે ઘણું મહત્વનું બની જશે. ૩ વર્ષ પછી મારા મનપસંદ શહેરમાં , સેન્ટ્ર પાર્કમાં કિલ્લાની સામે, એણે પ્રપોઝ કર્યુ. બિલકુલ ભારતના રાતના ૫.૫૫ વાગ્યે. અને જાણે દુનિયા પણ થંભી ગઈ હું એ જાદુને સમજુ અને અનુભવી શકું ત્યાં સુધી.’’‘‘જાણે એવો પ્રેમ કે ઘર જેવું લાગે. હું એવી છોકરી નથી કે જે પરિકથાઓમાં માનતી હોય...પણ રોહન ઠક્કરે મને એ દિવસે જે આપ્યું એ વધુ સારું હતું. વાસ્તવિક. અમે. મેં હા પાડી દીધી. ગંદા આંસુ દ્વારા, ખુલીને હસીને અને એવી ખુશી જેને હું શબ્દોમાં ન મુકી શકું. ૨૦૨૨થી તું જ રહ્યો છે. હું મારા બેસ્ટ ફ્રેન્ડ સાથે જોડાઈ ગઈ છું. મારું સુરક્ષિત સ્થાન. મારો વ્યક્તિ. સૌથી મનપસંદ છોકરો, મનપસંદ શહેર..અને હવે મારી મનપસંદ હા.’’અંશુલા કપૂરે ઈન્સ્ટાગ્રામ પર પોતાની જીવનભરની યાદગીરી બનેલી આ તસવીરો શેર કરી હતી. પાછળ બેલ્વેડેર કેસલ દેખાય છે, એવા હરીયાળીભર્યા ગાર્ડનમાં રોહન ઘૂંટણભર બેસીને અંશુલાને પ્રપોઝ કરતો દેખાય છે, જેમાં અંશુલાએ પ્લોરલ પ્રિન્ટનો ડ્રેસ પહેર્યો હતો. સાથે જ અંશુલાએ તેની ડાયમંડ રિંગના ફોટો પણ શેર કર્યા હતા. તેમાં માત્ર પ્રપોઝલ ખુશીનું કારણ નહોતી પરંતુ અંશુલાની આ ખબર પર તેના ભાઈ-બહેનોએ જે પ્રેમ વરસાવ્યો તેણે દરેકનું ધ્યાન ખેંચ્યું હતું. અર્જૂન કપૂર હંમેશા બહેનનું ધ્યાન રાખતો મોટો ભાઈ રહ્યો છે.

# એકતાની ‘ક્યું કી સાસ ભી કભી બહુ થી’ની બીજી સીઝન પોસ્ટપોન થઈ

## પોસ્ટપોન અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે

એકતા કપૂરની લોકપ્રિય સિરીયલ ‘ક્યુંકી સાસ ભી કબી બહુ થી’ની બીજી સીઝન આવી રહી છે, તે અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. આ શો માટે સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય સહિતના કલાકારોએ શૂટિંગ પણ શરૂ કરી દીધું હતું. સિરીયલ ફરી ક્યારે શરૂ થશે તેની તારીખ અંગે પણ અહેવાલો આવતા થયા હતા. ત્યારે હવે કેટલાક સુત્રોના આધારે એવી માહિતી મળી છે કે, હમણા આ શોની તારીખ પાછી ઠેલાઈ છે. સુત્રએ કહ્યું કે, ‘‘ક્યુંકી ૩ જુલાઈથી ઓન એર થવાની હતી પરંતુ હવે તેની લોંચ ડેટ પાછી ઠેલાઈ છે. આ શોના પ્રોડ્યુસર એકતા કપૂરને સેટ પર કેટલાક ફેરફાર જોઈતા હતા. તેમની ટીમ આ અંગે ફરી કામ કરી રહી છે તેથી થોડી વધુ રાહ જોવી પડશે.’’આ અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે. તેણે જણાવ્યું,‘‘હા આ સાચી વાત છે. સેટમાં થોડું ફરી કામ કરવાની જરૂર હતી. ખરેખર એવું હતું કે સેટ પરના કલર કોમ્બિનેશન સ્ક્રીન પર ધાર્યું હતું એટલાં સારા લાગાતાં નહોતાં. એકતાને ખ્યાલ છે કે તેને ખરેખર શું અને કેવું જોઈએ છે. એ એક પરફેક્શનિસ્ટ છે. આ કોઈ સામાન્ય શો નથી આ ક્યુંકી છે. આ તો એક વારસો છે અને એ ઈચ્છે છે કે શોમાં બધું શ્રેષ્ઠ જ હોય.’’આ શો જ્યારે પહેલી વખત ટીવી પર આવ્યો એ પણ ૩ જુલાઈ હતી. તેથી તેના ૨૫ વર્ષ નિમિત્તે





આ શો આ જ તારીખે ફરી શરૂ કરવાનો હતો. પરંતુ હવે આ તારીખે શૂટ શરૂ થશે. અમરે કહ્યું,‘‘૨૫મી સાલગિરા નિમિત્તે જ હવે મુહુર્ત શોટ લેવાશે. આ સાંકેતિક વાત છે. આ જ તારીખે ફરી શો શરૂ થશે, જાણે એક ચક્કર પૂરું થયું હોય એવું લાગે છે. જુની યાદો ફરી તાજી થઈ ગઈ છે.’’ જોકે, કેટલાંક જુના પાત્રો નહીં હોય, એ બાબતે અમરે કહ્યું,‘‘હું સૌથી વધુ બાને યાદ કરું છું.’’ સુધા શિવપુરી આ સિરીયલમાં બાનો રોલ કરતાં હતાં. ‘‘આ શોની જાન હતાં તેઓ. હવે તેઓ આપણી વચ્ચે રહ્યાં નથી.’’ જાણે એક ચક્કર પૂરું થયું હોય એવું લાગે છે. જુની યાદો ફરી તાજી થઈ ગઈ છે.’’ જોકે, કેટલાંક જુના પાત્રો નહીં હોય, એ બાબતે અમરે કહ્યું,‘‘હું સૌથી વધુ બાને યાદ કરું છું.’’ સુધા શિવપુરી આ સિરીયલમાં બાનો રોલ કરતાં હતાં. ‘‘આ શોની જાન હતાં તેઓ. હવે તેઓ આપણી વચ્ચે રહ્યાં નથી.’’

## ભવિષ્યમાં તેને કાસ્ટ કરવા માટે અસહકાર ચાલુ રહેશે

# સિને એમ્પલોયઝ ફેડરેશને દિલજિત પરનો પ્રતિબંધ હટાવ્યો

## આ વિવાદો વચ્ચે બે દિવસ પહેલાં દિલજિતે ‘બોર્ડર ૨’ માટેના એક ગીતના શૂટિંગ દરમિયાનનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો



જ્યારથી દિલજિત ‘સરદારજી ૩’માં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવ્યા હતાં, ત્યારથી દિલજિતનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. ભારતે પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મુક્યો હોવાથી ભારતમાં તેની ફિલ્મ રિલીઝ પણ થઈ શકી નહોતી. છતાં તેણે વિદેશમાં આ ફિલ્મ રિલીઝ કરતાં દિલજિતને ‘બોર્ડર ૨’માંથી હટાવી દેવાયો હોવાના અહેવાલો હતા. આ વિવાદો વચ્ચે બે દિવસ પહેલાં દિલજિતે ‘બોર્ડર ૨’ માટેના એક ગીતના શૂટિંગ દરમિયાનનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. જેમાં બેકગ્રાઉન્ડમાં ‘બોર્ડર’નું યાદગાર ગીત ‘સંદેસે આતે હૈં’ પણ વાગતું હતું. દિલજિત એરફોર્સના યુનિફોર્મમાં દેખાતો હતો. આમ આ વીડિયો દ્વારા તેણે તે હજુ પણ ફિલ્મમાં હોવાની વાત જાહેર કરી હતી. હવે એવા અહેવાલો છે કે દિલજિત પર ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોય્ઝ દ્વારા મુકવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવાયો છે. અગાઉ તેમણે દિલજિત સામે અસહકારની જાહેરાત કરી હતી. ફવાઈસના પ્રેસિડેન્ટ બી એન તિવારીએ કહ્યું કે પ્રોડ્યુસર ભુષણ કુમારે વ્યક્તિગત રીતે ફેડરેશનને વિનંતિ કરી હતી કે તેઓ દિલજિતને આ ફિલ્મ માટે શૂટ કરવાની મંજુરી આપે. તેમણે કહ્યું,‘‘હા, અમે આ ફિલ્મ માટે પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે.’’જોકે, આ નિર્ણય ફેડરેશનના સભ્યોની સંમતિથી જ લેવાયો છે. આ અંગે ફવાઈસ સાથે જોડાયેલા ફિલ્મ મેકર અશોક પંડિતે જણાવ્યું,‘‘અમારો દિલજિત સામેનો અસહકાર યથાવત છે. ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માગતા બધાં જ આ બાબતે તૈયાર રહે. પછી જો તેમને આર્થિક નુકસાની ભોગવવી પડશે તો તેના માટે ફડરેશન જવાબદાર રહેશે નહીં.’’આનંદ પંડિતે સ્વીકાર્યુ કે ‘બોર્ડર ૨’માં કોઈ પાકિસ્તાની કલાકાર નથી. સાથે તેમની એવી પણ દલીલ હતી કે આ ફિલ્મ દેશભક્તિ પ્રકારની ફિલ્મ છે, જેના કેન્દ્રમાં ભારતની સેનાઓ છે, તેથી દિલજિત માટે પાકિસ્તાની કલાકાર સાથેની ફિલ્મનો મુદ્દો વધુ સંવેદનશીલ બની જાય છે. ફવાઈસ દ્વારા અગાઉ દિલજિત પર પ્રતિબંધ મુકીને ફિલ્મ મેકર્સને દિલજિત સાથે સંબંધો કાપી નાખવા અપીલ કરાઈ હતી. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું હતું, ‘‘જો તમે તેની સાથે સંકળાશો તો એ દર્શાવશે કે તમે દેશહિતનો ઊંડો વિરોધ ધરાવો છો. કલાતામક અને વ્યાપારી બાબતો દેશભક્તિની ભાવનાથી વિશેષ નથી. આપણી ઈન્ડસ્ટ્રી અને દેશ માટેનું માન સર્વોચ્ચ હોવું જોઈએ.’’ આ અંગે ફવાઈસ સાથે જોડાયેલા ફિલ્મ મેકર અશોક પંડિતે જણાવ્યું,‘‘અમારો દિલજિત સામેનો અસહકાર યથાવત છે. ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માગતા બધાં જ આ બાબતે તૈયાર રહે. પછી જો તેમને આર્થિક નુકસાની ભોગવવી પડશે તો તેના માટે ફડરેશન જવાબદાર રહેશે નહીં.’’આનંદ પંડિતે સ્વીકાર્યુ કે ‘બોર્ડર ૨’માં કોઈ પાકિસ્તાની કલાકાર નથી. સાથે તેમની એવી પણ દલીલ હતી કે આ ફિલ્મ દેશભક્તિ પ્રકારની ફિલ્મ છે, જેના કેન્દ્રમાં ભારતની સેનાઓ છે, તેથી દિલજિત માટે પાકિસ્તાની કલાકાર સાથેની ફિલ્મનો મુદ્દો વધુ સંવેદનશીલ બની જાય છે. ફવાઈસ દ્વારા અગાઉ દિલજિત પર પ્રતિબંધ મુકીને ફિલ્મ મેકર્સને દિલજિત સાથે સંબંધો કાપી નાખવા અપીલ કરાઈ હતી.

### પ્રશિક્ષણ વર્ગમા એકલ અભિયાન દ્વારા ચાલતા કાર્યો અને તેના થી થતા ફાયદા જણાવવામાં આવ્યા

# ઝાલોદ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે અચલ અભિયાન ગુજરાત સંભાગ દ્વારા બે દિવસનું પ્રશિક્ષણ વર્ગ યોજાયા



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે એકલ અભિયાન ગુજરાત સંભાગ દ્વારા તારીખ ૦૪-૦૫ બે દિવસનુ પ્રશિક્ષણ વર્ગ યોજવામાં આવ્યું હતું. ચાર તારીખે એકલ અભિયાનના ગુજરાતના ઉત્તર વિભાગના પાંચ અંચલ સમિતિનું ભાગ પ્રશિક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ પાંચ તારીખે દાહોદ જિલ્લા દાહોદ અંચલ સમિતિનું પ્રશિક્ષણ યોજવામાં આવ્યું જેમાં વિવિધ ભાગની સમિતિ રચી તેમાં શું કાર્ય કરવું તે વિશે માહિતી આપવામાં આવી હતી. આ સંગઠનને કેવી રીતે મજબૂત કરી આગળ વધવું તે વિશિષ્ટ સહુ ઉપસ્થિત લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. એકલ અભિયાન ગ્રામીણ ક્ષેત્રને સ્વાવલંબી બનાવવા માટે કામગીરી કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત શિક્ષણ પ્રત્યે જાગૃતિ, જૈવિક પોષણ વાટિકા ,મહિલાઓ માટે શીવણકામ, બ્યુટી પાર્લર , સ્કૂલ સુધી બાળકો પહોંચે તે માટે બસ સુવિધા જેવા ઘણા બધા કાર્યો કરી રહેલ છે. એકલ અભિયાન આખા ભારતમાં એક લાખ જેટલા વિદ્યાલયો સાથે જોડાયેલ છે. તેઓનું મૂળ ઉદ્દેશ ગ્રામીણ ક્ષેત્રનો વિકાશ થાય તેમજ દરેક વ્યક્તિ સ્વાવલંબી બને તેમજ દરેક લોકો આવનાર સમયમાં લોકલ ફોર વોકલ અભિયાન થી જોડ-ાઈ આત્મ નિર્ભર બને તેવું લક્ષ્ય આ સંસ્થાનું છે. એકલ અભિયાન એ સ્વામી વિવેકાનંદની વિચારધારાને લઈ દરેક ગ્રામીણ ક્ષેત્રે છેલ્લા ૩૫ વર્ષ થી કામગીરી કરી રહેલ છે. મુખ્યત્વે પાંચ ક્ષેત્રોમાં કામગીરી કરવામાં આવી રહેલ છે જેમાં પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ, ગ્રામ વિકાસ શિક્ષણ, જાગરણ શિક્ષણ, વ્યસન પ્રત્યે જાગૃતિ શિક્ષણનો સમાવેશ થાય છે. આ પાંચેય મુદ્દાઓ પર ઉપસ્થિત સહુ કાર્યકર્તાઓને સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. દેશના ગ્રામીણ ક્ષેત્રના લોકો પોતાને આત્મ નિર્ભર બનાવી પ રિવાર, ગામ તેમજ નગરને પ્રેરણારૂપી કામગી-રી કરે તે વિશે એકલ અભિયાન દ્વારા પ્રશિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બે દિવસના આ કાર્યક્રમમાં હિમાચલ પ્રદેશ થી સંસારચંદ્ર (એકલ સંભાગ વીભાગ કેન્દ્રીય ગ્રામીણ સંગઠન), નૈતિક દવે (ગુજરાત સંભાગ અધ્યક્ષ), અનિલ પંચાલ, ઝાલોદ (ઉત્તરભાગ સચિવ), મનન. કે.કટારા ( કેન્દ્ર ગ્રામ સંગઠન સદસ્ય), ઈશ્વર વસાવા (ડેડીપાડા ગ્રામ્ય પ્રમુખ), મૂકેશ નીસરતા (ભાગ પ્રમુખ), મનીષ પંચાલ (કાર્યાલય પ્રભારી) તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપ સ્થિત રહેલ હતા...

# શેરિંગ પ્રોજેક્ટની ૧૪૦ સાયકલો ભંગાર થઈ જતાં મહાનગર પાલિકાએ વેચવા કાઢી

। (પ્રતિનિધી) રાજકોટ,તા.૫ ।

ગુજરાતમા મોટા શહેરોમાં મહાનગર પાલિકા દ્વારા સાયકલ શેરિંગ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. લોકો શહેરમાં પ્રદૂષણ ઘટાડવા માટે સાયકલ ચલાવી હેલ્થને પણ અપડેટ રાખી શકે તે માટે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. પ રંતુ રાજકોટમાં સાયકલ શેરિંગ પ્રોજેક્ટનું બાળ મરણ થયું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ખરીદાયેલી સાયકલો ભંગાર બની જતાં મહાનગર પ ાલિકાએ સસ્તા ભાવે વેચવા કાઢી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં સાયકલ શેરિંગ પ્રોજેક્ટની સાયકલો ભંગાર થઈ જતાં મહાનગર પાલિકાએ ૧૪૦ સાયકલ ૧૦ ટકા ભાવે વેચવા કાઢી છે. સાયકલોનું સમયસર મેન્ટેનેન્સ નહીં થતાં ભંગાર થઈ ગઈ હતી. આ ઉપરાંત મહાનગર પાલિકાએ ખરીદેલી ૨૦૦ સાયકલો પૈકીની ૪૦ સાયકલો રીપેર કરાવી હતી. લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત બને અને પ્રદૂષણ ઘટે તેમજ હેલ્થ પ્રત્યે પણ લોકો અપ ડેટ રહે તેવા હેતુથી સાયકલ શેરિંગ પ્રોજેક્ટ શરૂ કરાયો હતો.

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આ પ્રોજેક્ટ માટે ૨૦૦ સાયકલો ખરીદી હતી. તેમાંથી ૪૦ સાયકલો રીપેર કરાવી હતી. બીજી તરફ સાયકલના સ્ટેન્ડની હાલત પણ ખરાબ થઈ જતાં ભંગાર થઈ ગયા હતાં. જેના કારણે સાયકલોનું મેન્ટેનેન્સ પણ અટકી ગયું હતું. મહાનગર પાલિકાએ બેદરકારી દાખવતા સાયકલ શેરિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકો પણ મનપાની બેદરકારીને કારણે આ પ્રોજેક્ટ-થી વિમુખ થઈ ગયાં છે. જેથી સાયકલોનો ઉપ યોગ થતો અટકી જતાં તે ભંગાર થઈ ગઈ છે. જેના કારણે મહાનગર પાલિકાએ ૧૪૦ સાયકલો ૧૦ ટકાના ભાવે વેચવા કાઢી છે. બીજી તરફ સાયકલના સ્ટેન્ડની હાલત પણ ખરાબ થઈ જતાં ભંગાર થઈ ગયા હતાં. જેના કારણે સાયકલોનું મેન્ટેનેન્સ પણ અટકી ગયું હતું. મહાનગર પાલિકાએ બેદરકારી દાખવતા સાયકલ શેરિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકો પણ મનપાની બેદરકારીને કારણે આ પ્રોજેક્ટ-થી વિમુખ થઈ ગયાં છે. જેથી સાયકલોનો ઉપ યોગ થતો અટકી જતાં તે ભંગાર થઈ ગઈ છે. જેના કારણે મહાનગર પાલિકાએ ૧૪૦ સાયકલો ૧૦ ટકાના ભાવે વેચવા કાઢી છે.

# ગુજરાત સરકાર દ્વારા ફેક્ટરીમાં કામના કલાકોમાં ફેરફાર કરાયો

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૫ ।

ગુજરાત સરકારે ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ના મુખ્ય જોગવાઈઓમાં સુધારો કરીને દૈનિક કાર્યકાળને ૯ કલાકમાંથી વધારીને ૧૨ કલાક કર્યો છે, જ્યારે અઠવાડિયાના કુલ કાર્યકાળ માટેની મર્યાદા ૪૮ કલાક રાખવામાં આવી છે. ફેક્ટરી (ગુજરાત સંશોધન) ઓર્ડિનન્સ-૨૦૨૫, જે ૧ જુલાઈએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

આ નિયમ અનુસાર મહિલાઓને રાત્રિ શિફ્ટમાં કાર્ય કરવા માટે પણ મંજૂરી આપ વામાં આવી છે.

આ ઑર્ડિનન્સ ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારીના નવા અવસરો સર્જવા માટે લાગુ કરવામાં આવ્યો છે. ઓર્ડિનન્સના મુખ્ય મુદ્દાઓ જેમાં કાર્યના કલાક વધાર્યા છે. જેમાં રોજના મહત્તમ કામના કલાકો હવે ૧૨ કલાક થાય છે. જ્યારે સપ્તાહના ૪૮ કલાકના નિયમ યથાવત રહેશે. આ મામલે મજૂરની લેખિત સંમતિ ફરજિયાત રહેશે અને ભવિષ્યના દિવસો પેઈડ હોલિડે તરીકે ગણાશે.

મજૂર હવે ૬ કલાક સતત કામ કરી શકે, જે અગાઉ ૫ કલાક હતા. નિર્ધારિત મર્યાદા કરતા વધુ કામ કરતાં મજૂરને દોવડું વેતન આપવામાં આવશે. હવે દરેક ત્રિમાસિકગાળામાં મજૂર ૧૨૫ કલાક સુધી ઓવરટાઈમ કરી શકે છે. જેમાં લેખિત સંમતિ લેવાની રહેશે.

મહિલાઓને ૭ વાગ્યાથી ૬ વાગ્યા સુધી રાત્રિની શિફ્ટમાં કામ કરવાની છૂટ મળશે. આ માટે વિશેષ સુરક્ષા ઉપાયો, પરિવહન વ્યવસ્થા, કેમેરા દેખરેખ, આરામગૃહ અને શારીરિક-મનસ્વી સુરક્ષાને ધ્યાને લઈને નિયમો બનાવવામાં આવ્યા છે. આ કાર્ય સંપૂર્ણપણે સ્વઈચ્છાએ આધારિત હશે.

રાજ્યપાલે ભારતના સંવિધાનના કલમ ૨૧૩ હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરી મેળવી આ ઓર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂક્યો છે. આ ઓર્ડિનન્સ વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીના અવસરો ઊભા કરવાના હેતુથી બનાવાયો છે. ભવિષ્યમાં તેની કાયદેસર મંજૂરી વિધાનસભાની બેઠકોમાં લેવાશે. ઉદ્યોગકારો, મજૂર સંઘો અને હકની સંસ્થાઓની પ્રતિસાદ પ્રવૃત્તિઓ હવે આગળ વધી શકશે. રાજ્યપાલે ભારતના સંવિધાનના કલમ ૨૧૩ હેઠળ રાષ્ટ્રપ તિની મંજૂરી મેળવી આ ઓર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂક્યો છે. આ ઓર્ડિનન્સ વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીના અવસરો ઊભા કરવાના હેતુથી બનાવાયો છે. ભવિષ્યમાં તેની કાયદેસર મંજૂરી વિધાનસભાની બેઠકોમાં લેવાશે. ઉદ્યોગકારો, મજૂર સંઘો અને હકની સંસ્થાઓની પ્રતિસાદ પ્રવૃત્તિઓ હવે આગળ વધી શકશે.

### એક કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત

# ચોટીલામાં એક, બે નહીં ૧૦૦૦ પેટી વિદેશી દારૂ ઝડપાયો

। (પ્રતિનિધી) ચોટીલા,તા.૫ ।

ગુજરાતમાં દારૂબંધી ખાલી નામની જ હોવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે સુરેન્દ્રનગરના ચોટીલા તાલુ-કામાંથી ગાંધીનગર સ્ટેટ મોનીટ-રીંગ સેલ (જીસ્ઝ)ની ટીમે દરોડા પાડીને રૂ.૧.૧૯ કરોડની કિંમતનો વિદેશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૮૫૯૬ વિદેશી દારૂની બોટલો જપ્ત કરીને ૧૦ આરોપી વિરુદ્ધમાં ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ચોટીલા તાલુકાના ખેરડી ગામે મોટાપ ાયે વિદેશી દારૂનો જથ્થો હોવાની ગાંધીનગર જીસ્ઝને બાતમી મળી હતી. જેને લઈને જીસ્ઝની ટીમ દ્વારા ખેરડી ગામ નજીકની નાગરાજ હોટલ પાસેના એક ખેતર ખાતે દરોડા પાડ્યા હતા. જ્યાં એક, બે નહીં પરંતુ ૧૦૦૦ જેટલી વિદેશી દારૂની પેટી ઝડપાતા ખળભળાટ મચી ગયો હતો. સમગ્ર મામલે પોલીસે દારૂની બોટલ, પીક-અપ કાર સહિતનો કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચોટીલા પોલીસે ચોટીલાના નાની મોલડીના રહેવાસી દિલિપ બાવકુ ધાંધલ સહિત કુલ ૧૦ સામે ફરિયાદ નોંધી છે. જ્યારે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ચોટીલા પોલીસે ચોટીલાના નાની મોલડીના રહેવાસી દિલિપ બાવકુ ધાંધલ સહિત કુલ ૧૦ સામે ફરિયાદ નોંધી છે. જ્યારે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાના ગામડાઓમાં મગર દેખાતા ડરનો માહોલ, બિલ ગામે કાર નીચેથી મગરના બચ્ચાનું રેસ્ક્યુ

। (પ્રતિનિધી) વડોદરા,તા.૫ ।

વડોદરા નજીક આજે વહેલી સવારે વધુ એક મગરના બચ્ચાનું રહેણાંક વિસ્તારમાંથી રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. શહેરમાં ચોમાસા દરમિયાન મગરો બહાર નીકળી આવવાના બનાવો સતત ચાલુ રહ્યા છે. બિલ ગામે આવેલી કાંસા લીખસાઈટ રેસિડેન્સી ખાતે આજે સવારે આવી જ રીતે મગરનું એક બચ્ચું આવી ગયું હતું અને લોકોને જોઈ ગભરાઈને કારની નીચે ભરાઈ ગયું હતું. સ્થાનિક રહીશોએ ફોરેસ્ટ વિભાગને જાણ કરતા જીગ્નેશ પરમારની ટીમે મગરના બચ્ચાનું રેસ્ક્યુ કર્યું હતું અને તેને સુરક્ષિત સ્થાને છોડવા માટે તજવીજ કરવામાં આવી હતી. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સોખડા ખુર્દ ગામમાં મહાકાય મગર જાહેર માર્ગ પર જોવા મળતા લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. જે રસ્તા પરથી દરરોજ શહેરીજનો અને વાહનચાલકો પસાર થાય છે, ત્યાં મહાકાય મગર રસ્તા વચ્ચે આવી ચડ્યો હતો. હાલમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ સ્થ-ાનિકો અને રસ્તા પરથી પસાર થતા લોકોને સતત ભયનો માહોલ અનુભવાઈ રહ્યો છે. હવે સમગ્ર મામલે વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવાની માગણી ઉઠી રહી છે. ત્યાં મહાકાય મગર રસ્તા વચ્ચે આવી ચડ્યો હતો. હાલમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ સ્થાનિકો અને રસ્તા પરથી પસાર થતા લોકોને સતત ભયનો માહોલ અનુભવાઈ રહ્યો છે. હવે સમગ્ર મામલે વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવાની માગણી ઉઠી રહી છે.

# સૌરાષ્ટ્રમાં ૨૦ ડેમ ૫૦૦ ટકા છલોછલ થતાં હાઈએલર્ટ પર

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૫ ।

સૌરાષ્ટ્રમાં થયેલા સારા વરસાદને પગલે જળાશયોમાં નવા નીરની આવક નોંધાઈ છે. સૌરાષ્ટ્રના ૨૦ ડેમ ૫૦૦ ટકા છલોછલ ભરાઈ જતા તેમને હાઈએલર્ટ પર મૂકી ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યા છે. કુલ ૮૩ ડેમ પૈકી ૫૦ ડેમ અડધાથી વધુ ભરાઈ ગયા છે. રાજકોટની જીવાદોરી સમાન આજી-૫ ડેમ ૬૪% ભરાયો છે, જ્યારે નવા રાજકોટને પાણી પૂરું પાડતા ન્યારી-૫ ડેમની આજની સપાટી ૫૫%થી વધુ છે. આ ઉપ રાંત, ભાદર ડેમ પણ ૪૨%થી વધુ ભરાયેલો છે. સૌરાષ્ટ્રના ૪૩થી વધુ ડેમમાં ૦.૫૦થી ૨૫ ફૂટ સુધી વરસાદી પાણીની આવક નોંધાઈ છે. ત્રણ ડેમ ઓવરફ્લો થતા તેમના દરવાજા ખોલવામાં આવ્યા છે.રાજકોટના ભાદર, આજી, ન્યારી સહિત ૫૪ ડેમમાં નવા નીરની આવક થઈ છે. હાલમાં સૌરાષ્ટ્રના ૮૩ જેટલા ડેમ પૈકી ૫૦ જેટ-લા ડેમમાં ૫૦%થી વધુ જળસપાટી જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ જિલ્લાનાં ભાદર-૫માં ૦.૫૬ ફૂટ, મોજમાં ૪.૯૯ ફૂટ, સોડવદરમાં ૫૦.૫૭ ફૂટ, આજી-૫માં ૦.૩૩ ફૂટ અને ન્યારી-૫માં ૦.૫૬ ફૂટ નવા નીરની આવક થઈ છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સૌરાષ્ટ્ર અને કચ્છના કુલ ૨૦ ડેમોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે, કારણ કે તેમની સંગ્રહ ક્ષમતા ૫૦૦ ટકા અથવા તેની નજીક પહોંચી ગઈ છે.હાલમાં ૫૦૦ ટકા ભરાયેલા ડેમોમાં રા-જુલાનો ધાતરવાડી, સાવરકુંડલાનો સુરજવાડી, મુન્દ્રાનો કાલાઘોઘા, માડવીનો ડોન, જામનગરનો વાગડિયા, બોટાદનો ગોમા, ગઢડાનો ભીમમેહ-ડા, મહુવાનો રોજડી, મહુવાનો બગડ, હળવદનો બ્રાહ્મણી, જુનાગઢનો વાસલ, સાયલાનો લીમ્બ-ભોગાવો-૫, મુળીનો સાબુરી અને ચોટીલાનો ત્રિવેણી થાગા ડેમનો સમાવેશ થાય છે.

### મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્ટિટલ ખસેડ્યો

# અમરેલીના ધારી ખોડિયાર ડેમમાંથી અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળ્યો

। (માહિતી) અમરેલી,તા.૫ ।

અમરેલીના ધારી ખોડિયાર ડેમમાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહ મળતાની સાથે જ પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના-સ્થળે પહોંચી આવી હતી. હાલ, પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, શુક્રવારે (૪ જુલાઈ) ધારી ખોડિયાર ડેમમાંથી બપોરે એક અજાણ્યા શખસનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતદહેને તરતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે પ ોલીસને આ વિશે જાણ કરી અને મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો. પોલીસે હાલ આ મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્ટિટલ ખસેડ્યો છે.

પોલીસ હાલ આ મામલે સ્થાનિકોની પૂછપરછ કરી રહી છે. આ અજાણ્યો શખસ કોણ છે તે વિશે શોધ કરવામાં આવી રહી છે. હાલ શખસની ઓળખ થઈ શકી નથી. પોલીસ દ્વારા હાલ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. રિપોર્ટ બાદ જ ખુલાસો થશે કે, આ અજાણ્યો શખસ કોણ છે અને તેણે આત્મહત્યા કરી છે કે પછી હત્યા કરવામાં આવી છે? આ સિવાય તેના પરિવારનો સંપ ર્ક કરી તેમની પણ પૂછપરછ હાથ ધરવામાં આવશે. પોલીસે યુવકની ઓળખ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ હાલ આ મામલે સ્થાનિકોની પૂછપરછ કરી રહી છે. આ અજાણ્યો શખસ કોણ છે તે વિશે શોધ કરવામાં આવી રહી છે. હાલ શખસની ઓળખ થઈ શકી નથી. પોલીસ દ્વારા હાલ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. રિપ ોર્ટ બાદ જ ખુલાસો થશે કે, આ અજાણ્યો શખસ કોણ છે અને તેણે આત્મહત્યા કરી છે કે પછી હત્યા કરવામાં આવી છે? આ સિવાય તેના પરિવારનો સંપર્ક કરી તેમની પણ પૂછપરછ હાથ ધરવામાં આવશે. પોલીસે યુવકની ઓળખ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# PGVCLના કોન્ટ્રાક્ટરે મહિલા એન્જિનિયર અધિકારીને ફસાવી બળાત્કાર ગુજાર્યો

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૫ ।

રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૪૫ વર્ષીય મહિલા એન્જિનિયર અધિકારીને ઈન્સ્ટાગ્રામ દ્વારા ફસાવીને તેમની પર વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, કરણ જોધાભાઈ બારડ (હાલ રહે. ગાંધીગ્રામ વિસ્તાર, મૂળ ગાંગેઠા, તા. સૂત્રાપાડા) નામના વ્યક્તિએ પોતાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટર આદિત્ય પરમાર તરીકે ઓળખાવી મહિલા અધિકારીનો સંપર્ક કર્યો હતો.મહિલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે ઈન્સ્ટાગ્રામ પર પરિચય થયા બાદ આરોપીએ પોતાને સિવિલ હોસ્પિટલનો ડૉક્ટર ગણાવ્યો હતો. તેણે તપાસ કરતાં સિવિલમાં આદિત્ય નામના ડૉક્ટર હોવાનું જાણવા મળતાં તેને આરોપી પર વિશ્વાસ બેસી ગયો હતો. આ પછી બંને ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરવા લાગ્યા અને પછી ફોન પર વાતચીત શરૂ થઈ. થોડા સમય બાદ તેઓ મહાદેવવાડી વિસ્તારમાં પ્રથમ વખત મળ્યા હતા. આરોપીએ પોતાની તકલીફ જણાવી ''મેં તને મનોમન પત્ની માની લીધી છે'' કહી દુષ્કર્મ આચર્યું. આ પછી આરોપીએ વારંવાર મહિલાના ઘરે જઈને ''તું મારી ગર્લફ્રેન્ડ નથી, તું મારી પત્ની જ છો'' કહીને તેને હવસનો શિકાર બનાવી હતી. આ પછી મહિલા અધિકારીએ તે મહિલાને આરોપી વિશે વધુ માહિતી માટે ફોન કરતાં તેણે જણાવ્યું કે આરોપીનું નામ કરણ છે અને તેને આરોપી સાથે ૫૦ વર્ષથી સંબંધ હતો. તેણે એમ પણ જણાવ્યું કે આરોપી ડૉક્ટર હોવાની વાત ખોટી છે અને તે વીજતંત્રમાં પ ેટા કોન્ટ્રાક્ટ રાખે છે. આખરે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ પછી બંને ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરવા લાગ્યા અને પછી ફોન પર વાતચીત શરૂ થઈ. થોડા સમય બાદ તેઓ મહાદેવવાડી વિસ્તારમાં પ્રથમ વખત મળ્યા હતા. આરોપીએ પોતાની તકલીફ જણાવી ''મેં તને મનોમન પત્ની માની લીધી છે'' કહી દુષ્કર્મ આચર્યું. આ પછી આરોપીએ વારંવાર મહિલાના ઘરે જઈને ''તું મારી ગર્લફ્રેન્ડ નથી, તું મારી પત્ની જ છો'' કહીને તેને હવસનો શિકાર બનાવી હતી.આ પછી મહિલા અધિકારીએ તે મહિલાને આર-ોપી વિશે વધુ માહિતી માટે ફોન કરતાં તેણે જણાવ્યું કે આરોપીનું નામ કરણ છે અને તેને આરોપી સાથે ૫૦ વર્ષથી સંબંધ હતો. તેણે એમ પણ જણાવ્યું કે આરોપી ડૉક્ટર હોવાની વાત ખોટી છે અને તે વીજતંત્રમાં પેટા કોન્ટ-્રાક્ટ રાખે છે. આખરે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપ ણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃ ત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસુ લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યૂઝ બ્રિફ

### હિમાચલ-ઉત્તરાખંડમાં વરસાદી તબાહી ૫૫ દિવસમાં ૬૯નાં મોત, અનેક ગુમ



। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૫ ।

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અવિરત ભારે વરસાદે મોટી તબાહી સર્જી છે. છેલ્લાં બે સપ્તાહમાં હિમાચલપ્રદેશમાં ૬૯ના મોત થયા છે અને ૩૭ ગુમ થયા છે. ગુરુવારે ઉત્તરાખંડના ભીમતાલમાં એક તળાવમાં ડૂબી જવાથી ઈન્ડિયન એરફોર્સના (IAF)ના બે જવાનોના મોત થયા છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં અત્યાર સુધી ૪૫થી વધુના મોત થયા છે અને અનેક લાપતા બન્યાં છે. હિમાચલપ્રદેશમાં ૨૦ જૂને ચોમાસુ આવ્યું હતું અને વાદળ ફાટવા, અચાનક પૂર અને ભૂસ્ખલનને કારણે રાજ્યને રૂ.૫,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. રાજ્ય અત્યાર સુધી ૪૩ લોકોના મોત થયા છે. તેમાં વાદળ ફાટવાથી ૫૪, ફલેશ ફલડને કારણે ૮, ભૂસ્ખલથી ૫ અને ડુબી જવાથી ૭ લોકોના મોત થયા છે. મંડી જિલ્લામાં મંગળવારે વાદળ ફાટવાની, અચાનક પૂર અને ભૂસ્ખલનની ૫૦ ઘટનાઓ જોવા મળી હતી અને તેમાં ૫૭ લોકોના મોત થયાં હતાં. જિલ્લામાં ગુમ થયેલા ૩૫ લોકોની શોધખોળ ચાલુ છે. રાજ્યમાં ૫૫૦થી વધુ ઘરો, ૩૫ વ્હિકલ, ૫૪ પુલ અને અનેક રસ્તાઓને નુકસાન થયું છે. અસરગ્રસ્ત લોકો માટે પાંચ રિલીફ કેમ્પો બનાવવામાં આવ્યાં છે. ઉત્તરાખંડમાં રોજિંદા જીવનને અસર પડી છે.

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત એલિસબ્રીજ શાળા નં.૨૯માં વૃક્ષારોપણ કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના પશ્ચિમ ઝોનમાં આવેલી મ્યુનિ. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત એલિસબ્રીજ શાળા નં.૧માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિધાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા આવે અને તેનું મહત્વ સમજાય તેવા આશયથી વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી રીનાબેન મહેતા તથા શિક્ષકો અને વિધાર્થીઓએ સાથે મળી શાળાના પ્રાંગણ અને શાળાની આજુ બાજુ કુલ ૧૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. જેમાં લીમડો, અર્જુન કાસિદ, કણજી, જાંબુ, આમળા, ગરમાળો જેવા વિવિધ છોડ વાવવામાં આવ્યા હતા. ગ્લોબલ વોર્મિગની અસર અટકાવવા તથા વૃક્ષોનું જીવનમાં શું મહત્વ છે તે અંગેનું આ કાર્ય વિધાર્થીઓ અને વાલીઓમાં પર્યાવરણની જાળવણી પ્રત્યે પ્રેરણારૂપ બની રહેશે..

### ટોલ ફી વસૂલવા માટેની નવી ફોર્મ્યુલા જાહેર કરાતા લોકોને રાહત

# બ્રિજ, ટનલ સાથેના નેશનલ હાઈવેના ટોલમાં ૫૦% સુધીનો ઘટાડો

### ભવિષ્યમાં શહેરી વિસ્તારોમાં નિર્માણ થનાર હાઈવે પ્રોજેક્ટ્સથી વાહનચાલકો પર વધુ ભારણ નહીં આવે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે પુલો, ફ્લાયઓવર અને ટનલ સહિતના બાંધકામ ધરાવતા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રાલયે ૨૦૦૮ના નિયમોમાં મહત્વપૂર્ણ સુધારો કરાતા હવે વાહનચાલકોને મોટી રાહત મળશે. અગાઉ પુલ કે ટનલનું માળખું ધરાવતા નેશનલ હાઈવે પરનો ટોલ ટેક્સ સામાન્ય હાઈવે કરતા ૫૦ ગણો હતો જે હવે ઘટીને પાંચ ગણો થયો છે. કેન્દ્રનો આ નિર્ણય શહેરી વિસ્તારોમાં બનેલા એવા હાઈવે અથવા બાયપાસને ધ્યાનમાં રાખીને લેવાયો છે, જેનો નિર્માણ ખર્ચ ઊંચો હોય છે અને હાઈવેના ઘણાખરા ભાગ પર ફ્લાયઓવર, ટનલ, પુલ અથવા એલિવેટેડ રસ્તા સહિતનું બાંધકામ હોય છે. નેશનલ હાઈવે ઉપર રહેલા ટોલ પ્લાઝા દ્વારા એનએચ ફી નિયમ ૨૦૦૮ મુજબ ટોલ ફી વસૂલવામાં આવે છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે ૨૦૦૮ના નિયમોમાં સુધારો કર્યો છે અને સાથે જ ટોલની ગણતરી માટેની નવી પદ્ધતિ કે ફોર્મ્યુલા જાહેર કરી છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, પ્રવર્તમાન ટોલ ગણતરીની પદ્ધતિ નેશનલ હાઈવે પર બનાવવામાં આવતા આ પ્રકારના માળખા (ફ્લાયઓવર, ટનલ, પુલ વગેરે) સાથે જોડાયેલા ઊંચા ખર્ચને સરભર કરવા માટે ઘડાઈ હતી. મંત્રાલયે જાહેર કરેલી સુધારેલી ફોર્મ્યુલા મુજબ ટોલ ટેક્સમાં ૫૦ ટકા સુધી વાહનચાલકોને રાહત થશે. કેન્દ્રીય મંત્રાલયના ૨જી જુલાઈ ૨૦૨૫ના જાહેરનામાં મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગના વપરાશ માટે ફીનો દર, જેમાં માળખું અથવા માળખાઓનો સમાવેશ થાય છે, તેની ગણતરી રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની લંબાઈમાં માળખું અથવા માળખાઓની લંબાઈના દસ ગણા ઉમેરીને કરાશે, જેમાં માળખું કે માળખાઓની લંબાઈને બાદ કરતાં, અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પાંચ ગણા ઉમેરીને, જે ઓછું હોય તે મુજબ ફીનો દર રહેશે. હાઈવે પરના સ્ટ્રક્ચરમાં સ્વતંત્ર પુલ, ટનલ કે ફ્લાયઓવર તથા એલિવેટેડ હાઈવેનો સમાવેશ થશે. મંત્રાલયે નવા ટોલની ગણતરીનું દ્રષ્ટાંત આપતા જણાવ્યું હતું કે, ફક્ત સ્ટ્રક્ચર સાથેના રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગની કુલ લંબાઈ ૪૦ કિલોમીટર છે, તો તેની મિનિમમ લંબાઈ ૫૦ ટ ૪૦ (સ્ટ્રક્ચરની લંબાઈના ૫૦ ગણા) = ૪૦૦ કિ.મી. અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પાંચ ગણા = ૫ ટ ૪૦ = ૨૦૦ કિ.મી. ટોલ ફીની ગણતરી ઓછી લંબાઈ પર અર્થાત ૨૦૦ કિ.મી. મુજબ કરાશે નહીં કે ૪૦૦ કિ.મી. ઉપર.

### ઈમારત ૫૯૭૪માં બનાવવામાં આવી હતી

# પાકિસ્તાનના કરાંચીમાં પાંચ માળની ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશાયી

### સિંધના મુખ્યમંત્રી મુરાદ અલી શાહે અધિકારીઓને બચાવ કામગીરી ઝડપી બનાવવા આદેશ આપ્યો છે

। (એજન્સી) કરાચી, તા.૫ ।

પાકિસ્તાનના કરાચીમાં લ્યારીના બગદાદી વિસ્તારમાં ફિદા હુસૈન શેખા રોડ સ્થિત પાંચ માળની ઈમારત ધરાશાયી થઈ હતી. જેમાં સાતના મોત અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હજુ ઈમારતના કાટમાળ નીચે ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે.કરાચીના મેયર મુર્તઝા વહાબ સિદ્દીકીએ 'એક્સ' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'લ્યારીના બગદાદીમાં પાંચ માળની ઈમારત ધરાશાયી થઈ છે. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. સાત મૃતદેહો મળી આવ્યા છે.' વર્ષ ૫૯૭૪માં બનેલી પાંચ માળની ઈમારત કરાચીના જૂના વિસ્તારોમાં જર્જરિત ઈમારતોની યાદીમાં હતી. લ્યારી કરાચીના સૌથી ગીચ, નીચાણવાળા અને ઓછી આવક ધરાવતા વિસ્તારોમાંનો એક છે.ઈમારતનો કાટમાળ દૂર કરવા માટે ઘણી મશીનો બોલાવવી પડી હતી. પરંતુ બચાવ કામગીરી દરમિયાન ૩ મહિનાની બાળકી જીવતી મળી હતી.બચાવકર્તાઓના જણાવ્યાનુસાર, ૨૫ લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા હોઈ શકે છે. સિંધના મુખ્યમંત્રી મુરાદ અલી શાહે અધિકારીઓને બચાવ કામગીરી ઝડપી બનાવવા આદેશ આપ્યો છે. તેમણે સિંધ બિલ્ડીંગ કંટ્રોલ ઓથોરિટીને અહેવાલ રજૂ કરવા અને શહેરમાં તમામ ખતરનાક બાંધકામોની તપાસ કરવા આદેશ આપ્યો છે.

### 3 બાળકોના મોતથી તંત્રમાં દોડધામ

# પંચમહાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસનો કહેર

### રોગના લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, ઉલટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજનો સોજો જોવા મળે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પંચમહાલ જિલ્લામાં રેત માખીઓથી ફેલાતો શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસ ફરી સક્રિય થતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. ૭ દિવસમાં ચાર કેસ નોંધાયા હતા, જેમાંથી ત્રણ બાળકોના મોત થયા હતા.જો કે આ ત્રણેય દર્દીમાં ચાંદીપુરા વાઈરસના કોઈ લક્ષણ દેખાયા ન હતા, પરંતુ તાવ સાથે ખેંચના કારણે મૃત્યુ નીપજ્યાં છે. આ તમામ દર્દીઓને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી ગોધરા તાલુકાના ડોકવા ગામનું એક બાળક તાવ સાથે ખેંચની બીમારીની સારવાર હેઠળ છે. આ બાળકનું સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલાયું છે. સ્થિતિની ગંભીરતા જોતા, પુડુચેરીની એક હેલ્થ ટીમ અને પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની ટીમ પંચમહાલ આવી પહોંચી છે. રાજ્યના આરોગ્ય વિભાગની ટીમ સાથે આ ટીમો વાઈરસના ફેલાવા, તેના કારણો અને તેને નિયંત્રિત કરવા માટેના પગલાં અંગે તપાસ કરી રહી છે. ટીમો દ્વારા સેમ્પલો લેવાઈ રહ્યા છે. ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે.તેના લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, ઉલટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજનો સોજો જોવા મળે છે. આ વાઈરસ મચ્છર કરડવાથી ફેલાય છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન તેનો પ્રકોપ વધવાની શક્યતા રહે છે.

## ટીમ ઈન્ડિયાના આગામી બાંગ્લાદેશ પ્રવાસ સામે પ્રશ્નાર્થ



। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ભારત આ વર્ષે મર્યાદિત ઓવરોની શ્રેણી માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું છે, પરંતુ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય મતભેદોને કારણે આ પ્રવાસ પર સંકટના વાદળ છવાયા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના એક સૂત્રએ જણાવ્યું હતું કે, દેખીતી રીતે BCCI બાંગ્લાદેશમાં અશાંતિ પછી સુરક્ષા પરિસ્થિતિ અંગે ચિંતિત છે. આ કારણથી ભારતીય ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવી શકે છે.ભારત ૫૭થી ૩૫ ઓગસ્ટ દરમિયાન ચિત્તાગોંગ અને ઢાકામાં ત્રણ T20 અને ત્રણ ODI રમવાનું હતું. જોકે, શ્રેણી રદ કરવામાં આવી નથી પરંતુ ૨૦૨૬માં પછીની તારીખે યોજાશે, કારણ કે વર્લ્ડ કપ ક્વોલિફિકેશન માટે ODI ચેમ્પિયનશિપ પોઇન્ટ સામેલ છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ પણ સંકેત આપ્યો હતો કે સિરીઝ રદ કરવામાં આવશે નહીં પરંતુ પછીથી યોજાઈ શકે છે.જો ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવે છે, તો તે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ફેન્સ માટે આંચકો હોઈ શકે છે. વારોહિત અને કોહલી હવે ભારત માટે ફક્ત ODIમાં જ રમશે કારણ કે બંનેએ ટેસ્ટ અને T20 આંતરરાષ્ટ્રીય મેચોમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેમના ફેન્સ આશા રાખી રહ્યા છે કે તેઓ બાંગ્લાદેશ સામેની ODI શ્રેણીમાં રોહિત-કોહલીની જોડીને રમતા જોશે, પરંતુ જો ભારત આ પ્રવાસ પર નહીં જાય તો રોહિત-કોહલીને મેદાન પર જોવાની રાહ વધી જશે. વારોહિત અને કોહલી હવે ભારત માટે ફક્ત ODIમાં જ રમશે કારણ કે બંનેએ ટેસ્ટ અને T20 આંતરરાષ્ટ્રીય મેચોમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેમના ફેન્સ આશા રાખી રહ્યા છે કે તેઓ બાંગ્લાદેશ સામેની ODI શ્રેણીમાં રોહિત-કોહલીની જોડીને રમતા જોશે, પરંતુ જો ભારત આ પ્રવાસ પર નહીં જાય તો રોહિત-કોહલીને મેદાન પર જોવાની રાહ વધી જશે.

### અમેરિકા જિદ ન છોડે તો ભારત ડ્યુટી વધારતાં ખચકાશે નહીં

# 'વિન-વિન'ની સ્થિતિ હોય તો જ અમેરિકા સાથે ટ્રેડ ડીલ : ભારત

### હાલ બંને દેશનો વેપાર ૫૯૫ અબજ ડોલર છે અને ડીલના પગલે ૨૦30 સુધીમાં ૫૦૦ અબજ ડોલરે પહોંચવાની શક્યતા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ વોરની અસરથી ભારત પણ બાકાત રહ્યું નથી. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ ન થાય તો ભારત પર ટેરિફ વધારો લાગુ કરવાનું એલાન ટ્રમ્પે કર્યું છે. ટ્રમ્પે આપેલી મુદત પહેલા વચગાળાની ટ્રેડ ડીલને પાર પાડવા ભારત-યુએસના પ્રતિનિધિઓ દ્વારા કવાયત હાથ ધરાઈ છે. જો કે આ વાટાઘાટો દરમિયાન યુએસ પ્રતિનિધિઓ ડેડ લાઈનનો ભય બતાવી ભારત પર મનસ્વી શરતો લાગુ કરવા મથી રહ્યા હોય તેમ જણાય છે, જેના પગલે કેન્દ્રિય વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલ ખુલીને મેદાનમાં આવ્યા છે. ગોયલે ખોંખારીને કહી દીધું છે કે, યુએસ સાથે ટ્રેડ ડીલ કરવા ભારત ઉત્સુક છે, પરંતુ ડેડલાઈન જેવા કોઈ પણ દબાણને તાબે થવા તૈયાર નથી. યુએસ સાથે ટ્રેડ ડીલ સંદર્ભે ગોયલે કહ્યું હતું કે, દેશ હિત હંમેશા સર્વોપરી હોય છે અને તેને ધ્યાને રાખીને વિકસિત રાષ્ટ્રો સાથે ટ્રેડ ડીલ કરવા ભારત તત્પર હોય છે. ૯ જુલાઈની ડેડ લાઈન પહેલા બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલની શક્યતા અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, ડેડ લાઈન અથવા સમય મર્યાદાના આધારે ભારત ક્યારેય ટ્રેડ ડીલ સ્વીકારતું નથી. યોગ્ય રીતે ડીલ થાય અને દેશ હિતમાં તેને સંપૂર્ણ રીતે નક્કી કરવામાં આવે તો ભારત તેનો સ્વીકાર કરશે. ટ્રમ્પે ૯૦ દિવસની મુદત આપ્યા પછી બંને દેશના પ્રતિનિધિ મંડળોએ વચગાળાની ટ્રેડ ડીલ માટે સંખ્યાબંધ બેઠકો કરેલી છે. મંત્રણા યોગ્ય દિશામાં આગળ વધી રહી હોવાના સત્તાવાર દાવા થઈ રહ્યા છે, પરંતુ આ અંગે નક્કર વિગતો જાહેર થઈ નથી. હાલમાં ભારત આ મામલે ઉતાવળ કરવાના મૂડમાં નથી. ગોયલે કહ્યું હતું કે, મંત્રણા માટે વોશિંગ્ટન જવાનું તેમનું કોઈ આયોજન નથી.

# અમારામાં નહીં, ન્યાયમાં ભગવાનને નિહાળો : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટના એક વકીલે ટિપ્પણી કરતા કહ્યું કે- અમે જજમાં ભગવાનને જોઈએ છે, તેના જવાબમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, અમારામાં ભગવાન નહીં, ન્યાયમાં ભગવાનને જૂઓ. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ એમ સુંદરેશ અને કે વિનોદ ચંદ્રને ઉત્તર પ્રદેશનામાં એક મંદિરના કેસની સુનાવણી દરમિયાન ઉપરોક્ત વાત જણાવી હતી. આ કેસમાં પક્ષકાર વતી હાજર રહેનાર એક વકીલે અસીલ વાત સાંભળતા નહીં હોવાનું કારણ જણાવીને કેસમાંથી ડિસ્ચાર્જ આપવા કોર્ટને વિનંતી કરી હતી.વકીલે આટલેથી નહીં અટકતા વધુમાં જણાવ્યું હતું કે, અસીલે મને એક નોટિસ મળી છે જેમાં વકીલો દ્વારા જજો સાથે ફિક્સિંગ કરાતું હોવાનો દાવો કરાયો છે. આ અત્યંત તિરસ્કારજનક બાબત છે. વકીલે વધુમાં આક્રોશ ઠાલવતા કહ્યું કે, અમને કેસમાં કોઈ અપ્રમાણિકતા જણાય છે તો અમે કેસમાંથી ખસી જઈએ છીએ. અમારા જજ અમારી માટે ભગવાન છે. આ મામલે જસ્ટિસ સુંદરેશે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, અમારામાં ભગવાન નહીં.

### બોઈંગ એરક્રાફ્ટ પર ભલે સવાલ ઉઠતા રહ્યા હોય પરંતુ કંપનીનીને મળનારા ઓર્ડરમાં કોઈ જ કમી આવી નથી

# ૧૦ વર્ષમાં ૬૦૦૦ પ્લેન ક્રેશ અને ૯૦૦૦ લોકોના મોત, બોઈંગ એરક્રાફ્ટની સુરક્ષાને લઈને સવાલ ઉઠી રહ્યા છે

। (માહિતી) નવી દિલ્હી, તા.૫ ।

અમદાવાદની ભયાનક વિમાન દુર્ઘટના બાદ હવાઈ મુસાફરીની સલામતીને લઈને અનેક સવાલ ઉઠી રહ્યા છે. ઍર ઈન્ડિયા બોઈંગ વિમાન AI-171 અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઍર પોર્ટથી ઉડાન ભરી અને માત્ર ૫ મિનિટમાં જ ક્રેશ થઈ અગન ગોળો બની ગયુ. આ દુર્ઘટના બાદથી બોઈંગ વિમાન ફરી એકવાર સવાલોના ઘેરામાં છે. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદથી અનેક એવી ખબરો આવી છે કે જેમા વિમાનની ઈમરજન્સી લેન્ડીંગ કરાવવી પડી તો ક્યારેક ટેકનિકલ ખામીને કારણે ફ્લાઈટ કેન્સલ કરવી પડી.

વિશ્વભરમાં અનેક વિમાન દુર્ઘટનાઓ થઈ પરંતુ સૌથી વધુ આઘાતજનક એ છે કે છેલ્લા એક દાયકામાં થયેલી વિમાન દુર્ઘટનાઓમાંથી લગભગ અડધો અડધ પ્લેન દુર્ઘટના બોઈંગ ઍરક્રાફ્ટમાં થઈ. જો ફક્ત ભારતની વાત કરવામાં આવે તો છેલ્લા એક દાયકામાં બે મોટી વિમાન દુર્ઘટના થઈ અને બંને વિમાન બોઈંગના જ હતા. હવે સવાલ એ છે કે જે ઍરક્રાફ્ટ એક સમયે સૌથી વધુ ભરોસાપાત્ર હતા તો હવે સવાલોના ઘેરમાં છે ? કેમ બોઈંગ ઍરક્રાફ્ટની સુરક્ષાને લઈને સવાલ ઉઠી રહ્યા છે.

૧૬૧.૩૬ અબજ ડૉલરની નેટવર્થ ધરાવતી બોઈંગ કંપની દુર્ઘટનાઓને લઈને બદનામ થઈ ગઈ છે. અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર બોઈંગના ૧૦૮ વર્ષના ઈતિહાસમાં ૬૦૦૦ થી વધુ પ્લેન ક્રેશ થયા. આ દુર્ઘટનાઓમાં ૯૦૦૦થી વધુ લોકોના મોત થયા. બોઈંગ વિમાનોની ૪૫૦ થી વધુ દુર્ઘટના થઈ, જેમા બે દુર્ઘટના તો એવી છે કે જેમા ૫૮૩ લોકો મૃત્યુ પામ્યા હતા. બોઈંગ વિમાનોની સલામતી અને ટેકનિકલ ક્ષતિઓ પહેલા પણ સમાચારોની હેડલાઈન બની ચુકી છે. ક્યારેક ઍરલાઈનની બેટરીની ખામી સામે આવી તો ક્યારેક હવામાં વિમાનનો દરવાજો તૂટી જવો. વર્ષ ૨૦૧૩માં બોઈંગના ડ્રીમલાઈનરની બેટરની સમસ્યા આવી, બોઈંગના લિથિયમ ઓયન બેટરી ગરમ થવાથી જાપાનના બે વિમાનોમાં આગ લાગી ગઈ. જે બાદ બોઈંગના ડ્રીમલાઈનરને ત્રણ મહિના માટે ઉડાન ભરવા પર રોક લગાવી દેવાઈ હતી. વર્ષ ૨૦૧૩માં લંડનમાં રનવે પર ઊભેલા વિમાનમાં આગ લાગી ગઈ. જેનુ કારણ શોર્ટ સર્કિટ બતાવાયુ હતુ. વર્ષ ૨૦૨૧માં તપાસ દરમિયાન ડ્રીમ લાઈનના ૧૦૦ થી વધુ વિમાનોમાં ઈલેક્ટ્રીક સિસ્ટમમાં ખામી સામે આવી. જે બાદ તેને ગ્રાઉન્ડેડ કરી દેવાયા.

વર્ષ ૨૦૨૪ માં સિડનીના ઓકલેન્ડ જનારા બોઈંગ વિમાન અધવચ્ચે આકાશમાં જ હાલકડોલક થવા લાગ્યુ. એજ વર્ષે સાન ફ્રાન્સિસ્કો જનારા વિમાનની વિન્ડસ્કીન હવાથી ક્રેક થઈ ગઈ. વર્ષ ૨૦૨૪મા અલાસ્કા ઍરલાઈન્સની ઉડાન દરમિયાન બોઈંગ વિમાનનો એક દરવાજો તૂટી ગયો. આ દુર્ઘટના બાદ બોઈંગને ૧૬૦ મિલિયન ડૉલરનું નુકસાન આપવુ પડ્યુ હતુ. એટલુ જ નહીં બોઈંગ વિમાનોને લઈને ક્યારેક આગની ચેતવણી તો ક્યારેક વિન્ડસ્ક્રીનમાં તિરાડો અને ક્યારેલ લેન્ડીંગ ગિયર ફસાવા જેવી ફરિયાદો નોંધાઈ છે.

બોઈંગ વિમાનોની સુરક્ષાને લઈને અનેક સવાલ ઉઠ્યા છે, પરંતુ જેમણે પણ ખામીઓને બહાર લાવવાની કોશિષ કરી તેમની મૃત્યુ થઈ ગઈ. બોઈંગના એક એન્જિનિયક જોશુઆ ડીને ૭૩૭ મેક્સ વિમાનના મેન્યુફેક્ચરિંગ ખામીની વાત કરી હતી તેને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૪માં હોસ્પિટલમાં તેનુ મોત થઈ ગયુ. વર્ષ ૨૦૧૯માં બોઈંગની ક્વોલિટી કંટ્રોલ મેનેજર ડૉન બર્નેટે પણ બોઈંગ ૭૮૭ ડ્રીમ લાઈનર પર સવાલ ઉઠાવ્યો અને કંપની પર કેસ કરી દીધો પરંતુ વર્ષ ૨૦૨૪માં તેનુ પણ મૃત્યુ થઈ ગયુ. બોઈંગની માત્ર પેસેન્જર ફ્લાઈટ નહીં પરંતુ મિલિટ્રી ઍરક્રાફ્ટમાં પણ ખામીઓ જણાઈ છે. અનેકવાર સવાલ ઉઠ્યા છે પરંતુ છતા કંપનીને ઓર્ડર પર ઓર્ડર મળતા રહે છે. અમદાવાદમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનપ વિમાન મોડલ પ્રથમવાર દુર્ઘટનાનો ભોગ બન્યુ હતુ. પરંતુ બોઈંગના અન્ય વિમાનોની સાથે ૬૦૦૦ થી વધુ દુર્ઘટનાઓ થઈ ચુકી છે. અલગ અલગ દુર્ઘટનાઓમાં ૯૦૦૦ થી વધુ લોકોના જીવ ગયા છે. ઈન્ટરનેશનલ એવિએશનલ ઓર્ગેનાઈજેશન એટલે ક ICAO ના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૩ થી લઈને ૨૦૨૪ સુધીમાં વિશ્વભરમાં લગભગ ૫૬ વિમાન દુર્ઘટનાઓ થઈ છે. જેમા ૧૯ દુર્ઘટનાઓમાં બોઈંગના વિમાન હતા. માત્ર ભારતની વાત કરીએ તો છેલ્લા ૧૦ વર્ષમાં બે મોટી વિમાન દુર્ઘટનાઓ થઈ છે અને બંનેમાં બોઈંગના જ વિમાન સામેલ હતા. ઓગસ્ટ ૨૦૨૦માં કોઝિકોડમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ 737-8HG વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ અને વર્ષ ૨૦૨૫માં ૬ જૂન અમદાવાદમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈન ભયંકર રીતે ક્રેશ થઈ ગયુ. બોઈંગ ઍરક્રાફ્ટ પર ભલે સવાલ ઉઠતા રહ્યા હોય પરંતુ કંપનીને મળનારા ઓર્ડરમાં કોઈ જ કમી આવી નથી. વર્ષ ૨૦૨૫માં તો કંપની માટે સૌથી સારુ રહ્યુ છે. આ વર્ષે કંપનીને ૫૧૨ બોઈંગ વિમાનના ઓર્ડર મળ્યા છે. જે તેની પ્રતિદ્વંદી કંપની ઍરબસની સરખામણીએ બેગણા વધુ છે. જો માત્ર ભારતની વાત કરીએ તો ઍર ઈન્ડિયા પાસે બોઈંગના ૧૩૨ ઍરક્રાફ્ટ છે, ઈન્ડિગો પાસે ૦૭, અકાસા પાસે ૩૦ અને સ્પાઈસ જેટ પાસે ૨૯ બોઈંગ પ્લેન છે. બોઈંગ અમેરિકી એવિએશન કંપની છે. વર્ષ ૧૯૧૬ માં સ્થાપિત બોઈંગ દુનિયાની પ્રમુખ વાણિજ્યિક વિમાન નિર્માતા કંપની છે. કંપનીના વિમાન ૧૫૦થી વધુ દેશોમાં ઉડાન ભરે છે.

### ટ્રાન્ઝેક્શન કરાવ્યા બાદ આરોપી પેમેન્ટ આપવાના સમયે ફરાર

# જૂનાગઢમાં આંગડિયા પેઢી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી

। (એજન્સી) જૂનાગઢ, તા.૫ ।

જિલ્લાના કેશોદમાં આંબાવાડી વિસ્તારમાં આવેલ એક આંગડિયા પેઢી સાથે છેતરપિંડી થયા હોવાની ઘટના સામે આવતા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. એ જ આર આંગડિયા પેઢીના સંચાલક સમીરભાઈ પોપટે દેવભૂમિ દ્વારકાના વેજાણંદભાઈ ચેતરીયાના કહેવાથી ૩૭.૮૩ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. પરંતુ આરોપી વેજાણંદ ચેતરીયા દ્વારા ટ્રાન્ઝેક્શન કરવામાં ન આવતા ૩૭.૮૩ લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેથી આ બનાવને ધ્યાનમાં રાખીને પોલીસે આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કેશોદની આંગડિયા પેઢી સાથે છેતરપિંડી કરનાર આરોપી કૃષ્ણા ટ્રેડર્સના નામે વેપાર કરે છે તે ગત ૨ જૂનના રોજ આંગડિયા પેઢીમાં આવી વેપાર માટે માલ મોકલાવવાનું કહ્યું હતું. વોટ્સએપ મેસેજથી પેઢીના પાર્ટનર જીગ્નેશભાઈ વ્યાસ દ્વારા ચાર જગ્યાએ ટ્રાન્ઝેક્શન કરાવ્યાં હતા.

આંગડિયા પેઢીએ ખંભાળિયામાં વિજયભાઈને ૧૫.૨૦ લાખ, જૂનાગઢ યાર્ડમાં ત્રિકમભાઈને ૧ લાખ, લાંબા ગામમાં મહુલભાઈને ૭.૫૦ લાખ અને ભાટિયામાં રામભાઈને ૧૨.૩૦ લાખ મોકલ્યા હતા. સાથે જ અગાઉના બાકી ૧,૬૦,૨૦૦ અને ૩,૬૨૦ રૂપિયાના ચાર્જ સાથે કુલ ૩૭.૮૩ લાખની રકમ બાકી હતી. અવારનવાર આરોપી પાસેથી ફરિયાદી દ્વારા પૈસા બાબતે માંગણી કરવામાં આવી હતી. જોકે આરોપી રૂપિયા ચૂકવતો ન હતો અને બાદમાં તેનો સંપર્ક પણ ન થતા તેમને છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો.

ઉલ્લેખનીય છે કે, આમ આંગડિયા પેઢી સાથે પણ હવે છેતરપિંડીની ઘટના સામે આવતા આંગડિયા પેઢીના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે જ્યારે સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધીને આરોપીની શોધખોળ હાથ ધરી છે. જોકે આ છેતરપિંડીની ઘટનાને કારણે આંગડિયા પેઢીના સંચાલકો હવે સાવચેત જોવા મળી રહ્યા છે. સાથે જ તેઓમાં એક ડરનો માહોલ પણ ફેલાયેલો છે.

### મહીસાગર તાલુકાના લુણાવાડા નગરપાલિકામાં ભાજપનું શાસન છે

# લુણાવાડા નગરપાલિકા પર કોંગ્રેસનો હલ્લાબોલ

। (એજન્સી) મહીસાગર,તા.૫ ।

મહીસાગર તાલુકાના લુણાવાડા નગરપાલિકામાં ભાજપનું શાસન છે. ત્યારે વિકાસના કામોની રજૂઆત કરવા ગયેલા કોંગ્રેસના કાર્યકરો અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં માહોલ ગરમાયો હતો. રજૂઆત કરવા આવેલા કોગ્રેસના કોર્પોરેટરો અને જિલ્લા પ્રમુખોની વાત સાંભળવામાં ન આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બોલાચાલી દરમિયાન તંગદીલી સર્જાતા પોલીસની ટીમ પાલિકાની ઓફિસે પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વિકાસના કામો સારી ન થતાં હોવાથી કોંગ્રેસ કાર્યકર્તાઓ લુણાવાડા નગરમાં પાલિકામાં રજૂઆત કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ કોંગ્રેસના કોર્પોરેટરો અને જિલ્લા પ્રમુખો સાથે ચીફ ઓફિસરની ચેમ્બરમાં ઘૂસી ગયા હતા અને ધારાસભ્ય અને ચીફ ઓફિસર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ભાજપના સમર્થકો પણ લુણાવાડા નગર પાલિકાએ પહોંચ્યા હતા અને પાલિકા બહાર ભાજપ કોર્પોરેટર દ્વારા કોંગ્રેસ હાય હાય ના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો અને જય શ્રી રામના નારા લગાવ્યા હતા. ત્યારે આ દરમિયાન ભાજપ પ્રમુખ કીર્તિ પટેલ તેમજ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ હર્ષદ પટેલ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો. ભાજપ-કોંગ્રેસના કાર્યકર્તાઓ આમને-સામને આવી જતાં પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ જોડે ટેલિફોનિક વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે ચીફ ઓફિસરને નગરપાલિકા સાથે વિકાસના કામો બાબતે વાતચીત કરવા ગયા હતા અને વિકાસના કામો સારી રીતે થાય અને કોર્પોરેટરોનું પણ સાંભળવામાં આવે તે અંગે રજૂઆત કરવા ગયા હતા. પરંતુ તે સમયે ભાજપના લોકોએ વિરોધ નોંધાવતાં મામલો ગરમાયો હતો.

## શિક્ષકો શાળાના ગેટ પર તાળા મારી જતા રહેતા ચાર વિદ્યાર્થીઓ ગ્રાઉન્ડમાં એક કલાક સુધી ફસાયા

। (એજન્સી) અમરેલી,તા.૫ ।

નવી શિક્ષણ નીતિ હેઠળ ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં શનિવારથી (પાંચમી જુલાઈ) બેગલેસ ડે શરૂઆત કરાઈ છે. દર શનિવારે વિદ્યાર્થીઓએ બેગ વગર શાળામાં આવવાનું રહેશે. આ દરમિયાન અમરેલી જિલ્લાની ખાંભા પે.સેન્ટર કુમાર શાળામાં શિક્ષકોની ઘોર બેદરકારી સામે આવી છે. જ્યાં શિક્ષકો શાળાના ગેટ પર તાળા મારી જતા રહેતા ચાર વિદ્યાર્થીઓ ગ્રાઉન્ડમાં એક કલાક સુધી ફસાયા હતા. મળતી માહિતી અનુસાર,ખાંભા પે.સેન્ટર કુમાર શાળાના શિક્ષકોની ઘોર બેદરકારી સામે આવી છે. શિક્ષકોએ શાળાના ગેટ પર તાળા મારી જતા રહેતા ચાર વિદ્યાર્થીઓ ફસાયા હતા. આ બાળકો શાળામાંથી શનિવાર હોવાથી ૧૧ વાગે છૂટવા છતાં ઘરે ન આવતા વાલીઓ શાળાએ પહોંચ્યા હતા. ત્યાં જઈને જોયું તો વિદ્યાર્થીઓ એક કલાકથી વધારે સમયથી ભૂખ્યા-તરસ્યા શાળાના ગ્રાઉન્ડમાં હતા. જો કે, વાલીઓએ જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરાતા શાળાના તાળા ખોલીને વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પાંચમી જુલાઈથી હજારો વિદ્યાર્થીઓ સ્કૂલમાં બેગ વગર જોવા મળ્યા હતા.

## વ્યાયામ શિક્ષકોની ભરતી માટે બનાવાઈ કમિટી

। (એજન્સી) ગાંધીનગર,તા.૫ ।

ગુજરાતમાં છેલ્લાં ઘણાં સમયથી વ્યાયામ શિક્ષકો ભરતીને લઈને આંદોલન કરી રહ્યા હતા. ત્યારે હવે આ વ્યાયામ શિક્ષકોને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભરતી, લાયકાત અને વયમર્યાદા અંગે એક કમિટીની રચના કરવામાં આવી છે. જણાવી દઈએ કે, ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોના ૩૫ દિવસના આંદોલનના સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કમિટી બનાવવાનું આશ્વાસન આપ્યું હતું. ત્યારે હવે કમિટીની રચના અંગે શૈક્ષણિક મહાસંઘની પ્રતિક્રિયા સામે આવી છે. ભીખાભાઈ પટેલે જણાવ્યું કે, વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે. તમામ શાળાઓને વ્યાયામ શિક્ષકો મળે. મુખ્યમંત્રીના આશ્વાસન બાદ હવે વ્યાયામ શિક્ષકોની ભરતી માટે પ્રાથમિક શિક્ષણના અગ્ર સચિવની અધ્યક્ષતામાં ૧૦ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. નોંધનીય છે કે, સરકારના શિક્ષણ વિભાગની ખેલ સહાયક યોજનામાં દરેક નિયમોમાં વિસંગતતા હોવાના કારણે તેને રદ કરવાની અને વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવાની મુખ્ય માંગણી લાંબા સમયથી કરવામાં આવી રહી છે. ત્યારે ધોરણ ૧થી ૮ના પ્રાથમિક વિભાગમાં તો વ્યાયામ શિક્ષક હોવા એ અનિવાર્ય હોવા છતાં સરકાર દ્વારા ભરતી ન કરાતી હોવાના આક્ષેપ શિક્ષકોના સંગઠન દ્વારા કરવામાં આવ્યા હતા.

### પુત્રનું પણ આ રીતે જ થયું હતું મર્ડર

# જાણીતા ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની ૬ સેકન્ડમાં જ હત્યા

### બિહારના મોટા વેપારી અને ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની પટનામાં તેના જ એપાર્ટમેન્ટની સામે હત્યા કરી દેવાઈ

। પટણા, તા.૫ ।

બિહારના મોટા વેપારી અને ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની પટનામાં તેના જ એપાર્ટમેન્ટની સામે હત્યા કરી દેવાતા ખળભળાટ મચ્યો છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. વીડિયોમાં એક શૂટર એપાર્ટમેન્ટના ગેટની બહાર તેના આવવાની રાહ જોતો જોવા મળી રહ્યો છે. હેલ્મેટ પહેરેલો હત્યારો રાત્રે ૧૧:૩૮ વાગ્યે ખેમકાને ૬ સેકન્ડમાં ગોળી માર્યા બાદ એક સ્કૂટીથી ફરાર થઈ ગયો. ખેમકાની કારની પાછળ પણ એક કાર છે, પરંતુ તે કારમાં બેઠેલા લોકો હજુ કંઈ સમજી શકે ત્યાં સુધીમાં હત્યારો નાસી ગયો હતો. વીડિયોમાં ગેટ ખોલવા આવતો ગાર્ડ પણ જોવા મળી રહ્યો છે. ખેમકાની કાર ગેટ પાસે પહોંચવાના લગભગ ૨૦ સેકન્ડ બાદ ગાર્ડ આવતો નજરે પડી રહ્યો છે. ગોળી વાગ્યા બાદ ગોપાલ ખેમકાને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.





આ હત્યા કેસમાં પોલીસને શંકા છે કે હત્યાનું ષડયંત્ર બેઉર જેલમાં રચાયું હતું, એટલા માટે પટના પોલીસની કેટલીક ટીમે હાલ જેલમાં તપાસ માટે પહોંચી છે. ગોપાલ ખેમકાના ભાઈ શંકર ખેમકાએ જણાવ્યું કે, 'ગોપાલ બાંકીપુર ક્લબના ડાયરેક્ટર હતા અને રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા. ગોપાલ નિયમિત રીતે ક્લબ જતા હતા. ઝઘડો કે વિવાદ ન હતો. દુશ્મની જેવી કોઈ વાત હોત તો ભાઈ રાત્રે આ રીતે પરત ન ફરે. પોલીસ તપાસ કરે અને જણાવે કે ગોપાલની હત્યા કોણે કરી અને શા માટે કરી. માહિતી મળ્યા બાગ ગાંધી મેદાન પોલીસ રાત્રે ૧:૩૦ વાગ્યે, ટાઉન ડીસીપી એસપી પોણા ૨ વાગ્યે અને સીટી એસપી ૨:૩૦ વાગ્યે પહોંચ્યા હતા.' ગોપાલ ખેમકા હત્યાકાંડને લઈને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'મુખ્યમંત્રી નીતિશ કુમારે આ મુદ્દે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે કાયદો વ્યવસ્થા હાથમાં લેનારાઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ આરોપીઓને ઘરમાં ઘુસીને મારશે. જે અધિકારીઓની બેદરકારીથી આવી ઘટના બની છે, તેમને પણ છોડવામાં નહીં આવે. આગામી ૨૪ કલાકમાં સંબંધિત પદાધિકારીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરાશે. આ હત્યાકાંડની તપાસ માટે જીૈંની રચના કરી દેવાઈ છે અને ટીમને કડક કાર્યવાહીના નિર્દેશ અપાયા છે.' ગોપાલ ખેમકાના દીકરા ગુંજન ખેમકાની પણ વર્ષ ૨૦૧૮માં હાજીપુરમાં તેમની ફેક્ટરીના ગેટ પર આ રીતે જ હત્યા થઈ હતી, જ્યારે પહેલેથી રાહ જોઈ રહેલા હત્યારાઓએ ગુંજનને ગોળીઓથી હત્યા નીપજાવી હતી. ગોપાલ ખેમકાના દીકરાની હત્યા બાદ થોડા સમય માટે પોલીસ સુરક્ષા મળી હતી પરંતુ બાદમાં હટાવી લેવાઈ. ગોપાલ ખેમકા ભાજપથી જોડાયેલા હતા અને તેમની હત્યા બાદ વિપક્ષી નેતાઓએ નીતિશ સરકારની કાયદો-વ્યવસ્થાના દાવા પર પ્રહાર કર્યા છે. તેજસ્વી યાદવે કહ્યું કે, બિહારમાં દર મહિને મોટી સંખ્યામાં હત્યાઓ થઈ રહી છે પરંતુ આ જંગલરાજ ક્યાં જશે.

### પૈસાની જરૂર પડી તો ઘરે જ છાપવાનું ચાલુ કર્યું

# પોરબંદરનો પત્રકાર ૧૭ નકલી નોટ સાથે રાજકોટથી ઝડપાયો

### તેની પાસેથી રૂ.૧૦૦ના દરની ૧૭ જાલીનોટ પણ મળી આવી હતી જેથી તેની વધુ પૂછપરછ કરતાં આખો ભાંડો ફૂટ્યો હતો

। (એજન્સી) રાજકોટ,તા.૫ ।

રાજકોટઃ શહેરમાંથી જાલીનોટ સાથે પોરબંદરનો પત્રકાર ઝડપાયો છે. આ પત્રકાર પોતાના ઘરમાં જ છેલ્લા દોઢ માસથી કલર પ્રિન્ટરની મદદથી નકલી નોટો છાપતો હતો. ખાસ કરીને તે પોતાની જરૂરિયાત મુજબ, ૧૦૦-૧૦૦ની નકલી નોટો છાપી તેને પોરબંદરમાં દૈનિક ખર્ચમાં વાપરતો હતો. પરંતુ પોરબંદરમાં પકડાઈ જવાના ડરથી તે નકલી નોટો વટાવવાના ઈરાદેથી રાજકોટમાં આવ્યો હતો, જોકે તે આ નકલી નોટો વાપરે તે પહેલા જ ઝડપાઈ ગયો છે અને તેના પાસેથી આવી ૧૭ નકલી નોટો પણ મળી આવી છે. આ મામલે વધુ તપાસ હાલ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ શહેર જીંર સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન શહેરના ગાંધી મ્યુઝિયમમાં આવેલ રેસ્ટોરન્ટ પાસેથી પોરબંદરનો પત્રકાર હિતેષ કનુભાઈ દાવડા ઝડપાયો હતો. તેની પાસેથી રૂ.૧૦૦ના દરની ૧૭ જાલીનોટ પણ મળી આવી હતી. જેથી તેની વધુ પૂછપરછ કરતાં આખો ભાંડો ફૂટ્યો હતો.

શરૂઆતમાં તો પત્રકાર હિતેષ દાવડા માત્રાર એક જ રટણ કકરતો કે, તે રાણાવાવના એક શખસ પાસેથી ૫૦ ટકાના કમિશનથી આ જાલી નોટો લઈ આવ્યો છે. આ સિવાય તે બીજુ કાઈ બોલતો જ નહતો. પરંતુ કડકાઈથી પૂછપરછ કરતા આખી હકીકત સામે આવી હતી અને આખા કાંડ પરથી પદડો ઉચકાયો હતો. પોલીસે પ્રાથમિક તપાસને આધારે આરોપી પત્રકાર હિતેષ દાવડાને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં કોર્ટે તેના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરતા પોલીસ આકરી ઢબે પૂછપરછ કરી હતી. ત્યારે આરોપી પત્રકારે કબૂલ્યું હતું કે, આ રૂ.૧૦૦ના દરની જાલી નોટો તેને પોતે પોતાના ઘરમાં જ છાપી છે.

# ડાંગ જિલ્લામાં વરસાદના પગલે પૂર્ણા, અંબિકા સહિતની નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું

। ડાંગ,તા.૫ ।

હાલ રાજ્યમાં પૂરજોશમાં ચોમાસું જામ્યું છે. ત્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેરના પગલે નદી-નાળા છલકાયા છે. ચોમાસા દરમિયાન દક્ષિણ ગુજરાતમાં કેરળ જેવી હરિયાળી છવાઈ જતાં કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. તો બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદના પગલે અંબિકા, પૂર્ણા, મીંઢોળા, ઓલન, અને ઝાખરી નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તાપી જિલ્લામાંથી પસાર થતી પૂર્ણા, અંબિકા, ખાપરી સહિતની નદીઓ ભયજનક સપાટી વટાવી બે કાંઠે વહી રહી છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું શરૂ થયું છે. ડાંગ જિલ્લામાં સતત પડી રહેલા વરસાદના લીધે નદી, નાળા, ઝરણાં અને ડેમ છલકાયા છે. ઘણી જગ્યા તબાહીના દ્રશ્યો પણ સામે આવ્યા છે. ડાંગની જિલ્લામાં આવેલો ગીરાધોધ પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે. ત્યારે ભારે વરસાદના લીધે હાલમાં ગીરાધોધ પાસે જવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે.



વરસાદની સતત વધતી તીવ્રતાને જોતા જિલ્લા વહીવટી તંત્ર સતર્ક થઈ ગયું છે. જિલ્લા કલેક્ટર દ્વારા સંબંધિત વિભાગોને એલર્ટ રહેવા અને કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ રહેવાના આદેશ આપ્યા છે. ખાસ કરીને નદી કિનારે આવેલા ગામો અને નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અને નદી કિનારે ન જવા અપીલ કરવામાં આવી છે.

સ્થાનિક હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. દ્ગઢઈહ્વ અને જીઢઈહ્વની ટીમોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે, જેથી કોઈ પણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક મદદ પૂરી પાડી શકાય.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરતના પલસાણામાં ૩.૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

## અમદાવાદમાં ૧૪માં માળેથી કુદી યુવતીએ આપઘાત કર્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

અમદાવાદમાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ચાંદખેડા વિસ્તારમાં એક રહેણાંક ઈમારતના ૧૪મા માળેથી યુવતીએ ઝંપલાવીને આપઘાત કરી લીધો છે. તેને હાર્દિક રબારી અને મોહિત નામના બે યુવકોએ ન્યૂડ વીડિયો બનાવીને હેરાનગતિ કરી હોવાનો મામલો સામે આવ્યો છે. માહિતી અનુસાર યુવતી મોહિત ઉર્ફે મિતરાજ મકવાણાના પ્રેમમાં હતી. આ દરમિયાન મોહિતે તેને જાળમાં ફસાવીને હાર્દિક રબારીની મદદથી ન્યૂડ વીડિયો બનાવી લીધો હતો. આ મામલે પોલીસ સ્ટેશને પણ પહોંચ્યો હતો જ્યાં સોલા પોલીસે વીડિયો ડિલીટ કરાવ્યો હતો. જોકે ત્યારબાદ પણ મોહિત તેને વારંવાર બ્લેકમેલ કરતો હતો અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપતો હતો. જેનાથી કંટાળી મુસ્કાને આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને યુવતીના મૃતદેહને કબજે લીધો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. એવો પણ દાવો કરાયો છે.

## સુરતના ધારાસભ્યના સ્માર્ટ બાંકડા રાજકોટના જસદણમાં પહોંચી ગયા

। (એજન્સી) સુરત,તા.૫ ।

સ્માર્ટ સિટી સુરતમાં એક નવો ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. સુરતના ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવેલા બાંકડાઓ છેક રાજકોટ પહોંચી ગયા છે. કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનસેરીયા અને બારડોલીના સાંસદ પ્રભુ વસાવાની ગ્રાન્ટના બાકડા જસદણ પહોંચી ગયા છે. સુરતમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલ સુહાગિયાએ કેટલાક ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કરી આ ચર્ચા જગાવી છે. વોર્ડ ૧૭ની ચૂંટણી લડેલા ભાજપના ઉમેદવાર ભરત વાળદોરીયાએ બાકડા પોતાના વતન જસદણના પીપળીયામાં મોકલાવ્યા છે. સાથે જ જસદણના ધારાસભ્ય બાંકડા ન આપતા હોવાની પણ કોમેન્ટ કરી છે. સુરતમાં કોર્પોરેટરે આપેલા બાંકડાનો દુરુપયોગ થતો હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે ત્યારે વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. કોર્પોરેટરે કહ્યું કે સુરતની જનતાના ટેક્સના પૈસાના બાંકડા આ રીતે બહાર જવા જોઈએ નહીં. એક જવાબદાર વ્યક્તિ તરીકે બાકળા મોકલનાર વ્યક્તિને આવું શોભતું નથી. પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન છે તો જસદણમાં પણ જનપ્રતિનિધિઓએ બાંકડા આપવા જોઈએ. સુરતના ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવેલા બાકડાઓ રાજકોટ પહોંચી ગયા હોવાના આક્ષેપ સાથે વિપક્ષી કોર્પોરેટરે બાંકડાના ફોટો વાયરલ કર્યા છે. વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભાજપમાંથી પાલિકાની ચૂંટણી લડી ચૂકેલા ઉમેદવાર બાંકડા ગામડે લઈ ગયા છે. જેના પગલે સુરતના સ્માર્ટ બાંકડા રાજકોટમાં કઈ રીતે પહોંચ્યા તે અંગે ચર્ચા જગાવી છે.

